શ્રીમદ્વલ્લભાચાર્યચરણ પ્રણીત
ષોડશગ્રન્થાન્તર્ગત અગિયારમો ગ્રન્થ

ભક્તિવર્ધિની

ગો.શ્રીગોકુલનાથજી કૃત વિવૃતિ તથા
ગો.શ્રીપુરુષોત્તમજી કૃત વિવૃતિ
તથા તેનો ગુજરાતીમાં ભાવાનુવાદ સહ

ભાવાનુવાદકર્તા :-

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી –
વડોદરા.

: પ્રકાશક :
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ- વડોદરા.
‘રાધાકૃષ્ણકુંજ’ બી-૪૧/૧, શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ, દિનેશ
મીલ પાછળ, વડોદરા - ૩૯૦૦૨૦ ફોન : (૦૨૬૫) ૨૩૨૬૮૯૭

॥ श्रीमद्वल्लभविट्ठलेशौ विजयेते ॥

ભક્તિવર્ધિનીનો સંક્ષિપ્ત પરિચય

લેખક : – ગો.શ્રીચન્દ્રગોપાલજી (વડોદરા)

ભકિતવર્ધિની ગ્રન્થની રચના શ્રીવલ્લભાચાર્યજીએ (ગો.વા.નાગરદાસ કા.બાંભણિયાના જણાવ્યા અનુસાર) વિ.સં.૧૫૫૨-માં કરી હતી. ચોર્યાસી વૈષ્ણવો પૈકી (મહેસાણા જીલ્લાના) ખેરાલૂ ગામના વતની શ્રીપુરુષોત્તમ જોશીને શ્રીવલ્લભાચાર્યજીએ આ ગ્રન્થ ભણાવ્યો હતો. આ ગ્રન્થમાં કુલ ૧૧ શ્લોકો છે.

ષોડશ ગ્રન્થો પૈકી સહુથી વધુ સંસ્કૃતમાં ટીકા સાહિત્ય આ ગ્રન્થ ઉપર ઉપલબ્ધ થાય છે, જે ટીકાઓ અત્યારસુધીમાં ઉપલબ્ધ થઈ છે તેની સંખ્યા કુલ ૧૪ છે (આ ગ્રન્થ પર કુલ ૧૪ સંસ્કૃત ટીકાઓ થઈ છે) જે ટીકાકારોનાં નામ આ મુજબ છે - (૧) તૃતીયલાલજી શ્રીબાલકૃષ્ણજી, (૨) ચતુર્થ લાલજી શ્રીગોકુળનાથજી, (૩) પંચમલાલજી શ્રીરઘુનાથજી, (૪) દ્વિતીયલાલજી શ્રીગોવિન્દરાયજીના જ્યેષ્ઠલાલજી-શ્રીગુસાંઈજીના જ્યેષ્ઠ પૌત્ર અને શ્રીહરિરાયજીના પિતૃચરણ શ્રીકલ્યાણરાયજી, (૫) શ્રીકલ્યાણરાયજીના લાલજી મહાનુભાવ શ્રીહરિરાયજી, (૬) શ્રીહરિરાયજીના નાનાભાઈ શ્રીગોપેશ્વરજી, (૭) શ્રીપીતાંબરજીના લાલજી દશદિગંતવિજયી લેખવાળા શ્રીપુરુષોત્તમજી, (૮) પંચમગૃહના શ્રીવિઠ્ઠલેશાત્મજ શ્રીવલ્લભજી જેમની ષોડશગ્રન્થો પૈકી કેટલાક ગ્રન્થો ઉપરાંત સુબોધિનીજી ઉપર લેખ નામની ટીકા છે. (૯) મઠપતિ શ્રીજયગોપાલજી ભટ્ટ (૧૦) દીક્ષિત શ્રીલાલુભટ્ટજી નામે પ્રસિદ્ધ ભટ્ટ શ્રીબાલકૃષ્ણજી કે જેઓ સમર્થ વિદ્વાન હતા અને શ્રીસુબોધિની ઉપર તથા શાસ્ત્રાર્થ પ્રકરણ નિબન્ધ ઉપર યોજના નામની ટીકા ઉપરાંત ષોડશ ગ્રન્થોમાં પણ કેટલાક ગ્રન્થો ઉપર ટીકા છે. તથા તેમનો

પ્રમેયરત્નાર્ણવ નામનો ગ્રન્થ સુપ્રસિદ્ધ છે. ઉપરના ટીકાકારો પૈકી શ્રીપુરુષોત્તમજી, શ્રીવલ્લભજી અને શ્રીલાલુભટ્ટજી ઘણું કરીને સમકાલીન હતા. (૧૧) કોઈક વિદ્વાન ગોસ્વામી આચાર્ય દ્વારા રચિત છે, નામ સ્પષ્ટ જાણવા મળતું નથી. (૧૨) શ્રીવલ્લભાત્મજ શ્રીબાલકૃષ્ણજી (૧૩) તથા (૧૪) મી ટીકા કોની છે તે જાણી શકાયું નથી. આ ઉપરાંત વર્તમાનમાં ગો.શ્રીશ્યામમનોહરજી દ્વારા લખાયેલ હિન્દીમાં લેખન 'ભક્તિવર્દ્ધિની-પરિચય' લેખન પણ ઘણું જ સુંદર અને સંશોધનપૂર્ણ છે. આ ઉપરાંત પણ ગુજરાતી-હિન્દી-વ્રજભાષામાં નાના-મોટા લેખનો છે જે હાલ મારા સ્મૃતિપટલ પર નથી.

આ રીતે આ ગ્રન્થ વિપુલ ટીકા-લેખ વગેરે સાહિત્યથી સમૃદ્ધ છે. એની આ સમૃદ્ધિ જ ગ્રન્થની ઉપયોગિતા અને ગરિમાને જાણાવે છે.

ભક્તિવર્ધિની એટલે વૃદ્ધિ થવાના-વધવાના સ્વભાવવાળી ભક્તિ. આવી ભક્તિ કેવી રીતે કયાં સાધનોથી વધે અને વૃદ્ધિ પામેલી ભક્તિ કોને કહેવી એનું પ્રતિપાદન આ ગ્રન્થમાં થયું છે. ભજવું-ભજન કરવું એટલે સેવન કરવું અને ભક્તિ એટલે પ્રેમપૂર્વક સેવન કરવું.

આનન્દમય-રસરૂપ પ્રભુનું મનમાં પ્રકટ થવું એ પ્રેમ છે તેથી પ્રેમ ભગવાનનું જ રૂપ છે. જેમ ઘરમાં બેઠા હોઈએ અને સવારે બારીમાંથી તડકો અંદર આવે તેથી નક્કી થાય છે કે સૂર્યનો ઉદય થયો છે, તેમ પ્રભુ માટેનો પ્રેમ જ્યારે બીજરૂપ જાગે ત્યારે નક્કી થાય છે કે મનમાં પ્રભુ પ્રકટ્યા છે. પ્રેમ એટલે પ્રિયભાવ એ રસરૂપ પ્રભુનો જ ધર્મ છે. આ પ્રભુ શ્રીકૃષ્ણ જ્યારે અતિશય કૃપા કરીને પોતાનું ભજન કરનારના મનમાં પ્રકટે છે ત્યારે જેમ ગોકુલમાં કૃષ્ણ જન્મ્યા અને યશોદાજી-ગોપીઓ વગેરેના લાલન-પાલનમાં ગોકુળમાં મોટા થયા, તેમ આપણા મનરૂપી ગોકુળિયામાં પ્રેમરૂપે પ્રકટેલા શ્રીકૃષ્ણ પ્રભુનું ભક્તિવર્ધિનીમાં જાણાવેલા ભક્તિ વૃદ્ધિનાં સાધનો વડે જ્યારે લાલન-પાલન

કરવામાં આવે છે ત્યારે પ્રેમરૂપ કૃષ્ણ પ્રભુ વૃદ્ધિંગત થઈને આનન્દના શિખર પર્યન્તનું સ્વરૂપ મનમાં ધારણ કરી લે છે.

પ્રભુના આજ પ્રેમ રૂપને શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુચરણ **'भावैरङ्कुरितम्'** એ એક પદ્યના ગ્રન્થમાં **'શ્રૃંગાર કલ્પદ્રુમ'** નામે આલેખે છે.

પોતાનામાં બીજ સ્વરૂપે ભક્તિ છે તે બીજની પ્રથમ દઢતા થાય તો જ તે અંકુરણથી લઈને વૃક્ષરૂપ થઈ પુષ્પો લાગે અને છેલ્લે ફળ લાગે. બીજની દઢતાને બે પ્રકારે વિચારવી જોઈએ એક તો બીજની ભૂમિગત સ્થિતિમાં તેની બહારના તરફ અંકુરિત થવા માટે પ્રકટ ઊર્જાવાળી સ્થિતિ અને બીજો પ્રકાર બહાર અંકુરણથી લઈને વૃક્ષરૂપ થઈ ફલ લાગતાં સુધીમાં વચલી એ સ્થિતિ - જેમાં એનાં મૂળિયાં અન્દર ઊંડાણમાં ઉતરી ગયાં હોય જેથી દરેક ઋતુમાં પણ એને અંદરથી પોષણ મળી રહે અને બહારના તરફની એટલી મજબૂતી હોય કે જેથી પશુ-પક્ષીઓ વગેરેથી એની મેળે એનું રક્ષણ થઈ રહે.

આ ભક્તિબીજને વૃદ્ધિ પામવામાં બે મુખ્ય અડચણો છે. જેને કારણે બીજ બીજરૂપમાં જ બન્યું રહે છે પણ તેથી આગળ તેનું અંકુરણ વગેરે વૃદ્ધિ પામેલું રૂપ પ્રકટ થઈ શકતું નથી. આ બે અડચણો છે એક તો સાંસારિકો કે સાંસારિક પદાર્થોમાં મનનો અનુરાગ હોવો અને બીજી અડચણ છે ઘર-ગૃહસ્થી કે તે સમ્બન્ધી લોકો અને વસ્તુઓમાં મનની આસક્તિ હોવી. આ બંને અડચણોને દૂર કરવા જ્ઞાનમાર્ગ-યોગમાર્ગ વગેરેમાં ભગીરથ પ્રયત્નો આચરવામાં આવે છે ત્યારે તે અડચણો દૂર થઈ શકે છે, પરંતુ શ્રીવલ્લભાચાર્યજી આ ગ્રન્થમાં જણાવે છે કે આના માટે આ માર્ગમાં સાધના કરી રહેલા સાધકે સ્વતંત્રરૂપે કોઈ અન્ય સાધનોનો આયામ કરવાની આવશ્યકતા નથી. ભક્તિબીજ જેમ-જેમ વૃદ્ધિને પામી પ્રેમ અને આસક્તિનું રૂપ લેતું જશે

તેનાથી બીજ પ્રેમરૂપ ધારણ કરતાં તેનાથી જ સંસાર તરફનો અનુરાગ નાશ થશે અને કૃષ્ણમાં અનુરાગ થશે તથા અનુરાગ એટલે કે કૃષ્ણમાં આસક્તિ વધવાથી તેનાથી જ ઘર ગૃહસ્થીમાંથી આસક્તિરૂપી અડચણ દૂર થશે. તેથી આ બે અડચણોને દૂર કરવા માટે સ્વતંત્ર આયામ કરી સમય બગાડવાની કોઈ જરૂર જ નથી.

આ બીજરૂપ ભક્તિની બીજરૂપથી આગળ સ્નેહ અને આસક્તિરૂપ બનવા તરફ વૃદ્ધિ થાય તે માટે બીજ જે આજે પ્રસુપ્ત ઊર્જાવાળું ક્રિયાશૂન્ય સ્થિતિમાં છે તેમાં ઊર્જા પ્રકટ થઈને બીજ ક્રિયાશીલ બને તે આવશ્યક છે. ત્યાર બાદ તો શક્તિવાળું ક્રિયાશીલ બીજ પોતે જ વધવાની ક્રિયા કરશે. બીજની આ ક્રિયાશીલતા માટે શ્રીવલ્લભાચાર્યજી બે ઉપાયો સૂચવે છે. પ્રતિદિન શ્રીકૃષ્ણની તનુ-વિત્તજા સેવા અને સાથે શ્રવણ-કીર્તન વગેરે નવ પ્રકારની ભક્તિ. આ બે ઉપાયોના પ્રતિદિનના આવર્તનથી ભક્તિબીજ ઊર્જાવાળું ક્રિયાશીલ બને છે.

સંસાર આજે મનમાં પણ છે અને ક્રિયામાં પણ છે તેથી કરીને ભક્તિના ભાવોને વિકસવાનો અવકાશ રહેતો નથી. તેમજ વર્ષોથી જામીને જામ થઈ ગયેલા સંસારના સંસ્કારોને એકદમ કાઢી નાંખવા પણ સરળ નથી અને જો એકદમ કાઢી નાંખવાનો પ્રયત્ન કરવામાં આવે તો તેવા પ્રયત્નોનો ઝટકો ખાઈ વિક્ષુબ્ધ બનેલું મન એથી એક એવી વિચિત્ર અને અનિચ્છનીય મનોદશા સર્જાઈ શકે છે કે જેમાં આગળ કોઈ સાધના જ શક્ય ન બને. અથવા તો તેવા ઝટકાથી સંવેદના ગુમાવેલું મન ભક્તિની સાધનામાં અનુપયુક્ત બની શકે છે. કારણ કે સ્નેહ મનમાં પ્રકટે છે અને તે પણ સંવેદનશીલ મનમાં જ પ્રકટી શકે છે અને તેવા મનમાં જ વધી શકે છે. તેથી ભક્તિ સાધનાના આરંભે મન સાથે બહુ છેડછાડ ન કરતાં શરીર અને ઈન્દ્રિયોથી સંસાર અર્થેના કાર્યોને એકદમ ઓછાં કરી નાંખવામાં આવે તો અને જે થોડાં ઘણાં બાકી રહેલાં

સંસારનાં કાર્યો છે તેમાં પણ પોતાનો વિશેષ પ્રયત્ન અટકાવી એને પણ પ્રભુ ઉપરના વિશ્વાસ સાથે જોડી દેવામાં આવે તો તનુ-વિત્તજા સેવા અને શ્રવણ વગેરે ભક્તિથી ખૂબ જ શીઘ્રતાથી મનુષ્ય ભક્તિની વૃદ્ધિની એક એ સ્થિતિ કે જેમાં ગમે તેવી પરિસ્થિતિમાં પણ વિપરીત પરિસ્થિતિમાં પણ નાશ થઈ શકે નહીં તેવું ભક્તિનું સ્વરૂપ જેને કૃષ્ણવ્યસન કહેવામાં આવે છે તેમાં સાધક પહોંચી શકે. તેથી આને માટે આ ગ્રન્થમાં શ્રીવલ્લભાચાર્યજી ઘરમાં રહીને પણ ઘર ગૃહસ્થીની ચિન્તા અને ઘર ગૃહસ્થી માટેના પ્રયત્નો બંને છોડવાનું અવ્યાવૃત્તિ શબ્દથી અવ્યાવૃત્તિ પક્ષને સૂચવે છે.

વ્યાવૃત્તિ એટલે સંસારમાં ઘણી આસક્તિ રાખી લૌકિક વ્યવહારના કાર્યો અને વૈદિક ધર્મોના કાર્યોનું વિશેષ પ્રકારે આવર્તન કરવું એ વ્યાવૃત્તિ અને ભગવાનની સેવા-શ્રવણ વગેરે કરવામાં જે બાધક હોય તેવા સર્વ લૌકિક-વૈદિકને ત્યાગી દઈ આવશ્યક-અનિવાર્ય લૌકિક-વૈદિકનું જ અને તે પણ તેમાં આસક્તિ વિના તેટલું જ કાર્યોનું આવર્તન-તેટલાં પૂરતાં જ કાર્યો કરવાં એ અવ્યાવૃત્તિ. અથવા, અવ્યાવૃત્તિ એટલે પોતાના વર્ણ અને આશ્રમના જે ધર્મો છે તેને યથાશક્તિ આચરણ કરતાં-તેને નહીં છોડતાં ભગવત્સેવા વગેરેમાં જોડાવું.

કૃષ્ણસેવા અને શ્રવણ વગેરે ભક્તિ ઔષધ સમાન છે અને અવ્યાવૃત્તિ એ પથ્ય એટલે કે ચરી પાળવા સમાન છે. ચરી પાળવાથી વિકારો વધુ પ્રવેશતા નથી તેથી ઔષધ સેવનથી જલદીથી સ્વાસ્થ્ય થાય છે, તેમ આ અવ્યાવૃત્તિ સહિત કૃષ્ણ ભજન કરવાથી ખૂબ જ શીઘ્રતાથી માનસી ભક્તિ અથવા ભક્તિની આગળ વધેલી કૃષ્ણમાં વ્યસન સ્થિતિ પ્રાપ્ત થાય છે. કૃષ્ણ સેવા અને શ્રવણાદિ ભક્તિનો ઉપાય કહેવાથી અહીં શ્રીમહાપ્રભુ સાધક વૈષ્ણવના ચિત્તનું કૃષ્ણ સાતત્ય જણાવી રહ્યા છે. એટલે કે દિવસ અને રાત સાધકનું ચિત્ત સતત કૃષ્ણ સાથે સમ્બન્ધવાળું રહેવું જોઈએ. મનરૂપી મહેલમાં બહારથી સંસારરૂપી કચરો પેસવાના મુખ્ય બે દરવાજા છે એક શરીર-ઇન્દ્રિયોથી થનારી ક્રિયા અને બીજું મુખથી બોલાતી વાણી. આ બે દરવાજાઓ બન્ધ થતાં પછી મનમાં બહારથી સંસાર પેસતો નથી અને મનમાં ભરાયેલો સંસાર એનો નિકાલ સ્નેહ - આસક્તિ વડે થઈ જાય છે. આ રીતે મન શુદ્ધ થતાં વૈષ્ણવ માનસી સુધી પહોંચી શકે છે. આને માટે પણ મન-બુદ્ધિમાં થોડું સંકલ્પનું બળ કેળવવું પડે છે. દઢ સંકલ્પથી બળવાળી બનેલી બુદ્ધિથી જ એમ નિશ્ચય થઈ શકે છે કે મારે વગર જરૂરનાં કાર્યો આજ પછી કરવાનાં નથી.

હવે જો કોઈ વ્યક્તિ દઢ સંકલ્પ કરી શકતો ન હોય અને બુદ્ધિના નિશ્ચયમાં નબળો પુરવાર થતો હોય છતાં પણ મનમાં માનસી પામવાની ઈચ્છાવાળો છે તો તેવા નબળા લોકો માટે શ્રીમહાપ્રભુ બીજો પક્ષ વ્યાવૃત્તિ સહિતનો સૂચવે છે.

મારા યોગ-ક્ષેમ ભગવાન જ આપશે એવો પૂર્ણ વિશ્વાસ ભગવાનમાં ન જ થતો હોય અને પોતાની ઘર-ગૃહસ્થી ચલાવવા કંઈક તો ઉદ્યમ કરવો જ જોઈ એવા વિચારો બુદ્ધિમાં પ્રબળતાથી ઊઠતા હોય ત્યારે પણ ત્રણ કલાક જેટલી કૃષ્ણ સેવાનો ક્રમ રાખીને વધુ કમાવા કે મેળવવાની ઈચ્છા-આસક્તિ રાખ્યા વિના જરૂર પૂરતી વ્યાવૃત્તિ કરીને પણ બાકીના સમયમાં શ્રવણ-કીર્તનમાં ચિત્ત અને સમય પરોવવા અથવા જીવનના વિપરીત સંયોગોમાં પોતે વર્ણાશ્રમધર્મનું આચરણ કરવામાં અસમર્થ હોય ત્યારે પણ જો ભગવત્સેવાનો (તનુ-વિત્તજાનો) ન જ નિર્વાહ થઈ શકતો હોય ત્યારે પણ શ્રીહરિમાં જ ચિત્ત પરોવી રાખી શ્રવણ-કીર્તનાદિ અર્થે પ્રયત્નશીલ રહેવું. આ પ્રકારથી પણ થોડા વિલમ્બે પણ માનસીમાં પ્રવેશી શકાય છે એમ વ્યાવૃત્તિ-પક્ષ સૂચવે છે.

આગળ વ્યસન દશા પ્રાપ્ત લોકોએ પૂર્ણ ઊર્જાવાળી-પૂર્ણ વધેલી ભક્તિને પામવા શું-શું કરવું, કેમ રહેવું વગેરે આ ગ્રન્થમાં જણાવવામાં આવ્યું છે. તે પૈકી મધ્યમાધિકારીએ વ્યસનસિદ્ધ થતાં ભગવદ્ ગુણ-લીલા વગેરેમાં

॥ श्रीमद्वल्लभविट्ठलेशौ विजयेते ॥

जगद्गुरु श्रीमद्वल्लभाचार्यचरण प्रादुर्भाविता भक्तिवर्द्धिनी

यथा भक्तिः प्रवृद्धा स्यात्तथोपायो निरूप्यते ।
बीजभावे दृढे तु स्यात्त्यागाच्छ्रवणकीर्तनात् ॥ १ ॥

बीजदार्ढ्यप्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः ।
अव्यावृत्तो भजेत्कृष्णं पूजया श्रवणादिभिः ॥ २ ॥

व्यावृत्तोपि हरौ चित्तं श्रवणादौ यतेत्सदा ।
ततः प्रेम तथासक्तिर्व्यसनं च यदा भवेत् ॥ ३ ॥

बीजं तदुच्यते शास्त्रे दृढं यन्नापि नश्यति ।
स्नेहाद्रागविनाशः स्यादासक्त्या स्याद्गृहारुचिः ॥ ४ ॥

गृहस्थानां बाधकत्वमनात्मत्वं च भासते ।
यदा स्याद् व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैव हि ॥ ५ ॥

तादृशस्यापि सततं गेहस्थानं विनाशकम् ।

त्यागं कृत्वा यतेद्यस्तु तदर्थार्थैकमानसः ॥ ६ ॥

लभते सुदृढां भक्तिं सर्वतोऽप्यधिकां पराम् ।
त्यागे बाधकभूयस्त्वं दुःसंसर्गात्तथान्नतः ॥ ७ ॥

अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः ।
अदूरे विप्रकर्षे वा यथा चित्तं न दुष्यति ॥ ८ ॥

सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत् ।
यावज्जीवं तस्य नाशो न क्वापीति मतिर्मम ॥ ९ ॥

बाधसम्भावनायां तु नैकान्ते वास इष्यते ।
हरिस्तु सर्वतो रक्षां करिष्यति न संशयः ॥ १० ॥

इत्येवं भगवच्छास्त्रं गूढतत्त्वं निरूपितम् ।
य एतत्समधीयीत तस्यापि स्याद्दृढा रतिः ॥ ११ ॥

इति श्रीमद्वल्लभाचार्यचरणप्रणीता भक्तिवर्द्धिनी सम्पूर्णा ॥

ભક્તિવર્ધિની

અન્વય-ભાવાર્થ

यथा भक्तिः प्रवृद्धा स्यात्तथोपायो निरूप्यते ।
बीजभावे दृढे तु स्यात्त्यागाच्छ्रवणकीर्तनात् ॥ १ ॥

અન્વય :- **यथा** જે પ્રકારે **भक्तिः** ભક્તિ **प्रवृद्धा** પ્રકર્ષે વૃદ્ધિને પામેલી **स्यात्** થાય **तथा** તે પ્રકારે **उपायः** ઉપાય (સાધન) **निरूप्यते** નિરૂપણ કરવામાં આવે છે **बीजभावे** બીજ ભાવ (બીજભાવરૂપમાં રહેલી ભક્તિ) **दृढे** દઢ થતાં (વ્યસનભાવરૂપમાં દઢતાને પામતાં) **तु** તો **त्यागात्** ત્યાગથી (ત્યાગપૂર્વક) **श्रवणकीर्तनात्** શ્રવણ-કીર્તનથી (શ્રવણ-કીર્તન કરવાથી) (ભક્તિ પ્રકૃષ્ટતાએ વિરહાવસ્થારૂપે વૃદ્ધિંગત) **स्यात्** થાય છે ॥ ૧ ॥

ભાવાર્થ – જે પ્રકારે ભક્તિ પ્રકર્ષે વૃદ્ધિને પામેલી થાય તે પ્રકારે ઉપાય (સાધન) નિરૂપણ કરવામાં આવે છે, બીજભાવ (બીજભાવ રૂપમાં રહેલી ભક્તિ) દઢ થતાં (વ્યસન ભાવરૂપમાં દઢતાને પામતાં) તો ત્યાગથી (ત્યાગપૂર્વક) શ્રવણ-કીર્તનથી (શ્રવણ-કીર્તન કરવાથી) (ભક્તિ પ્રકૃષ્ટતાએ વિરહાવસ્થારૂપે વૃદ્ધિંગત) થાય છે ॥ ૧ ॥

बीजदार्ढ्यप्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः ।
अव्यावृत्तो भजेत्कृष्णं पूजया श्रवणादिभिः ॥ २ ॥

અન્વય :- **बीजदार्ढ्यप्रकारः** – બીજની દઢતાનો પ્રકાર **तु** – તો **स्वधर्मतः** –સ્વધર્મપૂર્વક **गृहे** – ઘરમાં **स्थित्वा** – રહીને **अव्यावृत्तः**

(सन्) – અવ્યાવૃત્ત થઈ **पूजया**–પૂજા વડે (તથા) **श्रवणादिभिः** – શ્રવણ વગેરે વડે **कृष्णं** - કૃષ્ણને **भजेत्** - ભજવા ॥ ૨ ॥

ભાવાર્થ – બીજની દઢતાનો પ્રકાર તો સ્વધર્મપૂર્વક, ઘરમાં રહીને અવ્યાવૃત્ત થઈ પૂજા વડે (તથા) શ્રવણ વગેરે વડે કૃષ્ણને ભજવા ॥ ૨ ॥

व्यावृत्तोपि हरौ चित्तं श्रवणादौ यतेत्सदा ।
ततः प्रेम तथासक्तिर्व्यसनं च यदा भवेत् ॥ ३ ॥

અન્વય :- **व्यावृत्तः** – વ્યાવૃત્ત થયેલાએ **अपि** – પણ **हरौ**– હરિ-શ્રીકૃષ્ણમાં **चित्तं** – ચિત્તને (રાખીને) **श्रवणादौ** – શ્રવણ વગેરેમાં **सदा** – નિરન્તર **यतेत्** – યત્ન કરવો (કરતા રહેવો) **ततः**– તેથી **प्रेम** – પ્રેમ-સ્નેહ **तथा** – તેમજ (તે પછીથી) **आसक्तिः** – આસક્તિ **च** – અને (ત્યારપછીથી) **यदा** –જ્યારે **व्यसनं** – વ્યસન **भवेत्** – થાય છે ॥ ૩ ॥

ભાવાર્થ – વ્યાવૃત્ત થયેલાએ પણ હરિ-શ્રીકૃષ્ણમાં ચિત્તને (રાખીને) શ્રવણ વગેરેમાં નિરન્તર યત્ન કરવો (કરતા રહેવો), તેથી પ્રેમ-સ્નેહ તેમજ (તે પછીથી) આસક્તિ અને (ત્યારપછીથી) જ્યારે વ્યસન થાય છે (ત્યારે બીજભાવ દઢ થાય છે) ॥ ૩ ॥

बीजं तदुच्यते शास्त्रे दृढं यन्नापि नश्यति ।
स्नेहाद्रागविनाशः स्यादासक्त्या स्याद्गृहारुचिः ॥ ४ ॥

અન્વય :- **शास्त्रे** – શાસ્ત્રમાં **दृढं** – દઢ **बीजं** – બીજ **तत्** – તે **उच्यते** – કહેવાય છે **यत्** – જે **न अपि** – કયારેય પણ નહીં

नश्यति - નષ્ટ થાય **स्नेहात्** - સ્નેહથી **रागविनाशः** - રાગનો વિનાશ **स्यात्** - થાય છે **आसक्त्या** - આસક્તિ વડે **गृहारुचिः** - ઘરમાં અરુચિ **स्यात्** - થાય છે ॥ ૪ ॥

ભાવાર્થ – શાસ્ત્રમાં દઢ બીજ તે કહેવાય છે, જે ક્યારેય પણ નષ્ટ થાય નહીં, સ્નેહથી રાગનો વિનાશ થાય છે (અને) આસક્તિ વડે ઘરમાં અરુચિ થાય છે ॥ ૪ ॥

गृहस्थानां बाधकत्वमनात्मत्वं च भासते ।
यदा स्याद् व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैव हि ॥ ५ ॥

અન્વય :- **यदा** - જ્યારે **गृहस्थानां** - ઘરમાં રહેલાઓનું **बाधकत्वं** - બાધકપણું, **च** - અને **अनात्मत्वं** - અનાત્મપણું **भासते** - ભાસે છે (તેમજ) **कृष्णे** - કૃષ્ણમાં **व्यसनं**- વ્યસન (થાય છે) **तदा** - ત્યારે **एव** - જ **हि** - નિશ્ચયે **कृतार्थः** - કૃતાર્થ **स्यात्** - થાય છે (થયેલો કહેવાય છે) ॥ ૫ ॥

ભાવાર્થ – જ્યારે ઘરમાં રહેલાઓનું બાધકપણું અને અનાત્મપણું ભાસે છે (તેમજ) કૃષ્ણમાં વ્યસન (થાય છે), ત્યારે જ નિશ્ચયે કૃતાર્થ થાય છે (થયેલો કહેવાય છે) ॥ ૫ ॥

तादृशस्यापि सततं गेहस्थानं विनाशकम् ।
त्यागं कृत्वा यतेद्यस्तु तदर्थार्थैकमानसः ॥ ६ ॥

અન્વય :- **तादृशस्य** - તેવાઓને **अपि** - પણ **सततं** - નિરન્તર **गेहस्थानं** - ઘરમાં રહેવું **विनाशकं** - વિનાશક છે (તેથી) **त्यागं** - ત્યાગ **कृत्वा** - કરીને **यः** - જે **तदर्थार्थैकमानसः** - તેમના માટે જ મન છે જેનું તેવો (થઈને) **यतेत्** - યત્ન કરે **तु** - તો ॥ ૬ ॥

ભાવાર્થ – તેવાઓને પણ નિરન્તર ઘરમાં રહેવું વિનાશક છે, (તેથી) ત્યાગ કરીને જે તેમના માટે જ મન છે જેનું તેવો (થઈને) યત્ન કરે તો - ॥ ૬ ॥

लभते सुदृढां भक्तिं सर्वतोप्यधिकां पराम् ।
त्यागे बाधकभूयस्त्वं दुःसंसर्गात्तथान्नतः ॥ ७ ॥

અન્વય :- **सुदृढां** - સારી રીતે દઢ થયેલી **सर्वतः** - બધાથી **अपि** - પણ **अधिकां** - અધિક (શ્રેષ્ઠ) **परां** - પ્રેમલક્ષણા **भक्ति**- ભક્તિને **लभते** - પ્રાપ્ત કરે છે **त्यागे** - ત્યાગમાં **दुःसंसर्गात्** - દુષ્ટનો સંસર્ગ થવાથી **तथा** - તેમજ **अन्नतः** - અન્નથી **बाधक-भूयस्त्वं** - બાધકોની બહુલતા (રહે) છે ॥ ૭ ॥

ભાવાર્થ – સારી રીતે દઢ થયેલી બધાથી પણ અધિક (શ્રેષ્ઠ) પ્રેમલક્ષણા ભક્તિને પ્રાપ્ત કરે છે, ત્યાગમાં દુષ્ટનો સંસર્ગ થવાથી તેમજ (અસમર્પિત) અન્નથી બાધકોની બહુલતા (રહે) છે ॥ ૭ ॥

अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः ।
अदूरे विप्रकर्षे वा यथा चित्तं न दुष्यति ॥ ८ ॥

અન્વય :- **अतः** - તેથી **हरिस्थाने** - હરિ-શ્રીકૃષ્ણના સ્થળમાં **तत्परैः** - તે (શ્રીકૃષ્ણ)માં પરાયણ થયેલા (એવા) **तदीयैः** - તદીયો-(તેમના થઈને રહેલા લોકો) **सह** - સાથે **स्थेयं** - રહેવું

(અથવા) (તેમનાથી) **अदूरे** – દૂર નહીં તે પ્રકારે **वा** – અથવા **विप्रकर्षे**– થોડા દૂર (એ પ્રકારે રહેવું) **यथा** – જે પ્રકારે **चित्तं**– ચિત્ત **न** – નહીં **दुष्यति** – દુષિત થાય ॥ ૮ ॥

ભાવાર્થ – તેથી હરિ-શ્રીકૃષ્ણના સ્થળમાં તે (શ્રીકૃષ્ણ)માં પરાયણ થયેલા (એવા) તદીયો (તેમના થઈને રહેલા લોકો) સાથે રહેવું, (અથવા) તેમનાથી દૂર નહીં તે પ્રકારે અથવા થોડા દૂર (એ પ્રકારે રહેવું) જે પ્રકારે ચિત્ત દુષિત થાય નહીં ॥ ૮ ॥

सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत् ।
यावज्जीवं तस्य नाशो न क्वापीति मतिर्मम ॥ ९ ॥

અન્વય :- **यस्य** – જેની **सेवायां** – સેવામાં **वा** – અથવા **कथायां** – કથામાં **वा** – પણ (જો) **दृढा** – દૃઢ **आसक्तिः** – આસક્તિ **यावज्जीवं** – જીવનપર્યન્ત **भवेत्** – થાય છે **तस्य** – તેનો **नाशः** – નાશ **क्व** – ક્યારેય **अपि** –પણ (થતો) **न** – નથી **इति** – એમ **मम** મારી **मतिः** મતિ (છે) ॥ ૯ ॥

ભાવાર્થ – જેની સેવામાં અથવા કથામાં પણ (જો) દૃઢ આસક્તિ જીવન પર્યન્ત થાય છે, તેનો નાશ ક્યારેય પણ (થતો) નથી, એમ મારી મતિ (છે) ॥ ૯ ॥

बाधसम्भावनायां तु नैकान्ते वास इष्यते ।
हरिस्तु सर्वतो रक्षां करिष्यति न संशयः ॥ १० ॥

અન્વય :- **बाधसम्भावनायां** – બાધા થવાની

સંભાવનામાં, **तु** – તો **एकान्ते** – એકાન્તમાં **वासः** – રહેવું **इष्यते** – ઈષ્ટ **न** – નથી **तु** – પરંતુ (તેવી સ્થિતિમાં) **हरिः** – હરિ-શ્રીકૃષ્ણ **सर्वतः** – સર્વ પ્રકારે **रक्षां** – રક્ષા **करिष्यति** – કરશે (તેમાં) **संशयः** – સંશય **न** – નથી ॥ ૧૦ ॥

ભાવાર્થ – બાધા થવાની સંભાવનામાં તો એકાન્તમાં રહેવું ઈષ્ટ નથી, પરન્તુ (તેવી સ્થિતિમાં) હરિ-શ્રીકૃષ્ણ સર્વ પ્રકારે રક્ષા કરશે (તેમાં) સંશય નથી ॥ ૧૦ ॥

इत्येवं भगवच्छास्त्रं गूढतत्त्वं निरूपितम् ।
य एतत्समधीयीत तस्यापि स्याद्दृढा रतिः ॥ ११ ॥

અન્વય :- **इति** – (સમાપ્તિ સૂચક) **एवं** – આ પ્રમાણે **गूढतत्त्वं** – ગૂઢતત્ત્વ (એવા), **भगवच्छास्त्रं** – ભગવત્ શાસ્ત્રનું (મારા દ્વારા), **निरूपितं** – નિરૂપણ થયું (નિરૂપણ કરવામાં આવ્યું), **यः** – જે, **एतत्** – આનું, **समधीयीत** – સારી રીતે અધ્યયન કરશે, **तस्य** – તેને, **अपि** – પણ, (શ્રીકૃષ્ણમાં), **दृढा** – અવિચલ, **रतिः** – રતિ-પ્રીતિ, **स्यात्** – થાય (થશે) ॥ ૧૧ ॥

ભાવાર્થ – ઈતિ સમાપ્તિસૂચક છે. આ પ્રમાણે ગૂઢતત્ત્વ (એવા) ભગવત્ શાસ્ત્રનું (મારા દ્વારા) નિરૂપણ થયું (નિરૂપણ કરવામાં આવ્યું.) જે આનું સારી રીતે અધ્યયન કરશે તેની પણ (શ્રીકૃષ્ણમાં) અવિચલ રતિ-પ્રીતિ થાય (થશે) ॥ ૧૧ ॥

॥ श्रीकृष्णाय नमः ॥

श्रीश्रीवल्लभ (श्रीगोकुलनाथचरण) विरचित - भक्तिवर्द्धिनी विवृति :-

(गुर्जरानुवादसमेता)

नत्वा स्वाचार्यपादाब्जं कृपामधुसुपूरितम् ।
तत्परागारक्तबुद्ध्या व्याख्यास्ये भक्तिवर्धिनीम् ॥ १ ॥
तद्बुद्धिदृढतासिद्ध्यै पितृपादरजांस्यहम् ।
हृद्याधाय प्रवृत्तोऽस्मि नान्यथेति हि निश्चितम् ॥ २ ॥

કૃપારૂપી મધુથી સારી રીતે પૂરિત-પરિપૂર્ણ એવા આપણા શ્રીઆચાર્યચરણના (શ્રીવલ્લભાચાર્યજીના) ચરણકમલોને નમન કરીને, એ ચરણકમલના પરાગમાં આરક્ત બુદ્ધિ વડે (હું-શ્રીગોકુલનાથજી) ભક્તિવર્ધિની ગ્રન્થનું વ્યાખ્યાન કરું છું ॥ ૧ ॥ તે બુદ્ધિની દઢતાની સિદ્ધિ અર્થે મારા પિતા (શ્રીગુસાંઈજી)ની ચરણરજને હૃદયમાં ધારણ કરીને (આ વ્યાખ્યા કરવા) હું (શ્રીગોકુલનાથજી) પ્રવૃત્ત થયો છું, એમાં (પ્રતિષ્ઠા-પૂજા-વિદ્વત્તાનું પ્રદર્શન વગેરે) બીજું કોઈ કારણ નથી એ નિશ્ચિત છે ॥ ૨ ॥

अथाचार्यचरणाः स्वमार्गाङ्गीकृतानां स्वमार्गीयभक्तिवृद्धिप्रकारमजानतां कृपया तज्ज्ञापनाय तद्वृद्धिप्रकारं प्रतिजानते यथेति ।

अथ - શ્રીઆચાર્યચરણો પોતાના (શુદ્ધપુષ્ટિભક્તિ) માર્ગમાં જેમનો અંગીકાર કરેલો છે તેવાઓને કે જેઓ આ શુદ્ધપુષ્ટિભક્તિમાર્ગની ભક્તિવૃદ્ધિનો પ્રકાર (શું છે) તે જાણતા નથી તેમને કૃપાપૂર્વક ભક્તિવૃદ્ધિપ્રકારને જણાવવા માટે તે વૃદ્ધિ પ્રકાર જણાવવાની પ્રતિજ્ઞા કરે છે **‘यथा’** વગેરે શબ્દોથી.

यथा भक्तिः प्रवृद्धा स्यात्तथोपायो निरूप्यते ।
बीजभावे दृढे तु स्यात्त्यागाच्छ्रवणकीर्तनात् ॥ १ ॥

यथा येन साधनेन भक्तिः स्वप्रवर्तितमार्गरूपा प्रकर्षेण वृद्धिं प्राप्नोति **तथा** तत्प्रकारक **उपायः** साधनं **निरूप्यत** उच्यत इत्यर्थः । ननु भक्त्युत्पत्तिप्रकाराः शास्त्रेषु पुराणादिषूक्ता एव । उत्पत्त्यनन्तरं वृद्धिस्त्वनुक्तसिद्धैव । तद्यथा । श्रीभागवते **‘दानव्रततपोहोमजपस्वाध्यायसंयमैः । श्रेयोभिर्विविधैश्चान्यैः कृष्णे भक्तिर्हि साध्यत’** इति । एकादशेपि **‘श्रद्धामृतकथाया’** मित्युपक्रम्य **‘एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् । मयि सञ्जायते भक्तिः कोऽन्योऽर्थोऽस्यावशिष्यत’** इति । प्रथमस्कन्धेपि **‘यस्यां वै श्रूयमाणायां कृष्णे परमपूरुषे । भक्तिरुत्पद्यते पुंसः शोकमोहभयापहे’**ति । गीतास्वपि **‘ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति । समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते परामि’**ति भक्त्युत्पत्तिप्रकारा उक्ता एव । यद्यप्युत्पत्तिप्रकारा उक्तास्तथापि वृद्धिप्रकारो नोक्त इति तद्वृद्धिप्रकारार्थमाचार्यकथनं सम्भवतीति चेत् ।

જે પ્રકારે જે સાધન વડે સ્વપ્રવર્તિતમાર્ગરૂપા ભક્તિ પ્રકર્ષે વૃદ્ધિને પ્રાપ્ત થાય છે તે પ્રકારનો ઉપાય-સાધન નિરૂપણ કરવામાં આવે છે-

કહેવામાં આવે છે, એમ અર્થ છે. **શંકા** – અહીં એમ શંકા થાય છે કે ભક્તિની ઉત્પત્તિના પ્રકારો પુરાણાદિ શાસ્ત્રોમાં કહેલા જ છે. ભક્તિ-ઉત્પત્તિના અનન્તર તો તેની વૃદ્ધિ વિના કહ્યે જ સિદ્ધ છે. જેમ કે શ્રીભાગવતમાં **‘દાન-વ્રત-તપ-હોમ-જપ-સ્વાધ્યાય-સંયમ વડે તેમજ વિવિધ શ્રેયનાં સાધનો વડે નક્કી જ કૃષ્ણમાં ભક્તિ સિદ્ધ કરી શકાય છે’** (ભાગ.૧૦-૪૭-૨૪) એકાદશ સ્કન્ધમાં પણ **‘મારી અમૃતમયી કથામાં શ્રદ્ધા રાખવી’** (ભાગ.૧૧-૧૯-૨૦) એમ ઉપક્રમ કરીને **‘આ પ્રમાણે ધર્મોના પાલન વડે આત્મનિવેદન કરેલા મનુષ્યોને મારામાં ભક્તિ સારી રીતે થાય છે, (તે પછી) તેને બીજો કયો અર્થ (પ્રાપ્ત કરવો) બાકી રહે છે ?’**. (ભાગ.૧૧-૧૯-૨૪) પ્રથમ સ્કન્ધમાં પણ **‘જે (ભાગવત-સંહિતા) શ્રવણ થતાં પરમપુરુષ-પરબ્રહ્મ શ્રીકૃષ્ણમાં ભક્તિ ઉત્પન્ન થાય છે કે જે ભક્તિ જીવના સકલ શોક-મોહ-ભયનો નાશ કરનારી છે.’** (ભાગ.૧-૭-૭) ગીતામાં પણ **‘જે બ્રહ્મભાવ પ્રાપ્ત છે તે પ્રસન્ન અન્તઃકરણવાળો હોય છે અને તે શોક કે આકાંક્ષા વિનાનો હોય છે તેમજ સર્વ પ્રાણિમાત્રમાં સમભાવે જોનારો હોય છે તેને મારી પરા-પ્રેમલક્ષણા ભક્તિનો લાભ થાય છે’** (ગીતા.૧૮-૫૪) આ પ્રમાણે ભક્તિ-ઉત્પત્તિના પ્રકારો કહેલા જ છે. યદ્યપિ ભક્તિ-ઉત્પત્તિના પ્રકારો કહેલા છે, તેમ છતાં પણ ભક્તિવૃદ્ધિનો પ્રકાર કહ્યો નથી તેથી તે ભક્તિ વૃદ્ધિનો પ્રકાર જણાવવા માટે (અહીં) શ્રીઆચાર્યચરણનું કથન સંભવી શકે છે ?

न । वृद्धिप्रकारोऽपि तत्रोक्तः । तृतीयस्कन्धे पञ्चमाध्याये **‘पानेन ते देव कथासुधायाः प्रवृद्धभक्त्या विशदाशया ये । वैराग्यसारं प्रतिलभ्य बोधं यथाञ्जसान्वीयुरकुण्ठधिष्ण्य’**मिति । अत्र प्रकारोऽप्युक्तः । यद्यप्यत्रोत्पत्तिवृद्धिप्रकाराः पुराणादिष्वप्युक्ता एव, तत एवोभयसम्भवे सत्यपि **‘यथा भक्तिः प्रवृद्धा स्या’** दिति पुनर्भक्तिवृद्धिप्रकारकथने को हेतुरिति चेत् । सत्यम् । पूर्वोक्तसाधनानां दानव्रतादीनां मर्यादामार्गीयत्वात् तदुत्पन्नभक्तेरपि तन्मार्गीयत्वमेवेत्यवधेयम् । ‘कार्यकारणयोरेकजातीयत्व’मिति नियमात् । वृद्धिप्रकारस्यापि तन्मार्गीयसाधनसाध्यत्वेन मुक्तिफलकत्वेन च मर्यादामार्गीयत्वमेव ।

નહીં. (તો એમ પણ નથી, કારણ કે) વૃદ્ધિ પ્રકાર પણ ત્યાં જ કહેલો છે. તૃતીયસ્કન્ધના પાંચમા અધ્યાયમાં **‘હે દેવ ! આપની કથાસુધાના પાન વડે પ્રકર્ષે વૃદ્ધિને પામેલી ભક્તિ દ્વારા જેમનું અન્તઃકરણ નિર્મલ થઈ ગયું છે તે લોકો જેનું સારભૂત વૈરાગ્ય છે તેવું જ્ઞાન પ્રાપ્ત કરીને શીઘ્ર જ કૃત્રિમ વૈકુંઠ -વિષ્ણુલોકને (અથવા અક્ષર સાયુજ્યને) પામે છે.’** (ભાગ.૩-૫-૪૫) અહીં ભક્તિવૃદ્ધિનો પ્રકાર પણ કહ્યો છે. યદ્યપિ ભક્તિની ઉત્પત્તિ અને વૃદ્ધિના પ્રકારો અહીં તેમજ પુરાણો વગેરેમાં પણ કહ્યા જ છે, તેના થકી જ (ઉત્પત્તિ-વૃદ્ધિ) બન્ને સંભવ હોવા છતાં પણ ફરીથી **‘જે પ્રકારે ભક્તિવૃદ્ધિ થાય’** એમ ભક્તિવૃદ્ધિ પ્રકારને કહેવામાં શો હેતુ છે ?

ઉત્તર – સાચી વાત છે. (પરંતુ) પૂર્વમાં જે (શાસ્ત્રવાક્યોમાં) ઉત્પત્તિ-વૃદ્ધિનાં સાધનો કહ્યાં છે તે દાન-વ્રત વગેરે સાધનો મર્યાદામાર્ગીય હોવાથી તે સાધનો વડે ઉત્પન્ન થનારી ભક્તિ પણ મર્યાદામાર્ગીય જ છે એમ જાણવું. ‘કાર્ય-કારણની એક જ જાતિ હોય છે’ એમ નિયમ હોવાથી, તેથી ત્યાં જણાવાયેલ વૃદ્ધિનો પ્રકાર પણ મર્યાદામાર્ગીય સાધનોથી જ સાધી શકાતો હોવાથી તેમજ તેવી ભક્તિવૃદ્ધિનું ફળ મુક્તિ જ હોવાથી તે ભક્તિવૃદ્ધિ પણ મર્યાદામાર્ગીય જ છે.

आचार्यास्तु स्वप्रकटितशुद्धपुष्टिमार्गीयभक्तिनिरूपणं कर्तुं तस्याश्च मर्यादाभक्तिवैलक्षण्यं ज्ञापयितुं तत्साधनानि तत्फलं च वक्तुं तत्साधनानां तत्फलस्य च वैलक्षण्यं वक्तुं भिन्नतया स्वमार्गीयां भक्तिं

तद्वृद्धिप्रकारसाधनं च निरूपयन्ति **यथे**ति । यथा [१]स्वमार्गीयस्वप्रवर्तित साधनैर्भक्तिः शुद्धपुष्टिमार्गीया प्रकर्षेण वृद्धा वर्धिता स्यात् । वृद्धौ प्रकर्षः फलोन्मुखत्वम् । तथा तत्प्रकारकोपायस्तत्प्रकारकसाधनसमुदायो **निरूप्यत** उच्यत इत्यर्थः । पूर्वोक्तसाधनसमुदायानेवाहुः **‘बीजभावे दृढे तु स्या’**दिति । अत्र बीजभावस्वरूपं शुद्धपुष्टिमार्गीयाचार्यानुग्रहपूर्वकं स्वमार्गप्रकारकभगवन्निवेदनानन्तरं भगवदङ्गीकार एव बीजभावः । तस्य दार्ढ्यं निरन्तरं तदेकपरतया तन्मार्गस्थितिः । **तु**शब्देन मार्गान्तरीयसाधनव्युदासः । तदा भक्तिः प्रवृद्धा स्यात् । वृद्धौ स्वमार्गीयसाधनान्तराण्याहुः **त्यागाच्छ्रवणकीर्तनादिति** । **त्यागा**देतन्मार्गीयातिरिक्तसाधनत्यागात् । तद्वदेवैतन्मार्गीयभगवद्धर्म**श्रवणात्** । तथैव तद्वदेव **कीर्तनात्** । अत्र श्रवणकीर्तनयोरेकवद्भावोक्त्योभयोरप्येकजातीयत्वं ज्ञापितम् ॥ १ ॥

જ્યારે અહીં (આ ગ્રન્થમાં) શ્રીઆચાર્યચરણ તો પોતે પ્રકટ કરેલ શુદ્ધપુષ્ટિમાર્ગીય ભક્તિનું નિરૂપણ કરવા અને શુદ્ધપુષ્ટિમાર્ગીયા ભક્તિ મર્યાદાભક્તિથી વિલક્ષણ-જુદા જ લક્ષણની છે તેમ જણાવવા શુદ્ધપુષ્ટિમાર્ગીયા ભક્તિના સાધનો અને તેનું ફલ કહેવા તેમજ પુષ્ટિમાર્ગ તથા મર્યાદામાર્ગની ભક્તિના સાધનો અને ફલ બન્ને એકબીજાથી વિલક્ષણ છે તેમ જણાવવા મર્યાદાભક્તિથી ભિન્નતાએ જ સ્વમાર્ગીયા ભક્તિની વૃદ્ધિનો પ્રકાર અને તેના સાધનોનું નિરૂપણ (આ ગ્રન્થમાં) **‘यथा - જે પ્રકારે’** વગેરે શબ્દોથી કરે છે. જે પ્રકારે સ્વામાર્ગીય અને પોતે જ જેનું પ્રવર્તન કર્યું છે તેવા સાધનો વડે **भक्तिः** એટલે શુદ્ધપુષ્ટિમાર્ગીયા ભક્તિ પ્રકર્ષે **वृद्धा** વધેલી થાય. વૃદ્ધિમાં **प्र** ઉપસર્ગથી જે પ્રકર્ષ છે તે ભક્તિનું ફલ પ્રતિ ઉન્મુખ થવું છે (એટલે કે ફલોન્મુખ ભક્તિ પ્રવૃદ્ધાભક્તિ છે), **तथा** એટલે તે પ્રકારના (ભક્તિ ફલોન્મુખ થાય તે પ્રકારના) સાધનોનો સમુદાય **निरूप्यते** કહેવામાં આવે છે. પૂર્વોક્ત (પૂર્વમાં જે શુદ્ધપુષ્ટિમાર્ગીય સાધનો જણાવવાની પ્રતિજ્ઞા કરી છે તે જ) સાધનોના સમુદાયને જ કહે છે - **‘बीजभावे दृढे तु स्यात्’** વાક્યથી. અહીં કહેવાયેલ બીજભાવનું સ્વરૂપ શુદ્ધપુષ્ટિમાર્ગીય આચાર્યના અનુગ્રહ પૂર્વક (શ્રીઆચાર્યચરણના) સ્વમાર્ગ પ્રકારે ભગવાનને નિવેદન (આત્મનિવેદન)નાં અનન્તર ભગવાન વડે અંગીકાર થવો એ જ બીજભાવ છે. તે બીજભાવની દૃઢતા એટલે નિરન્તર કેવલ એકમાત્ર ભગવત્પરાયણતા રહીને શુદ્ધપુષ્ટિમાર્ગમાં જ સ્થિતિ થવી છે. **तु** શબ્દ વડે શુદ્ધપુષ્ટિમાર્ગ સિવાયના બીજા તમામ માર્ગોના સાધનોનો (શુદ્ધપુષ્ટિભક્તિવૃદ્ધિમાં) નિષેધ કરવામાં આવ્યો છે. ત્યારે (અહીં કહેવાયેલ શુદ્ધ પુષ્ટિમાર્ગીય સાધનોનું આચરણ કરાતાં) ભક્તિ પ્રવૃદ્ધા થાય છે. વૃદ્ધિ થવામાં સ્વ (પુષ્ટિ) માર્ગીય બીજાં સાધનોને કહે છે - **‘त्यागात् श्रवणकीर्तनात्’ ત્યાગથી, શ્રવણ-કીર્તનથી. ત્યાગથી** એટલે આ માર્ગનાં સાધનો સિવાયનાં સર્વ સાધનોના ત્યાગ થકી. તે મુજબ જ આ માર્ગમાં કહેવાયેલ ભગવદ્ધર્મના **શ્રવણથી,** તેમજ - તે મુજબ જ **કીર્તનથી**. અહીં શ્રવણ-કીર્તન બે ને સમાસથી એકી સાથે કહ્યા હોવાથી બન્ને એક જ જાતિના હોવા જોઈએ એમ જણાવ્યું છે ॥ ૧ ॥

यद्यपि पूर्वं बीजदार्ढ्यप्रकार उक्त एव । तथापि कदाचिदितरव्यासङ्गेनान्तरायः सम्भवति, तस्माद्यथेतरव्यासङ्गाभावेन बीजदार्ढ्यं सिध्यति तदर्थं भगवद्भजनरूपं प्रकारान्तरमाहुः **बीजदार्ढ्यप्रकारस्त्वि**ति ।

જો કે પૂર્વમાં (સિદ્ધાન્તમુક્તાવલી-સિદ્ધાન્ત રહસ્ય વગેરે ગ્રન્થોમાં) બીજની દૃઢતાનો પ્રકાર કહેલો જ છે. તેમ છતાં પણ ક્યારેક

---

[१] स्वप्रकटितशुद्धपुष्टिमार्गीयसाधनैः

(ભગવત્સ્વરૂપથી ઈતર) બીજામાં વિશેષ આસક્તિ થવાના કારણે ભક્તિવૃધ્ધિમાં અન્તરાય આવવો સંભવી શકે છે, તેથી જે પ્રકારે બીજામાં આસક્તિ ન થઈ - ન રહી બીજની દઢતા સિધ્ધ થાય તે માટે ભગવદ્ - ભજનરૂપ ભક્તિવૃધ્ધિનો બીજો પ્રકાર જણાવે છે - **‘बीजदार्ढ्यप्रकारस्तु’** વાક્યથી.

बीजदार्ढ्यप्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः ।
अव्यावृत्तो भजेत्कृष्णं पूजया श्रवणादिभिः ॥ २ ॥

तुशब्देनैतदतिरिक्तप्रकारान्तरव्युदास उक्तः । स्वमार्गीयभगवद्भजनं तु गृहस्थित्यभावे न सम्भवतीति पूर्वं गृहस्थितिमेवाहुः **गृहे स्थित्वे**ति । भगवद्भजनानुकूले गृहे स्थित्वा **स्वधर्मतः** कृष्णं भजेत् । अत्र स्वधर्मपदेन वर्णाश्रमधर्मा न विवक्षिताः, किन्तु स्वमार्गीयभगवद्धर्मा विवक्षिताः । [1]कुतः, वर्णाश्रमधर्माणां स्वधर्मत्वाभावात् । तद्यथा । धर्मो द्विविधः । एक शरीरपर्यवसायी । द्वितीय आत्मपर्यवसायी । तत्र सन्ध्यावन्दनमारभ्य यागान्तानां वर्णाश्रमधर्माणां शरीरपर्यवसायित्वमेव । इन्द्रलोकादिभोगपर्यवसानात् । समाप्तौ पुनः **‘क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ती’**ति वचनात् शरीरसुखपर्यवसायित्वमेव, न त्वात्मनः परलोकसाधकत्वम् । स्वपदस्यात्मपरत्वात् स्वधर्मपदेनात्मपर्यवसायी धर्म उच्यते । स च भगवद्धर्म एव । तथा च प्रमाणं सप्तमस्कन्धे प्रह्लादवचनम् । **‘यद्यज्जनो भगवते विदधीत मानं तच्चात्मने प्रतिमुखस्य यथा मुखश्री’**रिति । फलप्रकरणेपि रासमण्डलमण्डनरूपाभिर्गीतम् । **‘कुर्वन्ति हि त्वयि रतिं**

---

[1] कुतः ? तेषां वर्णाश्रमधर्मत्वेन नित्यप्राप्तत्वात् । अत्र केवल भक्तिमार्गीयधर्मविचारे पुनः कथने प्रयोजनाभावात् न विवक्षिता इत्युक्तम् ।

कुशलाः स्वआत्मन्नित्यप्रिये पतिसुतादिभिरार्तिदैः किं’मिति । किञ्च, स्वधर्मत इति कथनात् धर्मपदस्य तसिल्प्रत्ययान्तत्वेनाव्ययत्वादविकृतो धर्म उक्तः । तेनाविकृतो धर्मो भगवद्धर्म एवेति स्वधर्मपदेन भगवद्धर्म एवेति सर्वमनवद्यम् । स च स्वधर्मः क इत्याकाङ्क्षायामाहुः **अव्यावृत्तो भजेत्कृष्ण**मिति । अव्यावृत्तो भगवद्भजनानकूलव्यावृत्तिरहितः कृष्णं भजेत् । अत्र भजने कृष्णपदस्य फलवाचकत्वेनेदं भजनं मम फलरूपमिति ज्ञात्वा भजनं कर्तव्यम्, न तु साधनबुद्ध्या । (यद्य[1]प्यग्रे **‘लभते सुदृढां भक्ति’** मित्यनेनालौकिकदेहसम्पत्तिपूर्वकं साक्षात्पुरुषोत्तमभजनस्यैव फलत्वोक्त्याऽऽधुनिकभजनस्य साधनत्वमायाति, तथापि पुष्टिमार्गे पुरुषोत्तमस्यैव भजनीयत्वात्, यद्यपि आधुनिकभजने अलौकिकदेहसम्पत्तिर्नास्ति, तथापि आधुनिकभजनस्य पुरुषोत्तमपर्यवसायित्वमेवेति अस्यापि फलरूपत्वमिति ज्ञापनायोक्तमिदं भजनं मम फलरूपमिति ज्ञात्वा भजनं, कर्तव्यमिति) ।

तु શબ્દ વડે અહીં કહેવાયેલ પ્રકાર સિવાયના બીજા કોઈ પણ પ્રકારનો નિષેધ કરવામાં આવ્યો છે. સ્વ (પુષ્ટિ) માર્ગીય ભગવદ્ ભજન તો ગૃહસ્થિતિના અભાવમાં થઈ શકતું નથી તેથી પ્રથમ ગૃહસ્થિતિને જ કહે છે **‘गृहे स्थित्वा - ઘરમાં રહીને’**થી. એટલે કે ભગવદ્ ભજનને અનુકૂલ હોય તેવા ઘરમાં રહીને સ્વધર્મથી કૃષ્ણને ભજવા. અહીં ‘સ્વધર્મ’ પદથી વર્ણાશ્રમ ધર્મો કહેવાની ઈચ્છા-તાત્પર્ય નથી; કિન્તુ સ્વ (પુષ્ટિ) માર્ગીય ભગવદ્ધર્મો કહેવાનું તાત્પર્ય છે. કેવી રીતે ? વર્ણાશ્રમ ધર્મોમાં સ્વધર્મપણું નહીં હોવાથી. તે જેમ. ધર્મ બે પ્રકારનો છે. એક શરીરમાં પર્યવસાન થનારો. બીજો આત્મામાં પર્યવસાન થનારો. તે પૈકી સંધ્યાવન્દનથી આરંભી યાગ પર્યન્તના વર્ણાશ્રમધર્મોનું શરીરમાં પર્યવસાયિપણું જ છે. (કારણ કે તેનુ ફલ) ઈન્દ્રલોક વગેરે સમ્બન્ધી

---

[1] चिह्नान्तर्गतं टिप्पणं प्रतिभाति, अन्यपुस्तकेषु क्वचिददर्शनात् ।

ભોગમાં જ પર્યવસાન થતું હોવાથી. (ભોગ વડે) પુણ્ય ક્ષીણ થતાં ફરીથી **‘પુણ્યક્ષીણ થતાં તે મર્ત્યલોકમાં પ્રવેશે છે’** (ગીતા. ૯-૨૧) એમ વચન હોવાથી (આ ધર્મોનું) શરીરસુખમાં જ પર્યવસાન રહેલું છે, નહીં કે આત્માનો પરલોક સાધે છે. સ્વ પદ આત્માને જણાવનાર હોવાથી સ્વધર્મ પદ વડે આત્મામાં પર્યવસાન થનારો ધર્મ જ કહ્યો છે, અને તે ભગવદ્ધર્મ જ છે. પ્રમાણ તરીકે સપ્તમ સ્કન્ધમાં આવેલ પ્રહ્લાદ વચન છે. **‘જેમ મુખની શોભા-સૌંદર્ય દર્પણમાં સામે રહેલા પ્રતિબિંબને પણ સુન્દર બનાવે છે - શોભા આપે છે, તેમ જે લોકો ભગવાન પ્રત્યે સમ્માન પ્રકટ કરે છે તે એને જ પ્રાપ્ત થાય છે’** (ભાગ.૭-૯-૧૧) વળી, (તામસ) ફલપ્રકરણમાં પણ રાસમંડલમંડનરૂપા (ગોપી) ઓએ પણ ગાયું છે કે - **‘હે પ્રભુ ! જે લોકો પોતાના આત્માનું હિત કરવામાં કુશલ છે તે લોકો નિત્યપ્રિય એવા આપમાં રતિ કરે છે, તેવા લોકોને આર્તિ-પીડા-કષ્ટ આપનારા પતિ-પુત્ર વગેરેથી શું પ્રયોજન’** (ભાગ.૧૦-૨૯-૩૩) વળી, **‘स्वधर्मतः - સ્વધર્મથી’** એમ કહ્યું હોવાથી ધર્મ પદ ‘તસિલ્’ પ્રત્યયાન્ત હોવાથી અને તસિલ્ પ્રત્યય અવ્યય (જેનો ક્યારેય વ્યય ન થાય જેમાં કોઈ વિકાર ન આવે) હોવાથી અહીં અવિકૃતધર્મ જ કહ્યો છે તેમજ અવિકૃત ધર્મ એ ભગવદ્ધર્મ જ છે તેથી સ્વધર્મ પદથી ભગવદ્ધર્મ કહેવાનું જ તાત્પર્ય છે તેથી આમ કહેવામાં કંઈ અયોગ્ય નથી. તે સ્વધર્મ કયો એવી આકાંક્ષા થાય તો કહે છે - **‘अव्यावृत्तो भजेत्कृष्णम्’ અવ્યાવૃત્ત થઈને કૃષ્ણને ભજવા. અવ્યાવૃત્ત** એટલે ભગવદ્ ભજનને જે અનુકૂલ ન હોય તેવી વ્યાવૃત્તિ રહિત થઈ કૃષ્ણને ભજવા. અહીં ભજનમાં ફલરૂપતાને જણાવનાર કૃષ્ણપદ હોવાથી ‘આ મારા દ્વારા કરાતું ભજન એ ફલરૂપ છે એમ જાણીને ભજન કરવું, નહીં કે તે ભજનમાં સાધન બુદ્ધિ રાખી ભજન કરવું. (જો કે આગળ (આ ગ્રન્થમાં) **‘તે સુદૃઢા ભક્તિનો લાભ કરે છે’** એમ કહ્યું છે તેથી અલૌકિક દેહ સંપત્તિપૂર્વક સાક્ષાત્ પુરુષોત્તમનું ભજન જ ફલરૂપ છે એમ ઉક્તિ હોવાથી અત્યારે (તેના વડે) થઈ રહેલા ભજનનું સાધનપણું પ્રાપ્ત થાય છે, તેમ છતાં પણ પુષ્ટિમાર્ગમાં પુરુષોત્તમ જ ભજનીય હોવાથી. તેથી યદ્યપિ અત્યારે અલૌકિક દેહસમ્પત્તિ નથી થઈ તેમ છતાં પણ અત્યારે થઈ રહેલું ભજન પણ પુરુષોત્તમ પર્યવસાયી જ છે તેથી અત્યારે થઈ રહેલ ભજન પણ ફલરૂપ જ છે એમ જણાવવા આ મારા દ્વારા થઈ રહેલ ભજન ફલરૂપ છે એમ જાણીને ભજન કરવું એમ કહ્યું છે).

ननु एकस्यैव साधनरूपत्वं फलरूपत्वं च कथं सम्भवतीति चेत्। सत्यम् । साक्षात्पुष्टिमार्गीयफलस्येतरसाधनासाध्यत्वात् पुरुषोत्तम-भजनमेव साक्षात्पुष्टिमार्गीयफलसाधकम् । यथा महाराजस्य धार्यमपि सुवर्णरत्नादिकमेव । व्यवहार्यमात्राण्यपि तन्मयान्येव । अथ च कोशे संग्राह्यमपि सुवर्णरत्नादिकमेव । यतस्तस्य महाराजस्य सर्वतोऽधिकत्वात्। सुवर्णस्यापि सर्वधात्वपेक्षयोत्कृष्टत्वात् । तथा तद्वदस्य फलस्य सर्वोत्कृष्टत्वभावात्सर्वोत्कृष्टमेव साधनमपेक्षितम् । सर्वोत्कृष्टस्य साधनस्य विचारे क्रियमाणे भजनातिरिक्तस्य सर्वोत्कृष्टत्वाभावात्सर्वोत्कृष्टमेव साधनं सर्वोत्कृष्टफलमेवेति भजनमेव साधनम्, भजनमेव फलमिति नानुपपत्तिः काचित् ।

શંકા – એક જ ભજન સાધનરૂપ અને ફલરૂપ એમ બે પ્રકારે કેમ કરી સંભવી શકે ?

ઉત્તર – સાચી વાત છે. સાક્ષાત્ પુષ્ટિમાર્ગીય ફલ છે તે બીજાં સાધનોથી અસાધ્ય હોવાથી પુરુષોત્તમનું ભજન જ સાક્ષાત્ પુષ્ટિમાર્ગીય ફલને સાધનારું છે. જેમ મહારાજા હોય તેમને ધારણ કરવા યોગ્ય (આભૂષણો વગેરે) સુવાર્ણ-રત્ન વગેરેનાં જ હોય છે, તેમના ઉપયોગમાં આવતી જુદી-જુદી વસ્તુઓ (પાત્ર-સિંહાસન-શૈયા-રથ વગેરે) પણ સુવાર્ણ-રત્નોથી પ્રચુર હોય છે, તેમજ તેમને કોશમાં સંગ્રહ કરવા યોગ્ય

પણ સુવર્ણ-રત્નો સમ્બન્ધી જ હોય છે. કારણ કે (મનુષ્યોમાં) મહારાજ જ સર્વથી અધિક ઉત્કૃષ્ટ મનાય છે અને બીજી ધાતુઓની અપેક્ષા સુવર્ણ જ ઉત્કૃષ્ટ હોય છે. તેમ તેની માફક આ (પુષ્ટિમાર્ગીય) ફલનો જ સર્વથી ઉત્કૃષ્ટ ભાવ રહેલો હોવાથી તેના માટે સર્વથી (સર્વ સાધનોથી) ઉત્કૃષ્ટ એવા સાધનની જ અપેક્ષા હોય છે. સર્વોત્કૃષ્ટ સાધનનો વિચાર કરતાં ભજનથી અતિરિક્ત સર્વમાં સર્વોત્કૃષ્ટપણાનો અભાવ હોવાથી સર્વોત્કૃષ્ટ જ સાધન સર્વોત્કૃષ્ટ જ ફલ એમ ભજન જ સાધન છે અને ભજન જ ફલ છે તેમાં કોઈ અનુપપત્તિ નથી.

अग्रे भजन प्रकारमाहुः **पूजया श्रवणादिभि**रिति । अत्र पूजापदेन आगमोक्तप्रकारकपूजा न विवक्षिता । पूर्वं कृष्णपदेन सदानन्दफलरूपपुरुषोत्तमभजनस्य प्रकारत्वेनोक्तत्वात् । आगमोक्तपूजायाः पुरुषोत्तमविभूतिपर्यवसायित्वात् न पुरुषोत्तमभजनपर्यवसायित्वम् । तथापि पुरुषोत्तमभजनप्रकारेषु पूजाया अपि गणनात्सा पूजा शुद्धपुष्टिमार्गीयैवेति ज्ञेयम् । अत एव शुद्धपुष्टिमार्गविद्भिः प्रमेयप्रकरणीयसप्तमाध्याये गुणगाने हरिणीनां भावं निरूप्य पश्चात्तद्भावदृष्टेरेव पूजात्वमुक्तम् । **‘पूजां दधुर्विरचितां प्रणयावलोकै’**रिति कथनात् । एतद्भावसजातीयभावपूर्वकं श्रीकृष्णदर्शनसेवाकरणमेव पूजया भजनम् । एतद्भावज्ञापनाय अत्रैतन्मार्गीयभजनसाधनपूजेयमिति ज्ञापनायोक्तं **पूजये**ति । अस्मिन्मार्गे भजनं सेवैव ।

(હવે) આગળ ભજન પ્રકારને કહે છે - **पूजयाश्रवणादिभिः - પૂજા વડે શ્રવણ વગેરે વડે.’** અહીં પૂજા પદ વડે (નારદપંચરાત્ર-વૈખાનસ તંત્ર વગેરે વૈષ્ણવ) આગમોમાં કહેવાયેલ પૂજા જણાવવાનું તાત્પર્ય નથી. કારણ કે પૂર્વમાં (**भजेत् कृष्णम्** માં) કૃષ્ણ પદ વડે સદાનંદ ફલરૂપ પુરુષોત્તમ ભજનનો જ પ્રકાર જણાવ્યો હોવાથી. આગમોક્ત પૂજા છે તેનું પુરુષોત્તમની વિભૂતિમાં પર્યવસાન થતું હોવાથી તે પુરુષોત્તમ-ભજનમાં પર્યવસાન થનાર નથી. તેમ છતાં પણ (અહીં) પુરુષોત્તમભજનના પ્રકારોમાં પૂજાની પણ ગણના કરી હોવાથી અહીં કહેવાયેલ પૂજા છે તે શુદ્ધ પુષ્ટિમાર્ગીયા જ છે તેમ જાણવું. તેથી જ શુદ્ધપુષ્ટિમાર્ગને જાણનારા એવા શ્રીગોપીજનોએ તામસ પ્રમેય પ્રકરણના સાતમા અધ્યાયમાં ગુણગાનમાં પ્રથમ હરિણીઓના ભાવનું નિરૂપણ કરીને પછીથી તે ભાવદષ્ટિને જ પૂજા તરીકે જણાવી છે - **‘पूजां दधुर्विरचितां प्रणयावलोकैः’** (ભાગ.૧૦-૨૧-૧૧)

આ ભાવના સમાન જ ભાવપૂર્વક શ્રીકૃષ્ણદર્શન રૂપે સેવા કરવું જ પૂજા દ્વારા ભજન છે. આ ભાવનું જ્ઞાપન કરવા માટે-અહીં પુષ્ટિમાર્ગીય ભજન સાધન આ પૂજા છે એ જણાવવા **‘पूजया’** એમ કહ્યું છે. આ માર્ગમાં ભજન સેવા જ છે.

अत्र [1]केचित्स्नेहरहितसेवा पूजैवेति पूजापदं व्याख्यातवन्तः, तन्न विचारक्षमम् । कुतः ? मार्गभेदस्य नियामकत्वात् । आचार्यैस्तु स्वप्रकटितशुद्धपुष्टिमार्गाङ्गीकृतस्वकीयजीवेषु स्वप्रकटितशुद्धपुष्टिमार्गीय-भक्तिवृद्ध्यर्थं भक्तिवर्धिनीरूपं शास्त्रं कृतम् । तदीयशास्त्रे तदङ्गीकृता एवाधिकारिणः, नत्वन्ये । तेषामाचार्यानुग्रहेण शुद्धपुष्टिमार्गीयत्वात् तत्प्रदर्शितसेवाकरणं सस्नेहं स्नेहरहितं वा भवतु, परन्तु पुरुषोत्तमपर्यवसायित्वाद्भक्तिमार्गीयमेव भवति । न तु पूजामार्गीयम् । किञ्च, शुद्धपुष्टिमार्गीयसेवाप्रकारसदृशाः प्रकारा वस्त्रालङ्कारादि-समर्पणरूपाः पूजायामपि दृश्यन्ते । तथापि तेषां

---

[1] ‘तस्मादत्र केचिदित्यारभ्य, तन्न विचारक्षममिति यदुक्तं, तत्सर्वं सोपपतिकमुपपादितमित्यलमितोधिकविचारेण ।’

विभूतिपर्यवसानात्पूजामार्गीयत्वमेव, न तु सादृश्यमात्रेण तेषां भक्तिमार्गीयत्वम् । मार्गभेदस्य नियामकत्वात् ।

અહીં કેટલાક સ્નેહરહિત સેવા એ પૂજા જ છે એમ પૂજા પદનું વ્યાખ્યાન કરે છે, તે વિચારપૂર્ણ નથી. કેમકે, તે વિચાર માર્ગભેદનો નિયામક હોવાથી. પરંતુ શ્રીઆચાર્યચરણે તો પોતે પ્રકટ કરેલ શુદ્ધપુષ્ટિમાર્ગમાં અંગીકાર કરાયેલા પોતાના-નિજ જીવોમાં પોતે પ્રકટ કરેલ શુદ્ધપુષ્ટિમાર્ગીય ભક્તિની વૃદ્ધિને અર્થે ભક્તિવર્દ્ધિની રૂપ (નામનું) શાસ્ત્ર રચ્યું છે. તેમના (શ્રીઆચાર્યચરણના) શાસ્ત્રમાં તેમના (શ્રીઆચાર્યચરણ) દ્વારા અંગીકાર કરાયેલાઓ જ અધિકારી છે, બીજાઓ નહીં. આવા (અધિકારી) લોકો શ્રીઆચાર્યચરણના અનુગ્રહ વડે શુદ્ધ પુષ્ટિમાર્ગીય હોવાથી શ્રીમહાપ્રભુએ કહ્યા મુજબની સેવા તેઓ સ્નેહપૂર્વક યા સ્નેહરહિત ભલે કરે, પરંતુ તે સેવા પુરુષોત્તમપર્યવસાયી હોવાથી ભક્તિમાર્ગીય જ હોય છે. પૂજામાર્ગીય નથી હોતી. વળી શુદ્ધપુષ્ટિમાર્ગીય સેવા પ્રકારના સદશ વસ્ત્ર-અલંકાર વગેરે સમર્પણરૂપના પ્રકારો પૂજામાં પણ જોવા મળે છે, તેમ છતાં પણ તે બધું જ વિભૂતિમાં પર્યવસાન થતું હોવાથી તે પૂજામાર્ગીય જ હોય છે, ફક્ત સાદશ્યમાત્રથી તે ભક્તિમાર્ગીય બની જતા નથી, કારણ કે તેમાં માર્ગભેદ નિયામક હોવાથી.

किञ्च । यो यन्मार्गीयस्तत्कृतं सर्वं भगवद्धर्मादिकं तन्मार्गीयमेव भवति । यथा ‘प्रमादात्कुर्वतां कर्मे’त्यत्र कर्मसाद्गुण्यार्थं कृतस्य विष्णुस्मरणस्य कर्ममार्गीयत्वमेव । अन्यच्च ‘यस्य स्मृत्या च नामोक्त्ये’त्यत्र स्मृत्यादित्रयाणामपि कर्ममार्गीयत्वमेव, न तु नवधाभक्त्युक्तसादृश्यमात्रेण भक्तिमार्गीयत्वम् । एवं सेवोपयोगिनीं पूजामुक्त्वा तदुपयोगिश्रवणादिकमप्याहुः श्रवणादिभिरिति । सेवाकरणानन्तरमवशिष्टकाले इतरव्यासङ्गाभावार्थं श्रवणम् । आदिपदेन कीर्तनस्मरणचिन्तनान्यपि ॥ २ ॥

વળી, જે જે માર્ગનો છે તેના દ્વારા કરાયેલું સર્વ કંઈ ભગવદ્ધર્મ વગેરે તે માર્ગનું જ હોય છે. જેમ **‘प्रमादात् कुर्वतां कर्म’** ત્યાં કર્મની સદ્‌ગુણતા-પૂર્ણતા અર્થે કરાયેલ વિષ્ણુ સ્મરણ કર્મમાર્ગીય જ હોય છે. અન્યત્ર પણ **‘यस्य स्मृत्या च नामोक्त्या तपोयज्ञक्रियादिषु । न्यूनं सम्पूर्णतां यातु सद्यो वन्दे तमच्युतम्’** અહીં સ્મૃતિ વગેરે ત્રણે (સ્મરણ-નામોચ્ચાર-વન્દન) કર્મમાર્ગીય જ છે, નહીં કે નવધાભક્તિમાં કહેવાયેલ સ્મરણ વગેરેની સદશતાથી તે ભક્તિમાર્ગીય બની જાય છે. (મૂલમાં **‘पूजादिभिः** વાક્યમાં આવેલ -) **‘आदि’** પદ વડે કીર્તન-સ્મરણ-ચિન્તનને સમજવા ॥ ૨ ॥

एवमव्यावृत्तिपूर्वकं भजनमुक्त्वा, कदाचिद्भगवदर्थ-व्यावृत्तिसमयेपि हरौ सर्वदुःखहर्तरि चित्तव्यासङ्गपूर्वकमेव व्यावृत्तिः कर्तव्येत्यत आहुः व्यावृत्तोपि हरौ चित्तमिति ।

આ પ્રમાણે અવ્યાવૃત્તિપૂર્વકના ભજનને જણાવીને ક્યારેક ભગવાનને (ભગવત્સેવાને) અર્થે વ્યાવૃત્તિ કરવી પડે તો તેવા સમયે પણ સર્વ દુઃખને હરનારા શ્રીહરિમાં ચિત્તની વિશેષ આસક્તિ રાખીને જ વ્યાવૃત્તિ કરવી એમ **‘व्यावृत्तोपि हरौ चित्तम्’** વાક્યથી જણાવે છે -

व्यावृत्तोपि हरौ चित्तं श्रवणादौ यतेत्सदा ।
ततः प्रेम तथासक्तिर्व्यसनं च यदा भवेत् ॥ ३ ॥

व्यावृत्तिकरणानन्तरमवशिष्टसमये पूर्ववत् श्रवणादौ यतेत् श्रवणाद्यर्थं यत्नं कुर्यात् । एवं भक्तिमार्गीयभक्तिवृद्धिसाधनान्युक्त्वास्य

भक्तिवृद्धिप्रकारमाहुः **ततः प्रेमे**ति । पूर्वं प्रेम भवति । ततः स्नेहाङ्कुरो भवति। तदनन्तरं प्रौढभावे सति **आसक्तिर्भ**वति । चित्तं भगवत्स्वरूपे व्यासक्तं लग्नं तदेकपरं भवति । ततः प्रौढभावे सति **व्यसनं** भवति । व्यसनं नाम तद्व्यतिरेकेण स्थातुमेव न शक्नोति । तद्यथा । दशमस्कन्धे **'गोपीनां परमानन्द आसीद्गोविन्ददर्शने । क्षणं युगशतमिव यासां येन विनाभवदि'**ति। एवं यदा व्यसनं भवति, तदा बीजभावो दृढो भवति ॥ ३ ॥

(વ્યાવૃત્તિ કરવી પડે ત્યારે પણ-) વ્યાવૃત્તિ કર્યા પછીથી બાકીના સમયમાં પહેલાંની માફક જ શ્રવણ વગેરેમાં યત્નશીલ રહેવું, એટલે કે શ્રવણ વગેરે અર્થે યત્ન કરવો. આ પ્રમાણે ભક્તિમાર્ગીય ભક્તિવૃદ્ધિનાં સાધનોને જણાવીને એની ભક્તિવૃદ્ધિનો પ્રકાર જણાવે છે - **'ततः प्रेम'** વગેરે વાક્યોથી. (એમાં) પહેલાં (ભગવાનમાં) પ્રેમ થાય છે. ત્યાર પછી તે પ્રેમ અંકુરિત થાય છે. ત્યાર પછી પ્રૌઢભાવ (ભાવ પ્રૌઢ) થતાં આસક્તિ થાય છે. ભગવત્સ્વરૂપમાં વિશેષ પ્રકારે આસક્ત થયેલું ચિત્ત એક માત્ર ભગવાનમાં જ પરાયણ થાય છે. ત્યાર પછી (તેથી પણ વધુ) ભાવ પ્રૌઢ થતાં વ્યસન થાય છે. વ્યસન એટલે ભગવાન વિના જે રહી જ ન શકે (તેવી દશા). તે જેમ દશમ સ્કન્ધમાં **'(જે) ગોપીઓને ગોવિન્દના દર્શનમાં જ પરમાનંદ હતો તેમને ભગવાન વિના એક ક્ષણ પણ સો યુગ સમાન બની ગઈ'** (ભાગ.૧૦-૧૯-૧૬) આ પ્રમાણે જ્યારે વ્યસન થાય ત્યારે બીજભાવ દૃઢ થાય છે (દૃઢ થયો કહેવાય છે) ॥ ૩ ॥

एवं व्यसनपर्यन्तं बीजदार्ढ्यप्रकारमुक्त्वाग्रे बीजस्य दृढत्वं निरूपयन्ति **बीजं तदि**ति ।

આ પ્રમાણે વ્યસન પર્યન્ત બીજની દૃઢતાનો પ્રકાર કહીને આગળ (હવે) બીજની દૃઢતાનું નિરૂપણ કરે છે - **'बीजं तद्'** વગેરે વાક્યથી.

बीजं तदुच्यते शास्त्रे दृढं यन्नापि नश्यति ।
स्नेहाद्रागविनाशः स्यादासक्त्या स्याद्गृहारुचिः ॥ ४ ॥

तत्पूर्वोक्तं बीजं व्यसनभावानन्तरं दृढं भवतीति **शास्त्रे** भक्तिशास्त्रे उच्यते निरूप्यत इत्यर्थः । दृढत्वस्य लक्षणमाहुः **यन्नापि नश्यती**ति । यत्केनापि लौकिकालौकिकनाशकेनापि न नश्यतीति । लौकिका दुःसङ्गादयः, अलौकिकाः कालादयः, तैरपि न नश्यतीत्यर्थः। अतः परं येन प्रकारेण त्रयाणां स्नेहादीनां मध्ये येन यथा स्वापनोदनं भवति, तथा तस्यापनोदनप्रकारं वदन्ति । अत्र स्नेहाद्युत्पत्तौ मुख्यापनोदकास्त्रयः, भगवदतिरिक्ते रागो गृहासक्तिर्भगवद्व्यतिरेकेणापि कालनिर्वाहः । तत्र रागादित्रयाणां क्रमेणैकैकापनोदकत्वमाहुः **स्नेहाद्रागविनाशः स्या**दिति। तत्र पूर्वं यथाकथञ्चिदल्पस्नेहाङ्कुरोत्पत्त्यापि भगवदतिरिक्ते रागो न भवति। तदनन्तरं यदासक्तिर्भवति, ततः प्रौढभावो भवति, तदा गृहासक्त्यपनोदो भवति । भगवदासक्त्या गृहासक्तिर्गच्छति ॥ ४ ॥

તે પહેલાં કહી ગયા તે બીજ વ્યસનભાવ થયા પછી દૃઢ થાય છે એમ **'शास्त्रे'** એટલે ભક્તિશાસ્ત્રમાં કહેવાય છે એમ અર્થ છે. દૃઢપણાનું લક્ષણ કહે છે - **'यन्नापि नश्यति'** વાક્યથી. એટલે કે જે કોઈ પણ લૌકિક-અલૌકિક નાશ કરનારાં તત્ત્વો વડે પણ નાશ ન થાય (ન થઈ શકે). (નાશ કરનારા) લૌકિક દુઃસંગ વગેરે છે, અલૌકિક કાલ વગેરે છે, તેઓ વડે જેનો નાશ ન થાય એમ અર્થ છે. હવે આગળ જે પ્રકાર વડે સ્નેહ-આસક્તિ-વ્યસન ત્રણેના મધ્યે જેના વડે જે પ્રકારે 'સ્વ' નો (અહં-મમ)નો નાશ થાય છે તે મુજબ તેના નાશનો પ્રકાર કહે છે. અહીં સ્નેહ-આસક્તિ-વ્યસનમાં મુખ્યરૂપમાં એને (સાધન કરી રહેલાને) સિદ્ધ

નહીં થવા દેનારા ત્રણ છે - એક ભગવાનથી અતિરિક્ત અન્યમાં રાગ હોવો, ગૃહ (ગૃહસ્થાશ્રમ)માં આસક્તિ હોવી અને ભગવાન વિના પણ કાલનો નિર્વાહ થવો (સમય પસાર થઈ શકવો). તેમાં આ ત્રણેમાં એક-એકનો નાશ કરનારાઓને અનુક્રમે કહે છે - **'स्नेहाद् रागविनाशः स्याद्' સ્નેહથી રાગનો નાશ થાય છે.** તેમાં પ્રથમ જેમ કેમે પણ અલ્પસ્નેહરૂપ અંકુરની ઉત્પત્તિ થકી પણ ભગવાનથી અતિરિક્તમાં રાગ થતો નથી. તે પછીથી જ્યારે આસક્તિ થાય છે - તેના થકી ભાવ પ્રૌઢ થાય છે, ત્યારે ગૃહાસક્તિનો નાશ થાય છે. ભગવદાસક્તિ વડે ગૃહાસક્તિ દૂર થાય છે ॥ ૪ ॥

आसक्त्यनन्तरं गृहारुचौ हेतुद्वयमाहुः **गृहस्थानामिति** ।

આસક્તિના અનન્તર ગૃહમાં અરુચિ થવામાં બે હેતુઓ જણાવે છે - **'गृहस्थानाम् ઘરમાં રહેલાઓને'** વગેરે વાક્યથી -

गृहस्थानां बाधकत्वमनात्मत्वं च भासते ।
यदा स्याद् व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैव हि ॥ ५ ॥

गृहे स्थितानां भार्यापुत्रादीनां, गृहे तिष्ठन्तीति गृहस्था भार्यापुत्रादयस्तेषां स्वसजातीयभावाभावात् तैः सह सम्बन्धस्य भावविघातकत्वस्फूर्त्या तेष्वरुचिर्भवत्येवेत्यत उक्तं **बाधकत्वं भासत** इति। ननु यद्यपि भार्यापुत्रादीनां [१]भावबाधकत्वमुक्तम्, तथापि **'न वा अरे पुत्राणां कामाय पुत्राः प्रिया भवन्ति, किन्त्वात्मनः कामाय पुत्राः प्रिया भवन्ति'** इत्यादिश्रुत्या तेषु आत्मसम्बन्धित्वेन प्रियत्वस्यापि स्फूर्त्या सर्वात्मना बाधकत्वस्फूर्तिर्न भविष्यतीत्याशङ्कानिरासाय तेषु तादृशस्य भगवदासक्तस्य आत्मसम्बन्धित्वस्फूर्त्यभावेन यथा सर्वात्मना प्रियत्वाभावस्तं प्रकारमाहुः **अनात्मत्वं च भासत** इति । स्वस्य भगवदासक्त्या निरुपाधिस्नेहास्पदत्वेन भगवत्येवात्मत्वं स्फुरति, न तु स्वात्मनि । अतो भगवदीयेष्वेवात्मसम्बन्धित्वं भासते । न तु स्वात्मसम्बन्धिष्वात्मसम्बन्धित्वं भासत इति । तेष्वात्मसम्बन्धित्वभानाभावात् बाधकत्वमेव भासते, न तु स्वात्मीयकत्वमिति ज्ञापनायोक्तं **बाधकत्वमनात्मत्व**मिति गृहारुचौ हेतुद्वयमुक्तम् ।

---

[१] भावसम्बन्धबाधकत्वमिति पाठः । भावसम्बन्धसकलमिति पाठश्च ।

સ્ત્રી-પુત્ર વગેરે કે જે જેઓ ઘરમાં રહે છે તે ગૃહસ્થો સ્ત્રી પુત્ર વગેરે (પોતાનાં સમ્બન્ધીઓ), કે જેઓ સ્વજાતિના ભાવ વિનાના (પોતે જે પુષ્ટિભક્તિના ભાવવાળો છે તે ભાવથી વિરોધી ભાવવાળા) હોવાથી તેમની સાથેનો સમ્બન્ધ ભાવમાં વિઘાત કરનાર છે તેમ હૃદયમાં સ્ફૂર્તિ વડે તેમનામાં અરુચિ થાય જ છે, તેથી જ કહ્યું કે - **'बाधकत्वं भासते'** (તેમનામાં) **બાધકતા ભાસે છે.**

શંકા – યદ્યપિ સ્ત્રી-પુત્ર વગેરેની ભાવબાધકતા કહી છે, તેમ છતાં પણ **'न वा अरे पुत्राणां कामाय पुत्राः प्रिया भवन्ति, किन्तु आत्मनः कामाय पुत्राः प्रिया भवन्ति'** (બૃ.ઉપ.૨-૪) વગેરે શ્રુતિઓ વડે આત્મસમ્બન્ધીપણાએ તેમનામાં પ્રિયપણાની સ્ફૂર્તિ વડે સર્વ પ્રકારે તેમનામાં બાધકતાની સ્ફૂર્તિ નહીં થશે (આંશિક જ બાધકતાની સ્ફૂર્તિ થશે) ? એમ શંકાના નિરસન માટે **ઉત્તર** – તેવા (પૂર્વોક્ત) ભગવાનમાં આસક્તિવાળાને તે (ગૃહસ્થો)માં આ મારા આત્મસમ્બન્ધી છે તેવી સ્ફૂર્તિ નહીં થવાથી જે પ્રકારે સર્વ રીતે તેમનામાં પ્રિયપણાનો અભાવ હોય છે તે પ્રકારને કહે છે - **'अनात्मत्वं च भासते'** વાક્યથી. પોતાને (આવા લોકોને) ભગવાનમાં આસક્તિ વડે કરીને કોઈ પણ પ્રકારની ઉપાધિ વિનાના સ્નેહાસ્પદ રૂપે ભગવાનમાં જ આત્મત્વ (આત્મીયપણું) સ્ફુરે છે, તેમને પોતાનામાં પણ આત્મત્વ

(આત્મીયપણું) સ્ફુરિત થતું નથી. તેથી કરીને જે ભગવદીયો છે તેમનામાં જ આત્મસમ્બન્ધીપણું ભાસે છે. નહીં કે પોતાના સમ્બન્ધીઓમાં આત્મસમ્બન્ધીપણું ભાસે છે. તેમનામાં (ગૃહસ્થોમાં) આત્મસમ્બન્ધીપણાનું ભાન નહીં હોવાથી તેમનામાં આ બધા બાધકો છે તેમજ ભાસે છે, તેઓમાં આત્મીયતાનું સ્ફુરણ થતું નથી એમ જણાવવા **બાધકતા અને અનાત્મતા** એમ ગૃહમાં અરુચિમાં બે હેતુઓ જણાવ્યા છે.

एवं तादृशस्य गृहारुचौ हेतुद्वयमुक्त्वा तस्यैव स्नेहवृद्धिपराकाष्ठामाहुः यदा स्यादिति । यदा यस्मिन्काले कृष्णे फलात्मके व्यसनं स्यात् । तद्दर्शनादिव्यतिरेकेण तत्सम्बन्धिव्यतिरेकेण स्थातुमशक्तिर्व्यसनं तद्यदा स्यात् । तादृशो भावो यदा स्यात्तदैव कृतार्थः स्यात् । कृतः अर्थो येन तादृशः स्यात् । अर्थोत्र भक्तिमार्गीय-साक्षाद्भगवत्सम्बन्धफलरूपः । सः स्वस्मिन्कृतो भवति, सम्पादितो भवति, तदा कृतः अर्थः पूर्वोक्तफलरूपो, भगवता तस्मै दत्तो भवतीत्यर्थः। नहि एतादृग्भावयुक्तस्य एतत्फलदानातिरिक्तं फलं दातुं युक्तमिति ज्ञापनायोक्तं हीति ।

આ પ્રમાણે તેવાઓને ગૃહમાં અરુચિ થવામાં બે હેતુઓને જણાવીને તેવા લોકોમાં રહેલા સ્નેહની વૃદ્ધિની પરાકાષ્ઠાને જણાવે છે - **यदा स्याद्** વાક્યથી. **यदा** એટલે જે સમયે-જે કાલમાં ફલાત્મક એવા **કૃષ્ણમાં વ્યસન થાય છે.** એટલે કે તે પ્રભુનાં દર્શન વગેરે વિના - તે પ્રભુના સમ્બન્ધીઓ વિના રહેવા અશક્તિ-એવું વ્યસન જ્યારે થાય. એટલે કે તેવો ભાવ જ્યારે થાય ત્યારે જ તે કૃતાર્થ થાય છે. એટલે કે પ્રાપ્ત કરી ચૂક્યો છે અર્થ-ભગવાનને જેણે, અથવા જે કંઇ કરી શકાય છે તે સર્વ કંઇ કરી ચુક્યો છે તેવો કૃતાર્થ થાય છે. અહીં અર્થ એટલે ભક્તિમાર્ગીય સાક્ષાત્ ભગવત્સમ્બન્ધરૂપી ફલ જ અર્થ છે. તે સમ્બન્ધ જ્યારે પોતાનામાં કરેલો હોય એટલે કે તે સમ્બન્ધનું જ્યારે પોતાનામાં સમ્પાદન થયું હોય, ત્યારે કૃત-અર્થ જે પૂર્વમાં કહેવાયેલ ફલરૂપ છે તે ભગવાન વડે તેને અપાયેલો -દાન કરેલો હોય છે એમ અર્થ છે. આવા પ્રકારના ભાવથી યુક્ત થયેલાને ઉપર જણાવેલ ફલદાનથી જૂદું કોઇ પણ ફલ આપવું યુક્ત નથી એમ જણાવવા **हि (निश्चये)** એમ કહ્યું છે. ॥ ૫ ॥

एवं तस्य व्यसनवतो योग्यताभावं फलं च निरूप्य तस्याग्रिमव्यवस्थामाहुः तादृशस्यापीति ।

આ પ્રમાણે તે વ્યસનવાળાની યોગ્યતાનો ભાવ અને તેનાં ફલનું નિરૂપણ કરીને તેની આગળની વ્યવસ્થાને જણાવે છે **'तादृशस्यापि તેવાઓને પણ'** - વાક્યથી.

तादृशस्यापि सततं गेहस्थानं विनाशकम् ।
त्यागं कृत्वा यतेद्यस्तु तदर्थार्थैकमानसः ॥ ६ ॥
लभते सुदृढां भक्तिं सर्वतोप्यधिकां पराम् ।
त्यागे बाधकभूयस्त्वं दुःसंसर्गात्तथान्नतः ॥ ७ ॥

तादृशस्यापि तादृग्भावयुक्तस्यापि, **सततं** निरन्तरं, **गेहस्थानं** गृहस्थितिः, तादृग्भावसत्सङ्गाभावा**द्विनाशकं** तद्भावविघातकमित्यर्थः। यो यस्य विघातकः स तत्सन्निधौ स्थातुं न शक्नोति । अत एव फलप्रकरणे **'यर्ह्यम्बुजाक्षे'**तिपद्ये व्रजरत्नरूपाभिर्निरूपितम् । यर्हि यत्प्रभृति त्वत्पादतलमस्प्राक्ष्म तत्प्रभृति अन्यसमक्षं स्थातुं न पारयाम इति । तदेव विवृतमाचार्यचरणैः । **'यथा देहाभिमानी व्याघ्रस्य देहविघातकत्वात्तत्संनिधौ स्थातुं न शक्नोती'**ति । अत उक्तं **तादृशस्ये**ति। अतः परं पूर्वोक्तभावयुक्तस्य गेहस्थितेर्भावविघातकत्वेन तत्र स्थातुमशक्त्या स गेहत्यागमेव करोतीत्याहुः **त्यागं कृत्वेति** । तस्य

गेहत्यागानन्तरं स्थितिप्रकारमाहुः **यतेद्यस्त्विति** । त्यागानन्तरं स यत्नमेव कुर्यात्, न तु प्रकारान्तरेण तिष्ठेत् । तस्य यत्नविषयमाहुः । **तदर्थार्थैकमानस** इति । तादृशस्य यद्विषयको भावः स विषयो भगवानेव भवतीति । स एवार्थः । स चासावर्थश्च तदर्थः भगवान् तदर्थं भगवदर्थमेकं केवलं मानसं मनो यस्य तादृशो भूत्वा सुदृढां भक्तिं लभते ।

તેવાને એટલે કે તેવા ભાવથી યુક્ત થયેલાને પણ **સતત** નિરંતર **ગેહસ્થાન** ગૃહમાં સ્થિતિ એ તેવો ભાવ અને સત્સંગ એનો ત્યાં અભાવ હોવાથી **વિનાશક** એટલે કે તે (પ્રાપ્ત) ભાવને માટે વિઘાતક છે એમ અર્થ છે. જેનો જે વિઘાતક છે તેની સન્નિધિમાં રહેવું શક્ય નથી. તેથી (તામસ) ફલપ્રકરણમાં **‘यर्ह्यम्बुजाक्ष’** એ પદ્યમાં વ્રજરત્નરૂપા શ્રીગોપીજનોએ નિરૂપણ કર્યું છે કે - **‘હે કમલનેત્ર પ્રભો ! જે ક્ષણે અમે તમારા ચરણતલનો સ્પર્શ કર્યો તે ક્ષણથી અમે બીજાની સમક્ષ ઊભા રહી શકતા નથી’**. તે જ વાતનું વિવરણ શ્રીઆચાર્યચરણે કર્યું કે - **‘જેમ દેહાભિમાની વ્યાઘ્ર દેહવિઘાતક હોવાથી તેની સન્નિધિમાં ઊભા રહેવું શક્ય નથી’**. (ભાગ. ૧૦-૨૯-૩૬) તેથી જ અહીં કહ્યું છે - **‘तादृशस्य -તેવાનું’** હવે આગળ પૂર્વમાં કહેવાયેલા ભાવથી યુક્ત થયેલા એવાને ગૃહમાં સ્થિતિ એ ભાવવિઘાતક હોવાથી ગૃહમાં રહેવું અશક્ય હોવાથી તે ગૃહત્યાગ જ કરશે એમ જણાવે છે - **‘त्यागं कृत्वा - ત્યાગ કરીને’** વાક્યથી. તેની ગૃહત્યાગ કર્યા પછી સ્થિતિનો પ્રકાર જણાવે છે - **‘यतेद् यस्तु - જે યત્ન કરે તો’** વાક્યથી. ત્યાગ કર્યા પછી તેણે યત્ન જ કરવો, નહીં કે (યત્ન છોડીને) કોઈ બીજા પ્રકારે રહેવું. તેનાં યત્નનો વિષય જણાવે છે - **‘तदर्थार्थैक मानसः - એકમાત્ર ભગવાનના અર્થે જ જેનું મન છે તેવો’** વાક્યથી. તેવાઓનો જે વિષયનો ભાવ છે તે વિષય ભગવાન જ હોય છે. તે ભગવાન જ જેનો અર્થ છે. તે જેનો અર્થ છે તે તદર્થ-ભગવાન તેમના અર્થે-ભગવાન અર્થે કેવલ એક મન છે જેનું તેવો થઈને સુદઢા ભક્તિનો લાભ કરે છે.

पूर्वं तस्य व्यसनपर्यन्तां सर्वानपनोद्यां भक्तिमुक्त्वापि पुनर्यत्तदर्थार्थैकमानस इत्युक्त्वापि **लभते सुदृढां भक्तिम्**इति यदुक्तं तस्यायमाशयः। ततोपि **सुदृढां** सर्वात्मभावरूपां **भक्ति**मिति साक्षात् स्वरूपानुभवफलिकां **लभत** इति । तल्लाभकथनेन तादृशस्य पूर्वोक्तातिविगाढभावेन विद्यमानदेहापगमानन्तरं लीलौपयिकमलौकिकं देहं प्राप्य साक्षात्स्वरूपसम्बन्धि[1] फलं लभत इत्यर्थः । फलरूपभक्तेः स्वरूपमाहुः **सर्वतोप्यधिकाम्**इति । सर्वतश्चतुर्विधमुक्त्यपेक्षयापि अधिकाम्। **परा**मगणितानन्दपुरुषोत्तमपर्यवसायिनीम् । एवं पूर्वोक्त भक्तिवृद्धिपर्यवसानं फलं चोक्त्वा पुनस्त्यागे बाधकभूयस्त्वकथनस्यायमाशयः । कदाचित्कश्चिद्भक्तिमार्गानुवर्ती पूर्वोक्तत्यागस्वरूपमज्ञात्वाहमपि गृहादित्यागं कृत्वा भक्तिवृद्धिं साधयिष्यामीति यदि गृहादिकं त्यक्तुमिच्छति तस्य तत्र निषेधमाहुः **त्यागे बाधकभूयस्त्वम्**इति । तादृशस्य त्यागे गृहादित्यागेन भक्तिवृद्धिसाधने बाधकभूयस्त्वात्फलं न सिध्यति ।

પૂર્વમાં તેની વ્યસનપર્યન્તની સર્વ પ્રકારની બાધાથી રહિત એવી ભક્તિને જણાવીને તદર્થાર્થૈકમાનસ એમ કહીને પણ (તદર્થાર્થૈકમાનસ થઈને યત્ન કરવાથી) તેને સુદઢા ભક્તિનો લાભ થાય છે એમ કહ્યું છે તેનો આ મુજબ આશય છે. તેથી પણ અધિક સુદઢા એટલે કે સર્વાત્મભાવરૂપા ભક્તિને કે જે સાક્ષાત્ સ્વરૂપાનુભવનું ફલ પ્રકટ કરનારી છે તે ભક્તિનો તે લાભ કરે છે. તે ભક્તિનો લાભ કહેવાથી તેવાને પૂર્વોક્ત અતિ વિગાઢભાવ વડે વિદ્યમાન દેહના છૂટચા પછી લીલામાં ઉપયોગી થાય તેવા દેહને પ્રાપ્ત કરીને તે સાક્ષાત્ સ્વરૂપ સમ્બન્ધી ફલનો લાભ કરે છે એમ અર્થ છે. ફલરૂપ ભક્તિનું સ્વરૂપ જણાવે છે -

---

[1] स्वरूपानुभवं लभत इति पाठः ।

‘सर्वतोप्यधिकाम् - સર્વથી પણ અધિક’ વાક્યથી. **‘सर्वतः’** એટલે ચારે પ્રકારની મુક્તિની અપેક્ષા પણ જે અધિક છે. **‘पराम्’** એટલે અગણિતાનન્દ એવા પુરુષોત્તમમાં પર્યવસાન પામનારી. આ પ્રમાણે પૂર્વમાં કહેવાયેલ ભક્તિવૃધ્ધિનું પર્યવસાન અને તેનું ફલ કહીને ત્યારપછી જે **त्यागेबाधकभूयस्त्वम् ત્યાગમાં ઘણાં બાધકો રહેલા છે** એમ જે કહ્યું છે તેનો આશય આ મુજબ છે. ક્યારેક કોઈક ભક્તિમાર્ગનું અનુવર્તન કરનારો પૂર્વમાં કહેવાયેલ ત્યાગનું સ્વરૂપ નહીં જાણીને હું પણ ગૃહ વગેરેને ત્યાગી ભક્તિવૃધ્ધિને સાધીશ એમ વિચારી ગૃહ વગેરેને ત્યાગવાની ઈચ્છા કરે તો તેવા માટે ત્યાગનો નિષેધ કરે છે - **‘त्यागे बाधकभूयस्त्वम्’** વાકયથી. તેવાઓને **त्यागे** એટલે ગૃહ વગેરેનો ત્યાગ કરવાથી ભક્તિવૃધ્ધિના સાધનમાં બાધકોની બહુલતા હોવાથી ફલ સિધ્ધ નહીં થાય.

(पूर्वोक्तप्रकार(क)त्यागिनस्तु दृढं यन्नापि नश्यतीति बाधकाभाव उपपादित एवेति पूर्वोक्त त्यागोत्र न विवक्षितः । तस्मात्पुनस्त्यागे बाधकभूयस्त्वं यदुच्यते स कदाचित्कश्चिदित्यनेन वक्ष्यमाणत्याग एव बाधकभूयस्त्वम्) । बाधकान्येबाहुः दुःसंसर्गादिति । दुःसंसर्गः स्वस्य पूर्वोक्तत्यागहेतुभूतभावाभावात्सर्वात्मना चित्तस्य भगवदेकपरत्वाभावेन चित्तचाञ्चल्याद्दुःसङ्गभगवद्भावाभाववतां लौकिकानां सङ्गः सम्भवतीति तस्य बाधकत्वं स्पष्टमेव । अथ च तस्य पूर्वसिद्धगृहादीनां [१]बुद्धिपूर्वकत्यागाभावाच्छरीरनिर्वाहार्थं यत्र कुत्रचिदन्नभक्षणेन तस्यान्नस्य भगवदसमर्पणजनितदोषवत्त्वेन तदन्नभक्षणेन स्वस्यापि बाहिर्मुख्यदोषः सम्भवति । यद्यप्येतादृशस्यापि बाधका दोषा इन्द्रियनिग्रहाभावरूपाः सम्भवति, तथापि दुःसङ्गान्नदोषयोरतिप्रबलत्वादुभावेव[२] गणितौ ॥ ७॥

---

[१]. त्यागादिति पाठः । [२]. तावेवेति पाठः ।

(પૂર્વમાં કહેવાયેલ પ્રકારના ત્યાગ કરનારાઓ માટે તો **‘दृढं यन्नापि नश्यति’** વાક્યથી તેમને બાધકોનો અભાવ કહી જ દીધો છે, તેથી પૂર્વમાં કહેવોયલ ત્યાગને અહીં **त्याग** શબ્દથી કહેવાની વિવક્ષા નથી. તેથી અહીં જે ત્યાગમાં બાધકોની બહુલતા કહેવાય છે તે ઉપરના વ્યાખ્યાનમાં **‘कदाचित् –कश्चित्’ ક્યારેક - કોઈક** વગેરે વાક્યો વડે કહેવાઈ રહેલા ત્યાગમાં જ બાધકોની બહુલતા છે એમ જાણવું). બાધકોને જ જણાવે છે **‘दुःसंसर्गात् – દુષ્ટનો સંસર્ગ થવાથી’** વગેરે વાક્યથી. દુઃસંસર્ગ છે તે પોતાને પૂર્વમાં કહેવાયેલ ત્યાગમાં હેતુરૂપ રહેલો ભાવ તેનો (પોતાનામાં) અભાવ હોવા થકી સર્વ પ્રકારે ચિત્તની એકમાત્ર ભગવાનમાં પરાયણતાના અભાવ વડે ચિત્તના ચાંચલ્ય થકી **દુઃસંગ** એટલે ભગવદ્‌ભાવ વિનાના લૌકિક ભાવવાળાઓનો સંગ સંભવે છે તેથી તેની બાધકતા સ્પષ્ટ જ છે. તેમજ તેના પૂર્વસિધ્ધ ગૃહ વગેરેનો બુધ્ધિપૂર્વકનો ત્યાગ નહીં હોવાથી (આગળ-પાછળને વિચાર્યા વિનાનો ત્યાગ હોવાથી) પોતાના શરીર નિર્વાહ અર્થે ક્યાંક (ગમે તેના) અન્ન ભક્ષણ થકી તેમજ તે અન્ન ભગવાનને સમર્પણ નહીં કરવાથી ઉત્પન્ન થનાર દોષવાળું હોવાથી તેવા અન્નના ભક્ષણથી પોતાનામાં પણ બહિર્મુખતા ઉત્પન્ન થવાનો દોષ સંભવે છે. યદ્યપિ આવાઓને પણ ઈન્દ્રિયનિગ્રહના અભાવરૂપ બાધક દોષો સંભવે છે, તેમ છતાં પણ દુઃસંગ અને અન્નદોષ એ બે અતિ પ્રબલ હોવાથી અહીં બેની જ ગણના કરી છે. ॥ ૬-૭ ॥

एवं सति तादृशेन दोषाभावपूर्वकं कथं कालनिर्वाहः कार्य इत्याकाङ्क्षायामाहुः अतः स्थेयं हरिस्थान इति ।

આ પ્રમાણે હોતાં આવા લોકોએ દોષ ઉત્પન્ન ન થાય તે મુજબ કેવી રીતે કાલનિર્વાહ કરવો-સમય વિતાવવો ? એમ આકાંક્ષા થાય તો કહે છે - **‘अतः स्थेयं हरिस्थाने’ - તેથી હરિના સ્થળમાં રહેવું’**

વગેરે વાક્યથી.

अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः ।
अदूरे विप्रकर्षे वा यथा चित्तं न दुष्यति ॥ ८ ॥

यतः पूर्वोक्तप्रकारस्थितौ दोषसम्भावना **अतो** दोषाभावपूर्वकं कालनिर्वाहार्थं **हरिस्थाने** स्वस्य भक्तिमार्गीयत्वात् भक्तिमार्गीयसेवाप्रकारयुक्तभगवत्स्थाने श्रीगोवर्धनादौ **स्थेयम्** । तत्रापि स्थितिप्रकारमाहुः **तदीयैः सह तत्परै**रिति । तदीयैर्भगवदीयैः सह स्थेयम् । तत्रापि तत्परैर्भगवत्स्वरूपतत्सेवातच्छ्रवणादिपरैः । एतत्प्रकारकस्थित्यभावे तत्रापि दुःसङ्गेन पूर्वसिद्धबुद्धिनाशसम्भवात् जीवनवैयर्थ्यमेव स्यादिति पूर्वोक्तप्रकारेण स्थेयमिति ज्ञापितम् । निरन्तरं तत्प्रकारकस्थित्यसम्भवे चित्तदोषाभावार्थं प्रकारान्तरेणापि स्थितिप्रकारमाहुः **अदूरे विप्रकर्षे वे**ति। **अदूरे** पूर्वोक्तस्थानात्स्वल्पान्तराये । अथवा **विप्रकर्षे** ततोपि किञ्चिद्दूरे स्थेयम् । **तदीयैः सह तत्परै**रिति स्थितिप्रकारमुक्त्वापि पुन**रदूरे विप्रकर्षे वे**ति यदुक्तं तस्यायमाशयः । अतिनिकटस्थितौ **'अतिपरिचयादवज्ञे'**ति न्यायेन कदाचिद्भगवद्भक्तावज्ञापि सम्भवति, तदभावायोक्तं **अदूरे विप्रकर्षे** वेति। तत्राप्येवमपि स्थित्वा तैः सह सङ्गः कार्य एव, न त्याज्य इत्युक्तं भवति । एवं प्रकारत्रयेण स्थितिप्रकारमुक्त्वापि स्थितिप्रकारनिर्गलितार्थमाहुः **यथा चित्तं न दुष्यती**ति । अस्यायमर्थः। पूर्वोक्तप्रकारैरथवा स्वमनोभिलषितप्रकारैर्वा यथा च भगवद्बाहिर्मुख्यदोषेण चित्तं न दुष्यति तथा स्थेयम्, न तु प्रकारान्तरेणेत्यर्थः । एवं पूर्वं भक्तिवृद्धिप्रकारमुक्त्वा वृद्धेः परमकाष्ठामुक्त्वा तत्साध्यं फलं चोक्तम् ॥ ८ ॥

જેથી કરીને પૂર્વમાં કહ્યા પ્રકારની સ્થિતિ હોતાં દોષો થવાની

સંભાવના રહે છે અતઃ દોષોની ઉત્પત્તિ ન થાય તે મુજબ કાલનો નિર્વાહ થાય તે માટે **હરિના સ્થળમાં** એટલે કે પોતે ભક્તિમાર્ગીય હોવાથી ભક્તિમાર્ગીય સેવાપ્રકાર જ્યાં હોય તેવા ભગવત્સ્થળમાં એટલે કે શ્રીગોવર્ધનનાથ (શ્રીનાથદ્વાર) વગેરે સ્થળે રહેવું. ત્યાં પણ કયા પ્રકારે સ્થિતિ કરવી તે જણાવે છે - **'तदीयैः सह तत्परैः - તદીય-તેમના અને તેમનામાં તત્પર થયેલાની સાથે'** વાક્યથી. **તદીય** એટલે ભગવદીયો સાથે રહેવું. તેમાં પણ -તે ભગવદીયોમાં પણ (જે) તત્પર એટલે કે ભગવત્સ્વરૂપમાં પરાયણ થયેલા હોય, તે શ્રીપ્રભુની સેવામાં તત્પર રહેતા હોય તથા તે શ્રીપ્રભુના શ્રવણ-કીર્તન-સ્મરણ વગેરેમાં પરાયણ રહેતા હોય તેવા ભગવદીયો સાથે રહેવું. આ પ્રકારની સ્થિતિ નહીં હોતાં ત્યાં પણ- ભગવત્સ્થળોમાં પણ દુઃસંગ વડે (ભગવાનમાં અતિશય સ્નેહવાળી) પૂર્વમાં સિદ્ધ થયેલી બુદ્ધિનો નાશ થવો સંભવ હોવાથી જીવન વ્યર્થ જ થાય તેથી પૂર્વોક્ત પ્રકારે (તદીય-તત્પર સાથે હરિસ્થળમાં) રહેવું એમ જણાવ્યું છે. આ પ્રકારે નિરંતર સ્થિતિ કરવી અસંભવ હોતાં ચિત્તમાં દોષ ન થાય તે માટે બીજા પ્રકારથી પણ સ્થિતિ કરવાનો પ્રકાર જણાવે છે - **'अदूरे विप्रकर्षे वा - બહુ દૂર નહીં અથવા બહુ પાસે નહીં'** વાક્યથી. **'अदूरे - બહુ દૂર નહીં'** એટલે પૂર્વમાં કહેવાયેલ સ્થાનથી (ભગવત્સ્થળમાં તદીયો-તત્પરો જ્યાં રહેતા હોય તે સ્થાનથી) થોડા અન્તરે રહેવું, અથવા તો **'विप्रकर्षे** એટલે કે તેથી પણ કંઈક વધુ દૂર રહેવું. **તદીયો-તત્પરોની સાથે સ્થિતિ** પ્રકાર કહીને પણ વધુમાં જે **'अदूरे विप्रकर्षेवा'** એમ જે કહ્યું છે તેનો આ મુજબ આશય છે - અતિનિકટ સ્થિતિ કરવામાં આવે તો ત્યારે **અતિપરિચયે અવજ્ઞા થાય** એ ન્યાયે ક્યારેક ભગવદ્ભક્તની પોતાના દ્વારા અવજ્ઞા પણ થઈ શકે છે, તેમ ન થાય તે માટે **બહુ દૂર નહીં અથવા તેથી દૂર'** એમ કહ્યું છે. તેમાં પણ આ પ્રમાણે (અદૂર-વિપ્રકર્ષ) રહીને પણ તેમની (તદીયો-તત્પરો)

સાથે સંગ અવશ્ય કરવો, તેમનો સંગ ત્યાગવો નહીં એમ કહેવાનું તાત્પર્ય છે. આ પ્રમાણે ત્રણ પ્રકારે (ભગવત્સ્થળમાં નિવાસ-તેમાં પણ તદીયો-તત્પરો સાથે નિવાસ-તેમનાથી કંઈક દૂર કંઇ પાસે રહીને પણ તેમનો સંગ) સ્થિતિ પ્રકાર જાણાવીને પણ સરવાળે સ્થિતિપ્રકારમાં જે કહેવા માંગે છે તે જાણાવે છે - **‘यथा चित्तं न दुष्यति – જે પ્રકારે ચિત્ત દુષિત ન થાય’** વાક્યથી. આનો આમ અર્થ છે - પૂર્વમાં કહેવાયેલ ત્રણ પ્રકારે અથવા પોતાના મનની ઈચ્છા મુજબ કોઈ પણ પ્રકારે સ્થિતિ કરવામાં આવે તે સ્થિતિ એ પ્રકારે કરવી કે જે પ્રકારે ભગવાનથી બહિર્મુખ ન થઈ ચિત્તમાં દોષ ન આવે તે મુજબ રહેવું, પણ બહિર્મુખતાથી ચિત્ત દુષિત થાય તેવા કોઈ પણ બીજા પ્રકારે ન રહેવું. આ પ્રમાણે ભક્તિવૃદ્ધિ પ્રકારને જાણાવીને તેમજ વૃદ્ધિની પરમ કાષ્ઠાને જાણાવીને તેનાથી જે ફલ સિદ્ધ થાય છે તે ફલ જાણાવ્યું ॥ ૮ ॥

तदनन्तरं भक्तिवृद्धिप्रकारमुक्त्वा वृद्धेः परमकाष्ठामुक्त्वा शुद्धपुष्टिसाधनप्रकारमज्ञात्वा गृहं त्यक्त्वा वृद्धिं साधयिष्यामीति प्रवृत्तस्य बाधसम्भावनानिराकरणपूर्वकं फलसिद्ध्यर्थं स्थितिप्रकारमुक्त्वा शुद्धपुष्टिभक्तिमार्गीयधर्मद्वयासक्तानामपि एतन्मार्गीयफलसिद्धिर्भवतीति ज्ञापनायाहुः **सेवायां वा कथायां** वेति ।

ત્યારપછી ભક્તિવૃદ્ધિ પ્રકારને કહીને, વૃદ્ધિની પરમ કાષ્ઠાને જાણાવીને, શુદ્ધપુષ્ટિ સાધનના પ્રકારને નહીં જાણીને ગૃહત્યાગ કરી વૃદ્ધિને સાધીશ એમ વિચારે (ત્યાગ કરી) પ્રવૃત્ત થયેલાને બાધસંભાવનાના નિરાકરણપૂર્વક તેને ફલ સિદ્ધ થાય તે માટે તેની સ્થિતિનો પ્રકાર જાણાવીને શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગીય બે ધર્મો (સેવા-કથા)માં આસક્ત થયેલાઓને પણ આ માર્ગના ફલની સિદ્ધિ થાય છે એમ જાણાવવા માટે કહે છે - **‘सेवायां वा कथायां वा – સેવામાં અથવા કથામાં’** વાક્યથી.

सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत् ।
यावज्जीवं तस्य नाशो न क्वापीति मतिर्मम ॥ ९ ॥

सेवायां शुद्धपुष्टिमार्गाचार्यैः प्रकटितप्रकारकसेवायां, तदवशिष्टसमये तन्मार्गीय**लीलाकथायां, यस्यासक्ति**श्चित्तव्यासङ्गपूर्वको **दृढाग्रहो यावज्जीवं भवेत्, तस्य न क्वापि** देशकालभेदेनापि तस्य भावस्य **नाशो न** भवति । स भावस्तस्य फलसाधको भवति । अथवा । विकल्पेनोभयोः कथनाद्भगवदिच्छया कस्यचित्सेवायामेव दृढासक्तिर्भवति। कस्यचित्तस्य लीलायामेव दृढासक्तिर्भवति[1] । परन्तु सासक्तिर्यावज्जीवमपेक्षिता, न तु यत्किञ्चित्कालम् । तस्येति पदाद्भगवदिच्छया सेवासक्तस्य कथासक्तस्य च क्वापि नाशो न भवति । तन्मार्गीयफलप्राप्तौ अन्तरायो न भवतीति **मम मतिर्म**दीया मतिः । तेन स्वमते फलविलम्बाभावे हेतुत्वकथनेन फलप्राप्तौ निःसन्दिग्धत्वमुक्तम् ॥ ९ ॥

‘सेवायाम् – સેવામાં એટલે શુદ્ધપુષ્ટિમાર્ગના આચાર્ય (શ્રીમદાચાર્યચરણ) દ્વારા પ્રકટ કરાયેલ પ્રકારની સેવામાં, તેમજ તે સેવામાં અવશિષ્ટ સમયમાં પુષ્ટિમાર્ગીયલીલાની કથામાં, **જેની આસક્તિ** એટલે ચિત્તની વિશેષ પ્રકારે આસક્તિપૂર્વક દઢ આગ્રહવાળો તે જીવન-પર્યન્ત થાય છે, ત્યારે તેનો-ક્યારેય કોઈ પણ દેશ કે કોઈ પણ કાલમાં તેના ભાવનો નાશ થતો નથી. તે ભાવ તેનાં ફલને સાધનારો થાય છે. અથવા, વિકલ્પે (**वा**) કહ્યું હોવાથી ભગવાનની ઈચ્છાથી કોઈકની સેવામાં દઢ આસક્તિ થાય છે, તો કોઈકની લીલામાં દઢ આસક્તિ થાય છે. પરન્તુ તે આસક્તિ જીવનપર્યન્ત રહેવી જરૂરી છે, (માત્ર) થોડા ઘણા સમય માટેની જ નહીં. **तस्य– તેની** એમ કહ્યું હોવાથી ભગવદિચ્છા

---

[1] भक्तिरिति पाठः ।

વડે સેવામાં આસક્ત હોય કે કથામાં આસક્ત હોય ક્યારેય-ક્યાંય પણ તેના ભાવનો નાશ થતો નથી. એટલે કે પુષ્ટિમાર્ગીય ફલપ્રાપ્તિ થવામાં તેને કોઈ અન્તરાય નડતો નથી એમ મારી (શ્રીઆચાર્યચરણની) મતિ છે (માનવું છે). આ પ્રમાણે કહેવાથી - પોતાના મતમાં ફલ વિલમ્બ થતો નથી તેનો હેતુ કહેવાથી તેને ફલપ્રાપ્તિ થવામાં કોઈ સંદેહ રહેતો નથી એમ કહેવાનું તાત્પર્ય છે ॥ ૯ ॥

एवं पूर्वश्लोके सेवासक्तकथासक्तयोः फलमुक्त्वा कदाचित्कश्चित् सेवासक्तं कथासक्तं भक्तं दृष्ट्वा स्वयमप्यासक्तिव्यतिरेकेण उत्साहमात्रेण सेवां कर्तुमिच्छति तस्य बाधः सम्भवति, तत्र बाधस्वरूपं तन्निवारणप्रकारं चाहुः बाधसम्भावनायां त्विति ।

આ પ્રમાણે સેવા અથવા કથામાં આસક્તનું ફલ જણાવીને ક્યારેક કોઈક સેવામાં આસક્તિવાળા ભક્તને જોઈને પોતે પણ આસક્તિ વિના જ કેવલ માત્ર ઉત્સાહથી જ સેવા કરવાની ઈચ્છા કરે છે તો તેવાને બાધા થવાની સંભાવના રહે છે, તે બાધાનું સ્વરૂપ અને તે બાધાના નિવારણનો પ્રકાર એમ બન્નેને જણાવે છે **'बाधसम्भावनायां तु - બાધા સંભવે ત્યારે તો'** વાક્યથી.

बाधसम्भावनायां तु नैकान्ते वास इष्यते ।
हरिस्तु सर्वतो रक्षां करिष्यति न संशयः ॥ १० ॥

बाधसम्भवे प्रकारान्तरेण बाधाभावव्युदास उक्तस्तुशब्देन । सेवाकरणे दृढासक्त्यभावात् उद्वेगेन भोगासक्त्या वा बाधसम्भवे सति स्वस्य सेवाकरणासक्तिजनितग्लान्या मत्तः सेवा न भवतीति मया गृहं त्वक्त्वा एकान्ते भगवन्नामस्मरणादिकं कर्तव्यमिति बुद्ध्या यद्येकान्ते स्थितिं कर्तुमिच्छति, तादृशस्यापि सेवात्यागपूर्वकैकान्तस्थितिरनुचितेति निषेधमाहुः नैकान्ते वास इष्यत इति । सेवां विहाय तस्यैकान्तवासो नेष्टः, सेवाकृतिरेवेष्टा । उद्वेगादिना प्रतिबन्धे कथं सेवाकरणं भवतीति चेत्तत्र समाधानमाहुः हरिस्त्विति । उद्वेगादिकमपि सोढ्वा यदि सेवामेव कुर्यात्तदा भगवान् तस्य सेवाग्रहं दृष्ट्वा स्वस्य सर्वदुःखहरणसामर्थ्यं प्रकटीकृत्य सेवाविघातोद्वेगादिकं दूरीकृत्य सेवासम्पत्तिमेव कारयेदिति ज्ञापनार्थमुक्तं हरिस्तु सर्वतो रक्षां करिष्यति न संशय इति । न संशय इति कथनाद्यद्यस्मिन्नर्थे संशयं कुर्यात्, तदा भगवानपि रक्षां न कुर्यादितीत्यर्थः । अत एव गीतास्वपि भगवतोक्तं 'संशयात्मा विनश्यती'ति । तस्मादस्मिन्नर्थे निःसन्दिग्धो भूत्वा भगवान् रक्षां करिष्यत्येवेति बुद्ध्या यदि सेवां कुर्यात्तदा भगवानपि रक्षां करोत्येवेति ज्ञापनायोक्तं न संशय इति । प्रकारान्तरेण रक्षाऽभावज्ञापनाय तुशब्दः । कथापरस्यापि बाधसम्भावनायां पूर्वोक्तव्यवस्थेति ज्ञातव्यम् ॥ १० ॥

બાધા સંભવ થાય ત્યારે બીજા પ્રકારે - બાધા ન થાય તે પ્રકારે **तु - તો** શબ્દથી કહે છે. સેવા કરવામાં દઢ આસક્તિના અભાવને કારણે (ચિત્તમાં) ઉદ્વેગ થવાથી અથવા ભોગો પ્રત્યે આસક્તિના કારણે બાધા સંભવ થતાં પોતાની સેવા કરવામાં અસમર્થતા છે તેમ જાણવાથી મનમાં ઉત્પન્ન થનારી ગ્લાનિના કારણે મારાથી સેવા થતી (થઈ શકતી) નથી તેથી ગૃહને ત્યાગી કોઈક એકાન્ત સ્થળમાં જઈ ભગવન્નામ સ્મરણ વગેરે કરવું જોઈએ તેવા વિચારે જો કોઈ એકાન્તમાં રહેવાની ઈચ્છા કરે, તો તેવાને પણ સેવા ત્યાગ કરી એકાન્તમાં વાસ કરવો અનુચિત છે એમ નિષેધ કરે છે - **'नैकान्ते वास इष्यते - એકાન્તમાં વાસ કરવો ઈષ્ટ નથી'** વાક્યથી. સેવાને છોડીને તેનો એકાન્તમાં વાસ કરવો ઈષ્ટ નથી; તેને માટે તો સેવા કરવી જ ઈષ્ટ છે. ઉદ્વેગ વગેરેના કારણે પ્રતિબંધ થતાં કેમ કરીને સેવા કરવી સંભવી શકે ? એમ શંકા થાય તો સમાધાનમાં કહે છે **'हरिस्तु- હરિ તો'** વાક્યથી. ઉદ્વેગ વગેરે થાય તો પણ તેને સહન

કરીને જો તે સેવા જ કરે ત્યારે ભગવાન તેના સેવા માટેના આગ્રહને જોઈને સર્વના-સર્વ પ્રકારના દુઃખોને દૂર કરવાનું પોતાનું સામર્થ્ય પ્રકટ કરીને સેવામાં વિઘાત કરનારા ઉદ્વેગ વગેરેને દૂર કરીને સેવાની સમ્પત્તિ જ કરાવે એમ જણાવવા કહ્યું **'हरिस्तु सर्वतो रक्षां करिष्यति न संशयः – તો હરિ સર્વ પ્રકારે રક્ષા કરશે તેમાં સંશય નથી'** વાક્યથી. **સંશય નથી** એમ કહેવાથી જે અર્થમાં સંશય કરવામાં આવે છે, ત્યારે ભગવાન પણ રક્ષા કરતા નથી એમ અર્થ છે. તેથી જ ગીતામાં પણ ભગવાને કહ્યું છે - **'संशयात्मा विनश्यति – સંશય ભરેલા મનવાળો નાશ પામે છે'**. (ગીતા.૪-૪૦) તેથી આ અર્થ બાબતમાં સંદેહરહિત થઈને ભગવાન રક્ષા કરશે જ એમ બુદ્ધિ રાખી સેવા કરે છે ત્યારે ભગવાન પણ રક્ષા કરે જ છે તેમાં સંશય નથી. કોઈ બીજા પ્રકારે રક્ષા થતી કે થઈ શકતી નથી તેમ જણાવવા **'तु'** શબ્દનો પ્રયોગ છે. કથામાં પરાયણ થયેલાને પણ બાધા સંભવે ત્યારે તેના માટે પણ પૂર્વમાં કહેવાયેલ (આ જ) વ્યવસ્થા જાણવી ॥ ૧૦ ॥

एवं स्वमार्गीयभक्तिप्रवृद्धिप्रकारमुक्त्वा तस्योपसंहारमाहुः इतीति।

આ પ્રમાણે સ્વમાર્ગીય (પુષ્ટિમાર્ગીય) ભક્તિવૃદ્ધિ પ્રકારને જણાવીને તેનો ઉપસંહાર કરતાં કહે છે - **'इति'** વગેરે વાક્યથી.

इत्येवं भगवच्छास्त्रं गूढतत्त्वं निरूपितम् ।
य एतत्समधीयीत तस्यापि स्याद्दृढा रतिः ॥ ११ ॥

इतीति समाप्तौ । एवमुक्तप्रकारेण भगवतः पुरुषोत्तमस्य भक्तिवृद्धिशिक्षाप्रकारकं शास्त्रं निरूपितं प्रतिपादितमित्यर्थः । शास्त्रस्वरूपमाहुः गूढतत्त्वमिति । गूढमत्यन्तं गुप्तं तत्त्वं वागविषयमनुभवैकवेद्यं स्वरूपं यस्य तादृशं निरूपितं प्रतिपादितमित्यर्थः । एवं शास्त्रस्वरूपं निरूप्यैतदध्ययनकर्तुरपि यथैतन्मार्गीयं फलं सिध्यति तत्प्रकारकमध्ययनस्वरूपमाहुः य एतदिति । य इति सामान्योक्त्या नात्र वर्णाश्रमादिनियम उक्तः । एतद् भक्तिवर्धिनीरूपं शास्त्रं समधीयीतेति । अध्ययने सम्यक्त्वोक्त्या न केवलं पाठमात्रकरणम्, किन्तु प्रतिपदमर्थाभिप्रायविचारपूर्वकमध्ययनमुक्तम् । एवं विचारपूर्वकाध्ययनकरणे तत्प्रतिपाद्यार्थनिरन्तरानुसन्धानादन्तःकरणदोषनिवृत्त्या तन्मार्गस्वरूपस्य हृदि स्फुरणात्तन्मार्गस्य पुरुषोत्तमैकपरत्वात् तद्द्वारा स्वस्यापि तत्स्फूर्तौ भक्तिमार्गीयाचार्याङ्गीकारस्य सिद्धत्वात् तादृशस्यापि सुदृढा अत्यन्तं निश्चला रतिः रसभावयुक्तस्नेहो भवतीत्यर्थः ॥ ११ ॥

'इति' સમાપ્તિ સૂચક છે. આ મુજબ કહ્યા પ્રકારે ભગવાન પુરુષોત્તમની ભક્તિવૃદ્ધિની શિક્ષા પ્રકારના શાસ્ત્રનું નિરૂપણ-પ્રતિપાદન થયું એમ અર્થ છે. શાસ્ત્રસ્વરૂપને જણાવે છે - **'गूढतत्त्वम् – ગૂઢતત્ત્વ'** વાક્યથી. **ગૂઢ** એટલે અત્યન્ત ગુપ્ત તત્ત્વ વાણીથી જે કહી ન શકાય તેવું, માત્ર અનુભવથી જ જાણી શકાય તેવું જેનું સ્વરૂપ છે તે પ્રકારનું (તત્ત્વ) નિરૂપિત-પ્રતિપાદિત થયું એમ અર્થ છે. આ પ્રમાણે શાસ્ત્રના સ્વરૂપનું નિરૂપણ કરીને આ (ગ્રન્થ) નું અધ્યયન કરનારને પણ જે પ્રકારે આ માર્ગનું ફલ સિદ્ધ થાય તે પ્રકારના અધ્યયનનું સ્વરૂપ જણાવે છે - **'य एतद् - જે આ'** વાક્યથી. **'यः – જે'** એમ સામાન્યપણે કહ્યું હોવાથી (આ ગ્રન્થના અધ્યયનમાં) અહીં વર્ણ-આશ્રમ વગેરેના નિયમો કહ્યા નથી (લાગુ પડતા નથી). **एतद्** આ ભક્તિવર્ધિનીરૂપ શાસ્ત્રનું **समधीयीत** સારી રીતે અધ્યયન કરે. અધ્યયનમાં **सम्** ઉપસર્ગથી સમ્યક્ પ્રકારે - સારી રીતે અધ્યયન જણાવ્યું હોવાથી ફક્ત ગ્રન્થનો પાઠ માત્ર કરવો એમ નહીં પણ ગ્રન્થમાં કહેવાયેલ પ્રત્યેક પદનો અર્થ અને અભિપ્રાય

શો છે તેના વિચારપૂર્વક અધ્યયન કરવું જણાવ્યું છે. આ પ્રમાણે વિચારપૂર્વક અધ્યયન કરવામાં ગ્રન્થમાં પ્રતિપાદન કરાયેલ અર્થના નિરન્તર અનુસન્ધાન થકી અન્તઃકરણના દોષની નિવૃત્તિ થઈ પુષ્ટિભક્તિ માર્ગના સ્વરૂપનું સ્ફુરણ થઈને પુષ્ટિભક્તિમાર્ગ એ એકમાત્ર પુરુષોત્તમ પરજ હોવાથી તેના વડે કરીને પોતાને પણ પુરુષોત્તમની સ્ફૂર્તિ થતાં (તેમજ) ભક્તિમાર્ગીય આચાર્ય (શ્રીઆચાર્યચરણ) દ્વારા પોતાનો અંગીકાર સિધ્ધ હોવાથી તેવાઓને પણ **સુદૃઢા** એટલે કે અત્યન્ત નિશ્ચલા **રતિઃ** એટલે રસભાવયુક્ત સ્નેહ થાય છે તેમ અર્થ છે. ॥ ૧૧ ॥

पितृपादनखालोकप्रकाशितधिया मया ।
स्वाचार्यचरणाख्येन विवृता भक्तिवर्धिनी ॥ १ ॥
कृपया पितृपादाब्जैर्दत्ता मे यादृशी मतिः ।
तन्मया विवृतं भक्तिवृद्धिशास्त्रं सुदुर्लभम् ॥ २ ॥
यद्यपीश्वरवाक्यानि दुर्बोधानि सदा स्वतः ।
तत्कृपातो यथाबोधं विवृतानि न चान्यथा ॥ ३ ॥
बुद्धिदोषेण यद्यत्र व्याकृतौ चेद्विपर्ययः ।
क्षमन्त्वाचार्यचरणाः स्वकीयेषु दयालवः ॥ ४ ॥
(श्रीवल्लभेन[१] रचिता या विवृतिर्भक्तिवर्धिन्याः ।
चित्रं समस्ते लोके सञ्जाता भक्तिवर्धिनी सापि ॥ ५ ॥)

इति श्रीपितृचरणैकतानश्रीवल्लभविरचिता भक्तिवर्धिनीविवृतिः समाप्ता ।

પિતૃચરણ (શ્રીગુસાંઇજી)ના ચરણનખચન્દ્રની કાન્તિથી પ્રકાશિત બુધ્ધિ વડે સ્વ-નિજ આચાર્યચરણ તરીકે (નિજસેવકોમાં) પ્રસિદ્ધ એવા (શ્રીમહાપ્રભુ દ્વારા રચાયેલ) ભક્તિવર્ધિની વિવૃત થઈ ॥ ૧ ॥

પિતા (શ્રીગુસાંઈજી)ના ચરણકમલે કૃપા કરીને મને જે પ્રકારની બુધ્ધિ આપી, તે બુધ્ધિ વડે મેં અતિશય દુર્લભ એવું આ ભક્તિવૃધ્ધિનું શાસ્ત્ર વિવરણ કર્યું ॥ ૨ ॥

યદ્યપિ ઈશ્વરવાક્ય સ્વતઃ (પોતાના સ્વરૂપે) સદા દુર્બોધ (સરળતાથી જાણી ન શકાય તેવા) હોય છે, (તેમ છતાં પણ) જે પ્રકારે બોધ થાય તે પ્રકારે તેમની કૃપાથી જ આ વિવરણ થયું (થઈ શક્યું) છે, બીજા કોઈ પણ કારણે નહીં (કૃપાથી અતિરિક્ત અન્ય કોઈ કારણ નથી) ॥ ૩ ॥

(તેમ છતાં પણ) મારી બુધ્ધિના દોષને કારણે જો અહીં (આ વિવરણમાં) કંઈક વિપરીત કહેવાઈ ગયું હોય તો, પોતાના નિજજનોમાં અતિશય દયાલુ એવા શ્રીઆચાર્યચરણ ક્ષમા કરો ॥ ૪ ॥

(શ્રીવલ્લભ (શ્રીગોકુલનાથજી) વડે જે ભક્તિવર્ધિનીની વિવૃતિ કરાઈ તે સમસ્ત વિશ્વમાં આશ્ચર્યરૂપ બની ગઈ અને તે ભક્તિ વધારનાર બની ગઈ. ॥ ૫ ॥)

આ પ્રમાણે એકમાત્ર શ્રીપિતૃચરણમાં જ એકતાન થયેલા શ્રીવલ્લભ (શ્રીગોકુલનાથજી) દ્વારા રચાયેલ ભક્તિવર્ધિની વિવૃતિ સમાપ્ત થઈ ॥

---

[१] **अयं श्लोकः पाश्चात्यः ।**

॥ श्रीकृष्णाय नमः ॥

श्रीपुरुषोत्तमकृता भक्तिवर्द्धिनी विवृतिः

(गुर्जरानुवादसमेता)

प्रणम्य गोकुलाधीशभक्तिमार्गाब्जभास्वतः ।
आचार्यांस्तद्दयादृष्ट्या व्याकुर्वे भक्तिवर्धिनीम् ॥

શ્રીગોકુલાધીશ શ્રીકૃષ્ણની ભક્તિનો જે માર્ગ તે ભક્તિમાર્ગરૂપી કમલના સૂર્ય સમાન શ્રીઆચાર્યચરણને પ્રણામ કરીને ભક્તિવર્ધિનીની વ્યાખ્યા કરું છું.

अथ श्रीमदाचार्यचरणा भगवता एकादशस्कन्धे चतुर्दशाध्याये ‘न साधयति मां योग’ इत्यत्रोपलक्षणविधया सर्वेषां योगादीनामुपायानां स्वासाधकत्वमुक्त्वोर्जितायाः[1] भक्तेः स्वसाधकत्वमुक्तम्, तत्र किं नामोर्जितत्वमित्याकाङ्क्षायां प्रवृद्धत्वमेवोर्जितत्वमित्यभिसन्धाय भक्तिवृद्ध्युपायं स्वीयानामर्थे वक्तुं प्रतिजानते यथा भक्तिरित्यादि ।

अथ । ભગવાને એકાદશસ્કન્ધના ચૌદમા અધ્યાયમાં **‘મને યોગ સાધી શકતો નથી’** (ભાગ.૧૧-૧૪-૨૦) અહીં ઉપલક્ષણ વિધિ વડે યોગ વગેરે સર્વ ઉપાયો પોતાને-ભગવાનને સાધી શકે તેમ નથી એમ જણાવીને ઊર્જિતા ભક્તિને તે પોતાને - ભગવાનને સાધી શકે છે તેમ જણાવ્યું. ત્યાં ઊર્જિતપણું કોને માનવું એવી આકાંક્ષામાં પ્રવૃદ્ધપણું જ ઊર્જિતપણું છે એમ ઉદ્‌ઘોષિત કરીને તે ભક્તિની વૃદ્ધિનો ઉપાય પોતાના નિજજનોને અર્થે કહેવાની પ્રતિજ્ઞા કરે છે - **‘यथा भक्तिः - જે પ્રકારે ભક્તિ’** વગેરે વાક્યથી.

यथा भक्तिः प्रवृद्धा स्यात्तथोपायो निरूप्यते ।

तत्र भक्तिशब्दो माहात्म्यज्ञानपूर्वकसुदृढस्नेहे रूढः । **‘माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिकः । स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथे’**ति पञ्चरात्रस्मृतेः, **‘सा परानुरक्तिरीश्वर’** इति शाण्डिल्यसूत्रोक्ताद्भक्तिलक्षणात्, **‘रतिर्देवादिविषया भाव इत्यभिधीयत’** इति भावलक्षणस्मृतेश्च । स्नेहश्च ज्ञानादिभ्योऽतिरिक्तो मनोधर्मविशेषः । प्रीणाम्यनुरज्यामि स्निह्यामीत्यनुव्यवसायेन मानसप्रत्यक्षगम्य इति शाण्डिल्यसूत्रभाष्ये स्वप्नेश्वराचार्यैर्व्यवस्थापनात् । नचैवं सति स्नेहमात्रमेव भक्तिरिति शङ्क्यम् । **‘गोप्यः कामाद्भयात्कंसो द्वेषाच्चैद्यादयो नृपाः । सम्बन्धाद्वृष्णयः स्नेहाद्यूयं भक्त्या वयं विभो’** इति सप्तमस्कन्धीयनारदवाक्ये भक्तिस्नेहयोर्निर्देशभेदस्य विरोधापत्तेः । उक्तपञ्चरात्रस्मृत्यादिषूक्तानां तद्विशेषणानां वैयर्थ्यापत्तेश्च । तस्मात्तावद्विशेषणविशिष्टस्नेह एव रूढो, न केवल इति निश्चयः ।

(ભક્તિપદના અર્થમાં) ભક્તિ શબ્દ માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સ્નેહમાં રૂઢ છે. **‘માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વથી અધિક સ્નેહને ભક્તિ કહ્યું છે અને તે વડે જ મુક્તિ છે, બીજા કોઈ પ્રકારે નહીં’** (નારદપંચરાત્ર) એમ પંચરાત્ર સ્મૃતિમાં કહેવા થકી, **‘તે ભક્તિ ઈશ્વરમાં પરમ અનુરાગ થવો છે’** એમ શાંડિલ્ય ભક્તિસૂત્રથી અને **‘દેવ આદિ વિષયવાળી રતિ ભાવ એમ કહેવામાં આવે છે’** એમ ભાવ લક્ષણ સ્મૃતિથી (વગેરે પ્રમાણોથી ભક્તિ શબ્દ ઉપર્યુક્ત અર્થે રૂઢ છે). તેમજ સ્નેહ એ જ્ઞાન વગેરેથી અલગ જ એક વિશેષ પ્રકારનો મનોધર્મ છે. પ્રસન્ન કરું છું યા પ્રેમ કરું છું, અનુરાગ કરું છું, સ્નેહ કરું છું વગેરે રૂપમાં વ્યવહાર થતો

---

[1] तृतीयस्कन्धे च ‘सा श्रद्दधानस्य विवर्धमाना विरक्तिमन्यत्र करोति पुंसः । हरेः पदानुस्मृतिनिर्वृतस्य समस्तदुःखात्ययमाशु धत्ते’ इति ।

પ્રત્યક્ષમાં જોવામાં આવતો હોવાથી સ્નેહ એ માનસ પ્રત્યક્ષગમ્ય છે એમ શાંડિલ્યસૂત્રના ભાષ્યમાં સ્વપ્નેશ્વરાચાર્યે વ્યવસ્થાપિત કર્યું હોવાથી. આમ કહેવાથી માત્ર સ્નેહ જ ભક્તિ છે એમ શંકા કરવી જોઈએ નહીં. **‘ગોપીઓ કામથી, ભયથી કંસ, દ્વેષથી શિશુપાલ વગેરે રાજાઓ, સમ્બન્ધથી વૃષ્ણિઓ, સ્નેહથી તમે (પાંડવો), ભક્તિથી અમે (નારદ વગેરે ઋષિઓ (કૃષ્ણગતિ પામ્યા છે)’** (ભાગ.૭-૧-૩૦) એમ સપ્તમસ્કન્ધમાં નારદ વાકયમાં ભક્તિ સ્નેહ બન્નેનો ભેદ નિર્દેશ થયો હોવાથી તે વાક્ય સાથે વિરોધ આવશે તેમજ પંચરાત્ર સ્મૃતિ વગેરેમાં કહેવાયેલ સ્નેહનાં વિશેષાણો વ્યર્થ થવાની આપત્તિ આવશે.તેથી તે બધાં જ વિશેષાણોથી વિશિષ્ટ થયેલો સ્નેહ જ (ભક્તિ શબ્દના અર્થમાં) રૂઢ છે, (તે વિશેષાણોથી વિશિષ્ટ થયા વિનાનો) કેવલ સ્નેહ રૂઢ નથી એમ નિશ્ચય થાય છે.

योगविचारे तु **‘भज सेवाया’**मिति धातोर्भावे क्तिन्प्रत्यये कृते भक्तिरिति भवति । भावश्च क्रिया[1]सामान्यम् । **‘प्रकृतिप्रत्ययौ सहार्थं ब्रूतः, तयोस्तु प्रत्ययः प्राधान्येने’ति** वैयाकरणनियमात् धात्वर्थव्यङ्ग्या या प्रधानभूता क्रिया तत्र पर्यवस्यति । प्रधानभूता च क्रिया मानस्येव । **‘अन्यत्रमना अभूवन्नाश्रृणवम्, अन्यत्रमना अभूवन्नापश्यमि’** तिवाजसनेयश्रुतौ मनसः प्राधान्यश्रावणेन तत्क्रियाया एव प्राधान्यस्यौचित्यात् । तथाच सेवाभिव्यङ्ग्या प्रेमरूपा मानसी सेवा भक्तिरिति तत्र योगरूढः सिध्यति । तथाच श्रवणादिनवकेपि पारिभाषिकः। **‘श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् । अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् । इति पुंसार्पिता विष्णौ भक्तिश्चेन्नवलक्षणे’**ति सप्तमस्कन्धे प्रह्लादवाक्यात् । अन्ये तूपासनायामपि भक्तिशब्दं प्रयुञ्जते । नैयायिकास्तु आराध्यत्वेन ज्ञानं भक्तिरित्याहुः । तन्मते बुद्धिविशेष एव भक्तिः । वस्तुतस्तु तत्र

---

[1] साम्यमिति पाठः

सारूप्यप्रयुक्ता गौणी । पूर्ववद्रूढ्यादिज्ञापकप्रमाणाभावात्[1] । तृतीयस्कन्धे पञ्चविंशाध्याये श्रीकपिलदेवैस्तु **‘काचित्त्वय्युचिता भक्तिः कीदृशी मम गोचरे’**ति देवहूतिप्रश्ने **‘देवानां गुणलिङ्गानामानुश्रविककर्मणाम् । सत्त्व एवैकमनसो वृत्तिः स्वाभाविकी तु या, अनिमित्ता भागवती भक्तिः सिद्धेर्गरीयसी, जरयत्याशु या कोशं निगीर्णमनलो यथे’**ति स्वरूपकार्यलक्षणाभ्यां बोधिता। तत्र एकमनसः पुंस इन्द्रियाणां स्वाभाविकी अनिमित्ता सत्त्वोपाधौ भगवति वृत्तिर्निष्ठेति स्वरूपलक्षणम्। कोशजरणं च कार्यलक्षणमिति सिध्यति । तत्सुबोधिन्यां **‘सत्त्वपदं सांख्यानुसारात्, ‘वस्तुतस्तु मूलरूप’** इति व्याख्यातत्वात्स्पष्टम्। अष्टा[2]विंशाध्याये तु **‘भक्तियोगो बहुविध’** इति पुरुषस्वभावभेदकृतमार्गभेदेन भक्तियोगस्य बहुविधत्वं प्रतिज्ञाय, त्रिविधं सात्त्विकराजसतामसभेदेन तदेव नवधा त्रिभिः श्लोकैरभिधाय, ततो **‘मद्गुणश्रुतिमात्रेण मयि सर्वगुहाशये । मनोगतिरविच्छिन्ना यथागङ्गाम्भसोऽम्बुधौ । लक्षणं भक्तियोगस्य निर्गुणस्याप्युदाहृत’** मित्यनेन भगवद्गुणश्रवणमात्रात् भगवत्यविच्छिन्नां मनोगतिं यो जनयति सः भावः[3] निर्गुणभक्तियोगाख्य इत्येवं लक्षितः । ततः **‘अहैतुक्यव्यवहिता या भक्तिः पुरुषोत्तमे । सालोक्यसार्ष्टिसामीप्यसारूप्यैकत्वमप्युत । दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जना’** इति सार्धाभ्यां कालकर्माव्यवहिता पुरुषोत्तमविषयिणी स्वतः पुरुषार्थरूपा या सेवा सा आत्यन्तिकभक्तिरित्येवं लक्षिता । अत्र च भक्तिशब्दः प्रेमसेवायां योगरूढो गृहीत इति **‘सालोक्ये’**तिवाक्यादवसीयते। अयमेव चैकादशस्कन्धे द्वादशाध्याये **‘केवलेन हि**

---

[1] प्रामाण्याभावादिति पाठः, [2] एकोनविंशाध्याय इति पाठः, अष्टाधिको विंशो यत्रैकोनविंशे सोष्टाविंशः तादृशेध्याये, [3] तेन मनसो गतिर्येन भावेनेति विग्रहः। एवं ‘भक्तिरस्य भजन’मित्यस्यां मनःकल्पनशब्देऽपि ।

भावेन गोप्यो गावः खगा मृगाः । येन्ये मूढधियो नागाः सिद्धा मामीयुरञ्जसे’त्यादिभिः श्लोकैर्भगवता परामृष्टो ज्ञेयः ।

પરંતુ યોગાર્થ વિચારમાં **‘भज् सेवायाम्’** એમ સેવાના અર્થવાળો ભજ્ ધાતુ એને ભાવમાં **क्तिन्** પ્રત્યય કરતાં **भक्ति** એમ પદ બને છે. ભાવ એ ક્રિયાની સામાન્ય અવસ્થા છે. **પ્રકૃતિ અને પ્રત્યય સહ અર્થ** (એટલે કે બન્નેના અર્થો પરસ્પર બન્નેને અનુકૂલ હોય તેમ) **કહેવા જોઈએ, તે બે (પ્રકૃતિ-પ્રત્યય)માં પણ પ્રત્યયના અર્થની પ્રધાનતાએ કહેવા જોઈએ** એમ વ્યાકરણશાસ્ત્રનો નિયમ હોવાથી **भज्** ધાતુના **सेवा** અર્થને સ્પષ્ટ કરનારી જે પ્રધાનભૂતા ક્રિયા **(स्निह्यामि** સ્નેહ કરું છું એટલે કે સ્નેહ કરવો) એનું ભક્તિમાં પર્યવસાન થાય છે અને પ્રધાનભૂતા જે ક્રિયા છે તે માનસી-મનમાં થનારી જ છે. **‘અન્યત્ર મનવાળા થઈને સાંભળતા નથી, અન્યત્ર મનવાળા થઈને દેખતા નથી’** એમ વાજસનેય શ્રુતિમાં મનની પ્રધાનતા જણાવી હોવાથી તે માનસી ક્રિયાનું જ પ્રાધાન્ય કહેવું ઉચિત છે. તેથી સેવાને સ્પષ્ટ કરનારી પ્રેમરૂપા માનસી સેવા ભક્તિ છે એમ યોગરૂઢ અર્થ સિદ્ધ થાય છે. તેમજ સપ્તમ સ્કન્ધ પ્રહ્લાદના વાક્યમાં પણ - **શ્રવણ-કીર્તન-વિષ્ણુનું સ્મરણ-પાદસેવન-અર્ચન-વંદન-દાસ્ય-સખ્ય-આત્મનિવેદન, આ પ્રકારે જીવ દ્વારા વિષ્ણુને અર્પણ કરાયેલ નવ લક્ષણવાળી ભક્તિ જો થાય’** (ભાગ.૭-૫-૨૩.૨૪) એમ આ વાક્યમાં પણ શ્રવણ વગેરે નવમાં ભક્તિ શબ્દ પારિભાષિક જ પ્રયુક્ત છે. બીજાઓ તો ઉપાસનાને પણ ભક્તિ શબ્દથી પ્રયોજે છે. ન્યાયશાસ્ત્રને માનનારાઓ તો આરાધ્યપણાએ જ્ઞાનને ભક્તિ કહે છે. તેમના મતે એક વિશેષ પ્રકારની બુદ્ધિ થવી જ ભક્તિ છે. વાસ્તવમાં તો ત્યાં ન્યાયશાસ્ત્રમાં પૂર્વમાં કહ્યા મુજબ રૂઢિ વગેરેથી અર્થને જણાવનારાં પ્રમાણોનો અભાવ હોવાથી ત્યાં સારૂપ્યમાં પ્રયોજાતી ગૌણી (ભક્તિ) છે. તૃતીય સ્કન્ધના પચીસમાં અધ્યાયમાં **‘હે પ્રભુ ! કેવા પ્રકારની તમારામાં કરાયેલી ભક્તિ ઉચિત છે અને જેને હું જાણી શકું - ગ્રહણ કરી શકું તેવી કઈ છે ? ’** (ભાગ.૩-૨૫-૨૮) એમ દેવહૂતી દ્વારા પ્રશ્ન કરાતાં તેનો ઉત્તર આપતાં શ્રીકપિલદેવજીએ કહ્યું - **‘વેદવિહિત કર્મમાં જ જેની ઈન્દ્રિયો પરાયણ છે તેવા દૈવી ઈન્દ્રિયવાળા એક મનસ્ પુરુષની સત્ત્વમૂર્તિ ભગવાનમાં જે સ્વભાવિકી વૃત્તિ છે તે ભક્તિ છે અને તે પણ સર્વ સિદ્ધિઓથી શ્રેષ્ઠ એવી કોઈ પણ નિમિત્ત વિનાની થાય, ભાગવતી થાય ત્યારે તે જેમ ખાધેલા અન્નને જઠરાગ્નિ પચાવે છે તેમ આ ભક્તિ પણ કોશ (લિંગ શરીર)નો નાશ કરે છે’** (ભાગ.૩-૨૫-૩૨,૩૩) એમ ભક્તિનુંસ્વરૂપ લક્ષણ તથા કાર્યલક્ષણ એ બે લક્ષણોથી ભક્તિને કહી. એમાં એક મનસ્ પુરુષની ઈન્દ્રિયોની સ્વાભાવિકી નિમિત્ત વિનાની સત્ત્વોપાધિ ભગવાનમાં વૃત્તિ એટલે કે નિષ્ઠા થવી એ ભક્તિનું સ્વરૂપલક્ષણ છે અને કોશનો નાશ કરવો એ ભક્તિનું કાર્યલક્ષણ છે એમ સિદ્ધ થાય છે. આને જ સુબોધિનીમાં (ભાગવતવાક્યમાં) **સત્ત્વપદ એ સાંખ્યમત પ્રમાણે કહ્યું છે વસ્તુતસ્તુ મૂલરૂપમાં** એમ વ્યાખ્યાન કર્યું હોવાથી સ્પષ્ટ જ છે. પરંતુ (ત્યાંથી આગળ) અઠ્ઠાવીસમા અધ્યાયમાં **‘ભક્તિયોગ ઘણા પ્રકારનો છે’** (ભાગ.૩-૨૯-૭) એમ પુરુષ - દેહધારી જીવના સ્વભાવભેદના કારણે થયેલ માર્ગભેદ વડે ભક્તિયોગની બહુવિધતાને જણાવીને સાત્ત્વિક-રાજસ-તામસ ભેદ વડે ત્રિવિધતાએ અને એ ત્રણેને જ (ગુણોના પરસ્પરના મિશ્રણથી ૩ X ૩ = ૯) નવ પ્રકારે ત્રણ શ્લોકો વડે જણાવીને ત્યાર પછી **‘જેમ ગંગાનું જળ સમુદ્રપ્રતિ નિરંતર વહ્યા કરે છે તેમ મારા ગુણોના શ્રવણમાત્રથી સર્વના હૃદયમાં રહેનારા એવા મારામાં મનની વણતૂટી-એકધારી ગતિ થવી એ નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ છે’** (ભાગ.૩-૨૯-૧૧) આના વડે ભગવાનના ગુણોના શ્રવણમાત્રથી ભગવાનમાં એકધારી મનની ગતિ જે પ્રકટ કરે છે તે ભાવ ભક્તિયોગ નામે છે એમ (સ્નેહ) ભાવને લક્ષિત કરી જણાવ્યું. ત્યારપછી **‘ફલના અનુસંધાન વિનાની કાલ-કર્મના**

વ્યવધાન વિનાની જે પુરુષોત્તમમાં કરાયેલી ભક્તિ છે કે (જેના કારણે) મારી સેવાથી અતિરિક્ત સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય, એકત્વ (રૂપમુક્તિ) આપવામાં આવે તો પણ એ લોકો સ્વીકારતા નથી' (ભાગ.૩-૨૯-૧૨,૧૩) એમ દોઢ શ્લોક વડે કાલ-કર્મના વ્યવધાન વિનાની, પુરુષોત્તમ વિષયવાળી અને સ્વતઃ પુરુષાર્થરૂપા જે સેવા છે તે આત્યન્તિક ભક્તિ છે એમ ભક્તિને લક્ષિત કરી છે. અહીં પણ ભક્તિ શબ્દ પ્રેમસેવામાં જે યોગરૂઢ છે તે જ (અર્થે) ગ્રહણ કર્યો છે કે જે **सालोक्य** વગેરે વાક્યથી જાણી શકાય છે. આજ વાતનો એકાદશ સ્કન્ધના બારમા અધ્યાયમાં **'ગોપીઓ, ગાયો, પક્ષીઓ, પશુઓ, તેમજ બીજા મૂઢબુદ્ધિ એવા નાગો, સિદ્ધો તેઓ નિશ્ચયે કેવલ ભાવવડે જ શીઘ્રતાથી મને પ્રાપ્ત થયા'** (ભાગ.૧૧-૧૨-૮) વગેરે શ્લોકો વડે ભગવાને પરામર્ષ કર્યો છે.

एवं भक्तिशब्दस्यानेकार्थत्वे सति प्रकृते का वा विवक्षितेति चेत्? उच्यते । आचार्याणां भगवदाज्ञया एकादशस्कन्धे भगवदभिसंहितो यः सुगोप्यः सत्सङ्गलभ्यो भाव उक्तः, स एवाभिसंहितः । सिद्धान्तमुक्तावल्यां 'चेतस्तत्प्रवणं सेवे'ति कथनात्, तद्विवरणे प्रभुचरणैरपि 'ता नाविद'न्निति द्वादशाध्यायवाक्यस्य लिखनात्, प्रकृतग्रन्थेपि तत्रत्यचतुर्दशाध्यायवाक्योक्तसत्सङ्गश्रवणकीर्तनात्मकसाधनानामभिधानाच्च । न च चतुर्दशाध्यायोक्तसाधनानां द्वादशाध्यायोक्तभावं प्रति साधन[1]त्वं कथमिति शङ्क्यम् । चतुर्दशाध्याये तस्यैव भक्तिशब्देन परामर्शात् । द्वादशाध्याये 'न रोधयति मां योग' इत्याद्युक्तस्य योगादीनामसाधकस्यात्रापि 'न साधयति मां योग' इत्यनेन प्रत्यभिज्ञानेन तथा निश्चयात् । अतस्तस्य या पूर्वावस्था 'माहात्म्यज्ञानपूर्वस्त्वि'ति पञ्चरात्रवाक्ये उक्ता, सात्र विवक्षिता, तस्याः पूर्वोक्तरूपोर्जितत्वार्थमेव प्रयतनात् । तथाच सा यथा येन प्रकारेण प्रवृद्धा ऊर्जिता स्यात् तथा तेन प्रकारेण उपायो बुद्धिस्थो निरूप्यत इत्यर्थः ।

આ પ્રમાણે ભક્તિ શબ્દના અનેક અર્થો પ્રાપ્ત થતાં પ્રકૃત વિષયમાં (આ ગ્રન્થમાં) કંઈ ભક્તિ જણાવવાની ઈચ્છા છે ? એમ પ્રશ્ન થાય, તો કહે છે - ભગવદાજ્ઞા વડે એકાદશ સ્કન્ધમાં ભગવાન વડે સ્વીકૃત જે સુગોપ્ય અને સત્ પુરુષો-ભગવદીયોના સંગથી જ મળી શકે તેવો જે ભાવ (સર્વાત્મભાવ) કહ્યો છે, તે જ ભાવ અહીં શ્રીઆચાર્યચરણને સ્વીકૃત છે. સિદ્ધાન્તમુક્તાવલીમાં **'ચિત્તનું કૃષ્ણમાં પ્રવણ થવું સેવા છે'** એમ કહ્યું હોવાથી, તેમજ તેના વિવરણમાં **'તેમણે નહીં જાણ્યા'** (ભાગ.૧૧-૧૨-૧૨)એ બારમા અધ્યાયનું વાક્ય જ શ્રીપ્રભુચરણે પણ લખ્યું હોવાથી, તેમજ આ (ભક્તિવર્ધિની) ગ્રન્થમાં પણ ત્યાંના ચૌદમા અધ્યાયનાં વાક્યોમાં કહેવાયેલ સત્સંગ, શ્રવણ, કીર્તનાત્મક સાધનો કહ્યાં હોવાથી પણ (તે (સર્વાત્મ) ભાવ જ શ્રીઆચાર્યચરણ અહીં કહેવાની ઈચ્છા ધરાવે છે એમ જાણી શકાય છે). ચૌદમા અધ્યાયમાં કહેવાયેલ સાધનો એ બારમા અધ્યાયમાં જણાવાયેલ ભાવનાં સાધન છે એમ કેમ કહી શકાય. તેવી શંકા કરવી જોઈએ નહીં. કારણ કે ચૌદમા અધ્યાયમાં તે ભાવનો જ ભક્તિ શબ્દથી પરામર્શ કર્યો છે. બારમા અધ્યાયમાં **'મને યોગ રોધી શકતો નથી'** (ભાગ.૧૧-૧૨-૧) વગેરે વાક્યોથી કહેવાયેલ યોગ વગેરેની અસાધકતાની જ અહીં (ચૌદમા અધ્યાયમાં) પણ **'મને યોગ સાધી શકતો નથી'** (ભાગ.૧૧-૧૪-૨૦) વગેરે વડે ઓળખ થતી હોવાથી તેમ નિશ્ચય થાય છે. અતઃ તે ભક્તિરૂપી ભાવની જે પૂર્વ અવસ્થા **'માહાત્મ્યજ્ઞાનપૂર્વક'** વાક્યથી પંચરાત્રમાં કહી છે તે જ ભક્તિને કહેવાની-જણાવવાની અહીં ઈચ્છા છે, તે જ ભક્તિનું પૂર્વોક્ત **(प्रवृद्धा)** રૂપ-ઊર્જિતપણાને અર્થે જ પ્રયત્ન (જણાવ્યો) હોવાથી. તેથી તે **यथा** જે પ્રકાર વડે **प्रवृद्धा** ઊર્જિતા **स्यात्** થાય **तथा** તે પ્રકારે બુદ્ધિસ્થ **ઉપાય નિરૂપણ**

---

१. पुष्टित्वं साधनेष्वपि, अतो न केवलानुग्रहसाध्यत्वविरोधः

કરવામાં આવે છે એમ અર્થ છે.

एवं प्रतिज्ञाय अधिकारिभेदेन प्रकारद्वयं वदिष्यन्तो मुख्याधिकारिणो भक्तिप्रवृद्धेरधिकारबलादेव सिद्धत्वात्तदनुक्त्वा प्रथमं मध्यमाधिकारिण उपायमाहुः **बीजभाव** इत्यर्धेन ।

આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને અધિકારી ભેદે તેના બે પ્રકારને જણાવતાં મુખ્ય અધિકારીઓને ભક્તિપ્રવૃદ્ધિ પોતાના અધિકાર બલથી જ સિદ્ધ હોવાથી (તેથી) તેને નહીં જણાવીને (અહીં) પ્રથમ મધ્યમાધિકારીઓને (અર્થે) ઉપાય જણાવે છે - **'बीजभावे- બીજભાવ'** એમ અડધા શ્લોક વડે.

बीजभावे दृढे तु स्यात्त्यागाच्छ्रवणकीर्तनात् ॥ १ ॥

बीजरूपो भावः भग[1]वदनुग्रहजन्यः प्रेमा । तस्मिन्वक्ष्यमाणरीतिकव्यसनरूपतया दृढे सति । तुः साधनान्तराशङ्कानिरासे। तदा त्यागा[2]च्छ्रवणकीर्तनात्स्यात् । विरहानुभवार्थं संन्यासनिर्णयोक्तप्रकारकः सवासनगृहपरित्यागस्तं कृत्वा तदुत्तरं यच्छ्रवणसहितं कीर्तनं तस्मात्स्या[3]दित्यर्थः। अत्र श्रवणानन्तरं कीर्तनस्य कथनाच्छ्रुतानां स्वरूपगुणलीलानां भावं कीर्तनात्पूर्वमर्थबलात्प्राप्यते । एतदभिप्रायेणैव संन्यासनिर्णये **'भावो भावनया सिद्धः साधन'**मित्युक्तम् । निरोधलक्षणे चाशंसाः प्रथमतो निरूपिताः । तथाचैतैश्चतुर्भिर्भक्तिरूर्जितलक्षणवती प्रवृद्धा भवतीत्यर्थः। एतदेव निरोधलक्षणग्रन्थे **'महतां कृपया याव'** दित्यारभ्य **'तदध्यासोऽपि सिध्यती'**त्यन्तेन फलानुभवपर्यन्तं प्रपञ्चितं ज्ञेयम् । तन्मया तत्रैव विवृतमिति नेहोच्यते ।

---

१. साधारणसत्तारूपप्रेमव्यावर्तकं विशेषणम् । 'नासतो विद्यते भाव' इति गीतायां तदुक्तम् । प्रेमापि सत्तारूपं विषयस्नेहव्यावृत्तं । विशेषणादित्युक्तम् । २. एकादशस्यैकादशेध्याये सिध्यति । ३. व्यसनरूपप्रेमपरिणामान्तिमेन वृद्ध्यादिमस्य सम्पर्के कारिकोक्ता भक्तिवृद्धिः स्यादिति नोपक्रमविरोधः ।

બીજરૂપ ભાવ એટલે કે ભગવાનના અનુગ્રહથી પ્રકટ થનારો પ્રેમ. તે ભાવની વૃદ્ધિમાં આ ગ્રન્થમાં કહેવાયેલ રીતિ મુજબ વ્યસનરૂપે દઢ થતાં. **तु** પદ બીજાં સાધનોથી પણ આની વૃદ્ધિ થઈ શકે છે તેવી શંકાના નિરસન માટે પ્રયોજિત છે. ત્યારે (વ્યસન થતાં) ત્યાગથી શ્રવણકીર્તનથી (તે પ્રવૃદ્ધા) થાય છે. વિરહના અનુભવને અર્થે સંન્યાસનિર્ણય ગ્રન્થમાં કહ્યા પ્રકારે વાસનાસહિત ગૃહનો પરિત્યાગ કરીને તેના પછીથી જે શ્રવણ સહિત કીર્તન કરવામાં આવે તેના થકી (પ્રવૃદ્ધા) થાય છે એમ અર્થ છે. અહીં શ્રવણના પછીથી કીર્તનને કહ્યું હોવાથી જે શ્રવણ કરવામાં આવ્યું હોય તે સ્વરૂપ, ગુણ, લીલાનું ભાવન કીર્તનના પૂર્વ (અને શ્રવણ પછી) કરવું એમ અર્થબલથી જ પ્રાપ્ત થાય છે. આ અભિપ્રાયથી જ સંન્યાસ નિર્ણયમાં **'ભાવનાથી સિદ્ધ થયેલો ભાવ જ સાધન છે'** એમ કહ્યું છે. (અને એ ભાવના માટે જ) નિરોધલક્ષણ ગ્રન્થમાં આરંભે જ (મને આ થાઓ એમ) આશંસા નિરૂપિત કરી છે. આ મુજબ આ ચાર (ત્યાગ-શ્રવણ-ભાવન-કીર્તન) વડે ભક્તિ ઊર્જિત લક્ષણવાળી પ્રવૃદ્ધા થાય છે એમ અર્થ છે. આ જ વાતને નિરોધલક્ષણ ગ્રન્થમાં **'મોટાઓની કૃપાથી જે અવધી'** ત્યાંથી આરંભીને **'તે અધ્યાસ પણ સિદ્ધ થાય છે'** સુધીમાં ફલાનુભવ પર્યન્ત વિસ્તારી છે - તેનું મેં ત્યાં જ (નિરોધલક્ષણની મારી ટીકામાં જ) વિવરણ કર્યું છે તેથી અહીં નથી કહેતો.

प्राञ्चस्तु । पुष्टिमार्गाचार्यानुग्रहपूर्वकभगवन्निवेदनानन्तरभाविनमङ्गीकारं बीजभावत्वेन केचिदाहुः । अन्ये तु भक्त्यसाधारणकारणमहदनुग्रहसत्ताम् । इतरे चाल्पं स्नेहम् । तथा त्यागपदेन भगवदतिरिक्तत्यागं केचिदाहुः । अन्ये तु एतन्मार्गीयातिरिक्तसाधनत्यागम् । इतरे तु भक्तिमार्गविरोधिनोऽन्यभजनादेस्त्यागम् । तेन तन्मते गृहस्थित्यविरोधी त्याग आयाति । मन्मते तु गृहस्थितिविरोधीतिभेदो बोध्यः ॥ १ ॥

(મારાથી પૂર્વના) પ્રાચીનો તો પુષ્ટિમાર્ગના આચાર્યના અનુગ્રહપૂર્વક ભગવાનને આત્મનિવેદન કર્યા પછીથી થનાર અંગીકારને બીજભાવ તરીકે કેટલાક કહે છે. તો બીજા ભક્તિનું અસાધારણ કારણ મહદ્-અનુગ્રહની સત્તાને જણાવે છે. બીજા કેટલાક અલ્પસ્નેહને બીજભાવ કહે છે. તેવી જ રીતે ત્યાગપદના અર્થમાં કેટલાકો ભગવાનથી અતિરિક્તના ત્યાગને જણાવે છે. તો બીજાઓ આ માર્ગીય સાધનથી અતિરિક્ત સાધનોના ત્યાગને જણાવે છે, તો બીજાઓ ભક્તિમાર્ગવિરોધી એવા અન્યભજન વગેરેનો ત્યાગ જણાવે છે. તેથી કરીને તે લોકોના મતે ગૃહસ્થિતિ-અવિરોધી ત્યાગ કહેવાનો આશય થાય છે. પરંતુ મારા મતે ગૃહસ્થિતિ વિરોધી ત્યાગ આશય છે, આટલો ભેદ જાણવો ॥ ૧ ॥

अतः परं जघन्याधिकार्यर्थं प्रकारं वदिष्यन्तः पूर्वं बीजदार्ढ्यप्रकारमाहुः बीजेत्यादि ।

હવે પછી જઘન્ય અધિકારીને માટેના પ્રકારને કહેતાં પ્રથમ બીજની દઢતાના પ્રકારને કહે છે - **बीज** વગેરે વાક્યથી.

बीजदार्ढ्यप्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः ।
अव्यावृत्तो भजेत्कृष्णं पूजया श्रवणादिभिः ॥ २ ॥

बीजं पूर्वोक्तम् । तद्दार्ढ्यप्रकारस्तु निरूप्यत इति शेषः । गृहे गृहस्थाश्रमे स्थित्वा स्वधर्मतः वर्णाश्रमधर्मतः पूर्वसिद्धादव्यावृत्तः अपरावृत्तः । **‘आचार्यकुलाद्वेदमधीत्य (यथाविधानं)गुरोः कर्मातिशेषेणाभिसमावृत्य कुटुम्बे शुचौ देशे स्वाध्यायमधीयानो धार्मिकान्विदधदात्मनि सर्वेन्द्रियाणि सम्प्रतिष्ठाप्याहिंसन् सर्वाणि भूतान्यन्यत्र तीर्थेभ्यः, स खल्वेवं वर्तयन् यावदायुषं ब्रह्मलोकमभिसम्पद्यते, न च पुनरावर्तत’** इति छान्दोग्यस्थे गृहिणोपसंहारसूत्रविषयवाक्ये तथा सिद्धत्वात् । एकादशस्कन्धे उद्धवप्रश्ने भगवताप्याचारलक्षणस्य वर्णाश्रमधर्मस्य भजनाङ्गत्वेनोक्तत्वाच्च । तं कुर्वन् कृष्णं पुरुषोत्तमं भजेत् । तत्र साधनं पूजाश्रवणादिकं च । तदाहुः **पूजया श्रवणादि**भिरिति । अत्र पूजा यथालब्धोपचारैः स्नानालङ्करणादिरूपं स्वरूपसेवनम्, अर्चनापरपर्यायम् । तत्रैव पूजनप्रयोगदर्शनात् । श्रवणादि तु नवविधं प्रसिद्धमेव । तैर्भजेत् सेवेत । प्राथमिकभगवदनुग्रहेण जातामनुद्भूतां भक्तिमनया साधनमर्यादयाभिव्यञ्जयन् वर्धयेदित्यर्थः । यद्यपि नवस्वर्चनमपि प्रविशति, तथापि तस्यावश्यकत्वाय[1] विशेषफलसाधकत्वाय[2] च प्रथमं पृथङ्निर्देशः । नचोक्तश्रुतिभगवद्वाक्यबोधितप्रकारकस्य वर्णाश्रमधर्मस्येदानीमभावाद्भजनस्य व्यङ्गत्वं शङ्क्यम् । सप्तमस्कन्धे[3] **‘स्वधर्माचरणं शक्त्ये’**ति नारदवाक्येन[4], निबन्ध आचार्यैरपि **‘स्वधर्माचरणं शक्त्ये’**त्यङ्गीकारेण च यथाशक्ति तत्करणेपि भक्तेर्व्यङ्गतापरिहारस्य निष्प्रत्यूहत्वात् । एवमेकः प्रकार उक्तः ॥ २ ॥

પૂર્વમાં કહેવાયા મુજબનું બીજ. તેની દઢતાનો પ્રકાર નિરૂપણ કરવામાં આવે છે એટલું અહીં શેષ સમજવું. **गृहे** ગૃહસ્થાશ્રમમાં **स्थित्वा** રહીને **स्वधर्मतः** વર્ણાશ્રમધર્મ (ના પાલન)પૂર્વક (કે જે) પૂર્વથી જ સિદ્ધ છે તેનાથી દૂર થયા વિના (**वि+आ+वृत्=व्यावृत्त**) આવૃત્ત-હટેલું) **‘આચાર્ય પરિવાર (યા વંશમાં) રહેલા એવા ગુરુ પાસે વેદનું અધ્યયન કરી નિયમાનુસાર ગુરુનાં કર્તવ્યોને સમાપ્ત કરતાં સમાવર્તન કરીને (ગુરુકુલથી નિવૃત્ત થઈને) (વિવાહના અનન્તર પત્ની પુત્ર વગેરે) પોતાના કુટુંબ સાથે પવિત્ર દેશમાં રહી સ્વાધ્યાય (પોતાનો**

---

१. भाष्योक्तत्वादिति भावः । २. ‘यदेव विद्यया करोति श्रद्धये’ति श्रुत्युक्तं विशेषफलम् । कस्माद्विशेष इति चेत् ? ‘तमेव वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ती’ति श्रुत्युक्तात् फलात् । ३. पद्यमिदं तृतीयस्कन्धस्थं - ३-२८-२ । ४. इदं तृतीयस्कन्धे कपिलवाक्यम् ।

જે વેદ હોય તે વેદ) નો સ્વાધ્યાય કરતાં પોતાના પુત્ર-શિષ્યને (વિદ્યા-સંસ્કાર વગેરે વડે) ધાર્મિક બનાવતાં (અથવા ધાર્મિકતા દ્વારા તેમનું નિયમન કરતાં) સર્વ ઈન્દ્રિયોને પોતાના અન્તઃકરણમાં સ્થાપિત કરી (ઈન્દ્રિયોને બહિર્મુખ નહીં રાખતાં અન્તર્મુખ રાખી) શાસ્ત્રની આજ્ઞાવિષય સિવાયના સર્વ વિષયમાં - સર્વત્ર પ્રાણિયોની હિંસા ન કરતાં તે નક્કી જ આયુષ્ય પર્યન્ત (જીવનભર) આ મુજબ વર્તન કરતાં (તે દેહ ત્યાગે ત્યારે તે) બ્રહ્મલોકને પ્રાપ્ત કરે છે અને પછી તે પાછો ફરતો નથી’ (છાન્દોગ્ય ઉપ. ૮-૧૫) આ છાન્દોગ્યની શ્રુતિના ગૃહિણોપસંહાર સૂત્રના વિષયવાક્યમાં તે મુજબ સિદ્ધ થયું હોવાથી. (તેમજ) એકાદશસ્કન્ધમાં ઉદ્ધવ દ્વારા પ્રશ્ન કરાતાં ભગવાને પણ આચારલક્ષણવાળા વર્ણાશ્રમધર્મને ભજનના અંગ તરીકે કહ્યું હોવાથી તે ધર્મનું આચરણ કરતાં કૃષ્ણ-પુરુષોત્તમને ભજવા. તે ભજનનું સાધન પૂજા અને શ્રવણ વગેરે છે તે જણાવે છે - **‘પૂજા, શ્રવણ વગેરે વડે’.** અહીં જે પૂજા શબ્દ છે તે સ્નાન-શ્રૃંગાર ધારણ કરાવવા વગેરે રૂપે જે પ્રાપ્ત હોય તે સાધનોથી શુશ્રૂષા વડે સ્વરૂપનું સેવન કરવું છે, જેને બીજા શબ્દોમાં અર્ચના કહેવાય છે. તે અર્ચના માટે જ પૂજન પ્રયોગ થતો જોવા મળે છે. **શ્રવણ વગેરે** જે નવ પ્રકારે છે તે પ્રસિદ્ધ છે. તે પૂજા-શ્રવણ વગેરે વડે ભજવા એટલે કે સેવવા. પ્રાથમિક ભગવદ્ અનુગ્રહ વડે ઉત્પન્ન થયેલી અને અપ્રકટ રૂપમાં રહેલી એવી ભક્તિને અહીં જણાવેલ સાધનરૂપ મર્યાદા વડે પ્રકટ કરતાં તેને વધારવી એમ અર્થ છે. જો કે નવધાભક્તિ પૈકી એક અર્ચનભક્તિ પણ આવી જ જાય છે, તેમ છતાં પણ (તેનો જે અલગથી **पूजा** શબ્દથી અહીં ઉલ્લેખ છે તે) તે આવશ્યક છે- જરૂરી છે અને વિશેષ પ્રકારે ફલ સાધનારી છે એમ જણાવવા તેનો અહીં પ્રથમ અને અલગથી નિર્દેશ કર્યો છે. આમ કહેવાથી એવી શંકા ન કરવી કે ઉપર કહેવાયેલ છાન્દોગ્યશ્રુતિ અને એકાદશસ્કન્ધસ્થ ભગવદ્વાક્યમાં ભક્તિના અંગરૂપે કહેવાયેલ વર્ણાશ્રમધર્મનો અત્યારે અભાવ હોવાથી આધુનિકોનું ભજન એ

અંગહીન છે. તૃતીયસ્કન્ધમાં **‘સ્વધર્મનું આચરણ શક્તિ અનુસાર કરવું’** (ભાગ.૩-૨૮-૨) એમ શ્રીકપિલદેવજીએ કહ્યું છે તેમજ નિબંધ (સર્વનિર્ણય પ્રકરણ)માં પણ શ્રીઆચાર્યચરણે **‘સ્વધર્મનું આચરણ શક્તિ અનુસાર કરવું’** એમ સ્વીકાર્યું હોવાથી શક્તિ અનુસાર (જ્યાં સુધી જેટલું - જે શક્ય છે તેનું) ધર્મનું આચરણ કરવાથી પણ ભક્તિની અંગહીનતાનો પરિહાર કોઈ પણ બાધા વિના થઈ જાય છે. આ પ્રમાણે એક પ્રકાર (સ્વધર્મનું આચરણ કરવા શક્તિમાન્નો પ્રકાર) કહ્યો ॥ ૨ ॥

अतःपरं वैधुर्यादिना तदशक्तौ प्रकारान्तरमाहुः व्यावृत्तोपीत्यादि।

હવે આગળ વિધુરતા વગેરેના કારણે ધર્માચરણ માટે અશક્તિ હોતાં બીજા પ્રકારે (બીજની દઢતા સિદ્ધિના પ્રકારને) કહે છે - **व्यावृत्तोपि - વ્યાવૃત્ત હોય ત્યારે પણ’** વગેરે વાક્યથી.

व्यावृत्तोपि हरौ चित्तं श्रवणादौ यतेत्सदा।

वैधुर्यादिना व्यावृत्तः स्वाशक्त्या वर्णाश्रमधर्मान्निवृत्तोऽपि हरौ भगवत्यघहर्तरि चित्तं स्थापयित्वा श्रवणादौ श्रवणाद्यर्थम्, तादर्थ्ये सप्तमी, यतेत् यत्नं कुर्यात् । अनुदात्तेल्लक्षणस्यात्मनेपदस्यानित्यत्वात् परस्मैपदम्। न तु परार्थत्वात् । स्वतः पुरुषार्थत्वेनैव तत्करणस्य सिद्धान्तत्वात् । सदेति । निरन्तरमभीक्ष्णं वा । एवञ्च जघन्याधिकारिणोर्मध्ये यस्य सेवकसाधनसम्पत्तिः तस्य पूजा श्रवणादिकं च बीजव्यक्तिसाधनम् । यस्य तु न पूजासाधनसम्पत्तिः, तस्य तु भगवच्चित्ततापूर्वकं श्रवणादिकमेव साधनम् । एतदेवाभिसन्धाय निरोधलक्षणग्रन्थे ‘संसारावेशदुष्टानामिन्द्रियाणां हिताय वै’ इत्यारभ्य आन्तं प्रपञ्चितं ज्ञेयम् । तन्मया तद्विवरणे व्युत्पादितमिति नेह पुनरुच्यते ।

વિધુરતા વગેરે વડે વ્યાવૃત્ત થયો હોય ત્યારે પણ એટલે કે તે કારણે

પોતાની અશક્તિવશ વર્ણાશ્રમધર્મથી નિવૃત્ત થયો હોય ત્યારે પણ સર્વ પાપોને દૂર કરનારા એવા ભગવાન્ શ્રીહરિમાં ચિત્તને સ્થાપીને શ્રવણ વગેરે અર્થે યત્ન-પ્રયત્ન કરતા રહેવું, અહીં તાદર્થ્ય સપ્તમી વિભક્તિ પ્રયોગ હોઈ શ્રવણ વગેરેમાં એટલે કે શ્રવણ વગેરે અર્થે એમ સમજવું. અહીં (**यतेत्**માં) પરસ્મૈપદ પ્રયોગ છે તે અનુદાત્તેલ્લક્ષણ આત્મનેપદનું અનિત્યપણું હોવાથી છે; પરાર્થપણું હોવાથી પરસ્મૈપદ છે તેમ નથી[૧]. સ્વતઃ પુરુષાર્થપણાએ જ ભક્તિ કરવી સિદ્ધાન્ત હોવાથી. **सदा** એટલે નિરંતર અથવા વારંવાર. આ મુજબ સ્વધર્માચરણમાં શક્તિવાળા અને શક્તિ વિનાના એમ બે પ્રકારના જઘન્ય અધિકારીઓ પૈકી જેને સેવક સાધન સમ્પત્તિ છે તેને માટે બીજને વ્યક્ત કરવાનું સાધન પૂજા અને શ્રવણ વગેરે છે. બે પૈકી જેને પૂજા સાધન સમ્પત્તિ નથી, તેને તો ભગવાનમાં ચિત્ત પરોવી રાખી શ્રવણ વગેરે કરવું જ સાધન છે. આજ વાતને ધ્યાનમાં રાખીને નિરોધલક્ષણ ગ્રન્થમાં **'સંસારના આવેશથી દુષ્ટ બનેલી ઈન્દ્રિયોના હિતને માટે નિશ્ચય કરીને'** થી આરંભી ગ્રન્થના અન્ત પર્યન્તમાં જણાવ્યું છે તે તેના વિવરણમાં ત્યાં મેં વ્યુત્પાદિત કર્યું છે તેથી ફરીથી અહીં નથી કહેતો.

प्राञ्चस्तु अव्यावृत्तशब्दस्य व्यासङ्गरहित इत्यर्थमाहुः, व्यावृत्तशब्दस्य च व्यासक्त इति । सोऽत्र 'आत्मनि सर्वेन्द्रियाणि सम्प्रतिष्ठाप्ये'ति श्रुत्यैव सिध्यतीत्युपेक्षितः । व्यासक्त इति तु 'हरौ चित्त' मित्यादिनैव निवार्यत इत्युपेक्षितः । लक्षणाप्रसङ्गाच्चेति[१] बोध्यम् ॥ २ $^{१}/_{२}$ ॥

પ્રાચીનો તો **अव्यावृत्त** શબ્દનો વ્યાસંગરહિત એમ અર્થ કહે છે અને **व्यावृत्त** શબ્દનો વ્યાસક્ત એમ અર્થ જણાવે છે. (વ્યાસંગરહિત

---

१. विपरीतलक्षणाप्रसङ्गात् ।

૧ - (સંસ્કૃત વ્યાકરણમાં જે વાક્યમાં ક્રિયાનું ફલ કર્તાને પ્રાપ્ત થતું હોય તેને **આત્મનેપદ** વાક્ય કહેવાય અને જે વાક્યમાં ક્રિયાનું ફલ બીજાને પ્રાપ્ત થતું હોય તેને **પરસ્મૈપદ** વાક્ય કહેવાય.)

એમ) તે અર્થ અહીં **आत्मनि सर्वेन्द्रियाणि सम्प्रतिष्ठाप्य'** એ શ્રુતિવાક્યથી જ (સ્વધર્માચરણ પદના અર્થમાં જ) સિદ્ધ થઈ જાય છે તેથી તે અર્થની અમે અહીં ઉપેક્ષા કરી છે. તેમજ (વ્યાવૃત્તનો વ્યાસક્ત એ અર્થ લેતાં) વ્યાસક્તપણું તો (મૂલ ગ્રન્થમાં) **हरौ चित्तं - હરિમાં ચિત્ત રાખીને'** એમ કહેવાથી જ વ્યાસક્તપણાનું નિવારણ થઈ જાય છે તેથી તેની - તે અર્થની અમે ઉપેક્ષા કરી છે. તેમજ વ્યાવૃત્ત પદનો અર્થ વ્યાસક્ત એમ કરતાં લક્ષણાથી અર્થ કરવાનો દોષ પ્રાપ્ત થતો હોવાથી પણ ઉપેક્ષા કરી છે ॥ ૨ $^{૧}/_{૨}$ ॥

एवं बीजदार्ढ्यसाधनमुपदिश्य बीजाभिव्यक्तिप्रकारमाहुः ततः प्रेमेत्यादि ।

આ પ્રમાણે બીજની દઢતાના સાધનનો ઉપદેશ કર્યા પછી હવે આગળ બીજની અભિવ્યક્તિનો પ્રકાર કહે છે - **ततः प्रेम - તે પછી પ્રેમ'** વગેરે વાક્યથી.

ततः प्रेम तथासक्तिर्व्यसनं च यदा भवेत् ॥ ३ ॥
बीजं तदुच्यते शास्त्रे दृढं यन्नापि नश्यति ।

तत उक्तविध (अव्यावृत्तप्रकारकव्यावृत्तप्रकारकाभ्यां) जघन्याभ्यां कृतादुक्तविधसाधनात्प्रेम हरौ भवेत् । पूर्वोक्तो हरिशब्दोऽत्राप्यनुषज्जते । एवमग्रेपि बोध्यम् । प्रेम[१] च भावकन्दलरूपं बोध्यम् । तथासक्तिः तदुत्तरं तादृशेन तत्करणेन तदुत्कर्षावस्था रागादिरूपा भवेत् ।

कल्याणरायास्तु स्वविषये स्वतः प्रवर्तको भावः प्रेमशब्देनोच्यते, स्वविषये विविधमनोरथजनको भाव आसक्तिरिति तयोर्लक्षणमप्याहुः ।

---

१. बीजं तदुच्यत' इत्युत्तरग्रन्थात् । 'सेवायां वा कथायां वे'त्यत्र सेवाश्रवणादिसरणिरूपा भक्तिहंसोक्ता ।

तदपि युक्तम् । तथानुभवस्य सर्वजनीनत्वादिति ।

ततः એટલે ત્યાર પછી પહેલાં કહી ગયા તે મુજબ (અવ્યાવૃત્ત અને વ્યાવૃત્ત પ્રકારના) જઘન્ય અધિકારીઓ દ્વારા ગ્રન્થમાં જણાવેલ સાધન કરવાથી શ્રીહરિમાં પ્રેમ થાય છે. પૂર્વમાં કહેવાયેલ હરિ શબ્દ અહીં પણ પ્રયુક્ત થાય છે. એમ આગળ પણ જાણવું. તેમજ પ્રેમ છે તે ભાવના નવીન અંકુરરૂપ છે તેમ જાણવું. તે મુજબ જ આસક્તિ એટલે કે પ્રેમના અનન્તર તેવા-પ્રેમભાવયુક્ત વ્યક્તિ દ્વારા સેવારૂપ સાધન વડે તે પ્રેમભાવની રાગાદિરૂપ ઉત્કર્ષ પામેલી અવસ્થા થાય છે.

શ્રીકલ્યાણરાયજી તો ભગવાનને વિષે પોતાનામાં કોઈ પણ કારણ વિના સ્વતઃ - પોતાની મેળે પ્રવર્તન થનારો ભાવ પ્રેમ શબ્દથી કહેવામાં આવે છે એમ જણાવે છે. ભગવાનના વિષયમાં વિવિધ પ્રકારના મનોરથને ઉત્પન્ન કરનારો ભાવ આસક્તિ છે એમ કહે છે અને તે બન્ને (પ્રેમ-આસક્તિ)નું લક્ષણ પણ જણાવે છે. આ અર્થ પણ યોગ્ય છે, આ પ્રકારનો અનુભવ સર્વને થતો હોવાથી.

च पुनः यदा व्यसनं तद्विना स्थातुमशक्तिरित्याकारकं यदा भवेत्, तच्छास्त्रे भक्तिपरमकारणबोधके ‘श्रद्धामृतकथायां म’ इत्यादिरूपे भगवता साधनपर्याप्तिकथनात् दृढं बीजमित्यस्माभिरुच्यते । दृढत्वे गमकमाहुः यन्नापि नश्यतीति । नश् अदर्शने । यद् दुःसङ्गादिना परिभूतं सद्दर्शनागोचरतां न प्राप्नोति, किन्तु सर्वदैव दृश्यते, स्वयं चानुभूयते । तथाचैतदेव दार्ढ्यलक्षणम् । अदृढस्यैव कादाचित्कत्वादिति । अत्र पूजाश्रवणादिकं दशम[१]स्कन्धोक्तरीतिकमेव ग्राह्यमित्यभिप्रेतम् । नामावलीसमाप्तौ[२] ‘बाललीलानामपाठात् श्रीकृष्णे प्रेम जायते । आसक्तिः प्रौढलीलाया नामपाठाद्भविष्यति ।

---

१. ‘प्रातराशौ विचेरतु’रित्यारभ्य ‘नीवीं वसित्वे’ त्यन्तम् । २. ‘ततः प्रेमे’ त्यत्रोक्तसाधनेषु नामात्मकसाधनप्रवेशात् ‘तत’ इत्यस्य नामात्मकसाधनमाहुः।

व्यसनं कृष्णचरणे राजलीलाभिधानतः । तस्मान्नामत्रयं जाप्यं भक्तिप्राप्तीप्सुभिः सदे’ति कथनात् । एवं कीर्तनस्य निरोधलीलाविषयत्वे निश्चिते श्रवणस्यापि तद्विषयत्वमेव निश्चितं भवति । तथा श्रवणमपि यत्र यन्नामसिद्धं, यथा च नामावल्यां यत्रोक्तं, तदनुसन्धानपूर्वकमेव सम्पादनीयमिति च । तथा पूजाया अपि । तेन नवानामप्येकरूपत्वं निश्चितं भवतीति मम प्रतिभाति। न च ‘यस्याः सङ्कीर्तनाद्विष्णुरात्मानं सम्प्रयच्छती’त्युपक्रमोक्तफलविरोधः शङ्कनीयः । तस्यावर्तनसिद्धात्कीर्तनात्सिद्धेः । उपसंहारे निरन्तरे जाप्योक्त्या तथावसायादिति ।

વળી, જ્યારે વ્યસન એટલે કે તેમના - શ્રીપ્રભુના વિના રહી શકવાની અશક્તિના સ્વરૂપનું જ્યારે થાય, તે **શાસ્ત્રમાં** - ભક્તિના પરમ કારણનો બોધ કરાવનાર **‘श्रद्धामृतकथायां मे – મારી અમૃતકથામાં શ્રદ્ધા રાખવી’** (ભાગ.૧૧-૧૯-૨૦) વગેરે રૂપે ભગવાને કહ્યું તેમાં (**कोन्योर्थोस्यावशिष्यते – બીજો કયો અર્થ - સાધન તેના વડે કરવું બાકી રહે છે ?’** એમ સાધનોની પર્યાપ્તિ કહેલ હોવાથી તેને **દૃઢબીજ** એમ અમારા વડે કહેવામાં આવે છે. એને દૃઢ કહેવામાં જે કારણ છે તે જણાવે છે - **यन्नापि नश्यति – જે ક્યારેય પણ નષ્ટ ન થાય’** વાક્યથી. **नश् अदर्शने** થી નશ્ ધાતુ અદર્શનના અર્થમાં પ્રયોજાય છે. તેથી જે દુઃસંગ વગેરેથી પરાભવ પામીને પણ તે ક્યારેય અપ્રત્યક્ષ (નહીં દેખાવું) થતું નથી, કિન્તુ સર્વદા જ દશ્યમાન રહે છે અને સ્વયં પણ તેની પોતાનામાં સ્થિતિનો અનુભવ કરે છે. તેથી આ જ દૃઢતાનું લક્ષણ છે. (જ્યારે) અદૃઢને જ ક્યારેક દેખાવું અથવા ક્યારેક ન દેખાવું હોય છે. અહીં પૂજા-શ્રવણાદિ દશમસ્કન્ધમાં કહેલ રીતિ મુજબ જ સ્વીકારવું અભિપ્રેત છે. નામાવલી (ત્રિવિધલીલાનામાવલી)ની સમાપ્તિમાં **‘બાલલીલાના નામના પાઠથી શ્રીકૃષ્ણમાં પ્રેમ થાય છે, તેમજ આસક્તિ પ્રૌઢ લીલાના નામના પાઠથી થાય છે અને કૃષ્ણચરણમાં**

વ્યસન એ રાજલીલાના નામના પાઠથી થાય છે,તેથી ભક્તિ પ્રાપ્તિની ઈચ્છાવાળાએ આ ત્રણે (પ્રકાર)નાં નામોને સદા જપવા’ એમ કહ્યું હોવાથી. આ પ્રમાણે કીર્તનનું નિરોધલીલા વિષયપણું નિશ્ચિત થતાં શ્રવણનું પણ નિરોધવિષયપણું જ છે એમ નક્કી થાય છે. તેવી જ રીતે શ્રવણ પણ જ્યાં જે નામ સિદ્ધ છે, જે મુજબ નામાવલીમાં જ્યાં કહ્યું છે તેના અનુસંધાનપૂર્વક જ સમ્પાદન કરવું (તે મુજબના અનુસંધાનપૂર્વક જ શ્રવણ કરવું). તેવી જ રીતે પૂજામાં પણ સમજવું. તેથી કરીને (ભક્તિના) નવે પ્રકારની એકરૂપતા સિદ્ધ થાય છે એમ મને લાગે છે. નામાવલીના આરંભે **‘જે નામાવલીના સંકીર્તનથી વિષ્ણુ પોતે પોતાનું જ પ્રદાન કરે છે’** અહીં કહ્યા મુજબનું જે ફલ છે (સંકીર્તનથી - સંકીર્તનના ફલરૂપે વિષ્ણુ પોતાને પ્રદાન કરે છે) એ ફલ સાથે ઉપરની વાતોનો વિરોધ આવે છે એમ શંકા કરવી નહીં. કારણ કે તે નામોના આવર્તનથી સિદ્ધ થયેલ કીર્તનથી તે ફલ થાય છે. (નામાવલીના) ઉપસંહારમાં નિરંતર (એ નામોને) જપનો વિષય કરવો એમ કહ્યું હોવાથી - તે મુજબનો જ ઉપસંહાર હોવાથી ॥ ૩ ૧/૨ ॥

एवं दृढबीजलक्षणमुक्त्वा तत्सिद्ध्यर्थं तदुत्पादकानां प्रेमाद्यवस्थानां सिद्धिज्ञापकं लक्षणं क्रमेणाहुः **स्नेहादित्यादि** ।

આ પ્રમાણે દઢબીજનું લક્ષણ કહીને તે દઢતાની સિદ્ધિ અર્થે તે ભક્તિદઢતાને ઉત્પન્ન કરનારી પ્રેમ વગેરે અવસ્થાઓની સિદ્ધિને જણાવનાર લક્ષણ અનુક્રમે કહે છે - **સ્નેહાત્- સ્નેહથી’** વગેરે વાક્યથી.

स्नेहाद्रागविनाशः स्यादासक्त्या स्याद्गृहारुचिः ॥ ४ ॥
गृहस्थानां बाधकत्वमनात्मत्वं च भासते ।
यदा स्याद् व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैव हि ॥ ५ ॥

अत्रैतद्बोध्यम् । भक्तिः स्नेहविशेष इति पूर्वं व्युत्पादितम् । तत्कारणं तु भगवद्धर्मविशेष एवानुग्रहाख्य इति भक्तिहेतुनिर्णये स्थितम् । सा चानुग्रहजन्या भक्तिः क्वचित्सहसैवाभिव्यज्यते, क्वचिच्च सत्सङ्गश्रवणादिसाधनद्वारा । तत्र ये शुद्धपुष्टावङ्गीकृतास्तेषु तु सहसैवाभिव्यज्यते, यथा गोकुलस्थेषु । ये पुनर्मिश्रपुष्टावङ्गीकृतास्तेषु तु साधनद्वाराभिव्यज्यते, किञ्चित्कार्यार्थं तेषु प्रतिबन्धतन्निवृत्त्योर्दर्शनात् । तथापि **‘लौकिकत्वं वैदिकत्वं कापट्यात्तेषु नान्यथा । वैष्णवत्वं हि सहज’**मिति लक्षणं तु न व्यभिचरति । एवं सति येषु साधनद्वारा भक्त्यभिव्यक्तिः, तेषु साऽनुद्भूता भावरूपेण मनसि तिष्ठति, ततः पूजादिषु साधनेष्वनुष्ठीयमानेषु प्रेमादिरूपेण क्रमादुद्भूता भवति । अभियुक्तास्तु भावस्यावस्थासप्तकमाचक्षते । **‘भावः प्रेमः प्रणयः स्नेहो रागानुरागव्यसनानी’**ति । अत्र च पूर्वं बीजाभिव्यक्तिप्रकारकथने **‘ततः प्रेमे’**ति प्रेमशब्देन पूर्वावस्थां निर्दिश्यात्र तदभिज्ञापककथने यत्स्नेहशब्दः प्रयुक्तः, तेन प्रेमप्रणयस्नेहाख्यास्तिस्रोऽवस्था यदा भवन्ति, तदा भगवच्छ्रवणाद्यतिरिक्तेषु रागविनाशो भवतीति सूच्यते । तथा च इतररागविनाशस्तत्प्राचुर्याभिज्ञापकं लक्षणम् ।

અહીં આમ જાણવું. ભક્તિ એક વિશેષ પ્રકારનો સ્નેહ છે એમ પહેલાં જ પ્રતિપાદન થઈ ગયું છે. તે સ્નેહ થવાનું કારણ અનુગ્રહ નામનો વિશેષ પ્રકારનો ભગવદ્ધર્મ જ છે એમ ભક્તિહેતુનિર્ણયમાં કહ્યું છે. તે અનુગ્રહ થકી ઉત્પન્ન થનારી ભક્તિ ક્યારેક (કોઈકમાં) સહસા જ અભિવ્યક્ત થાય છે અને ક્યારેક (કોઈકમાં) સત્સંગ, શ્રવણ વગેરે સાધનો વડે અભિવ્યક્ત થાય છે. તે પૈકી જે લોકો શુદ્ધપુષ્ટિમાં અંગીકાર કરાયેલા છે તેમનામાં તો સહસા જ અભિવ્યક્ત થાય છે, જેમ ગોકુલમાં રહેલા લોકોમાં. વળી જે લોકો મિશ્રપુષ્ટિમાં અંગીકાર કરાયેલા છે તેમને તો સાધન કરવાથી અભિવ્યક્ત થાય છે, કેટલાક કાર્યને અર્થે તેમનામાં

પ્રતિબન્ધ અને તેની નિવૃત્તિ જોવા મળતી હોવાથી. તેમ છતાં પણ **'લૌકિકપણું વૈદિકપણું તેમનામાં કપટરૂપે જ હોય છે, અન્ય કોઈ પ્રકારે નથી હોતું, વૈષ્ણવતા એમનામાં સહજ હોય છે'** (પુષ્ટિપ્રવાહમર્યાદા) આ લક્ષણ તો તેમનાથી અલગ થતું નથી (તેમનામાં રહે જ છે). આ પ્રમાણે હોતાં જેમનામાં સાધન દ્વારા ભક્તિ અભિવ્યક્ત થાય છે, તેમનામાં તે ભક્તિ ઉદ્ભવ નહીં થયેલી અવસ્થામાં ભાવરૂપે મનમાં રહે છે, ત્યારબાદ પૂજા વગેરે સાધનોનું અનુષ્ઠાન કરાતાં પ્રેમ વગેરે રૂપે ક્રમે કરીને ઉદ્ભવ પામે છે. સાધનોથી સારી રીતે જોડાયેલા લોકો તો ભાવની સાત અવસ્થાને પ્રાપ્ત કરે છે. (તે અવસ્થાઓ છે-) ભાવ, પ્રેમ, પ્રણય, સ્નેહ, રાગ, અનુરાગ, વ્યસન. અહીં પૂર્વમાં બીજની અભિવ્યક્તિના પ્રકારને કહેવામાં **'ततः प्रेम – તે પછી પ્રેમ થાય છે'** એમ પ્રેમ શબ્દથી પૂર્વ અવસ્થાનો નિર્દેશ કરીને અહીં- આ સ્થળે તેને જણાવનાર વાક્યમાં જે સ્નેહ શબ્દ પ્રયોજાયો છે, તેથી કરીને પ્રેમ-પ્રણય-સ્નેહ નામની ત્રણ અવસ્થા જ્યારે થાય છે, ત્યારે ભગવત્ શ્રવણ વગેરેથી અતિરિક્તોમાં રાગ વિનાશ થાય છે એમ સૂચવે છે. અતઃ ઈતર રાગ વિનાશ થવો એ એમની પ્રચુરતાને જણાવનાર લક્ષણ છે.

रागानुरागात्मकावस्थाद्वयरूपासक्तिप्राचुर्याभिज्ञापकं लक्षणत्रयमाहुः **'आसक्त्या स्याद्गृहारुचि'**रित्यादि । रुचिराकाङ्क्षा गृहारुचिर्गृहाकाङ्क्षाऽभावः उपेक्ष्यत्वमिति यावत् । सा आसक्त्या स्यादिति। तदासक्तिप्राचुर्याभिज्ञापकं लक्षणम् । लक्षणान्तरमाहुः **गृहस्थानामि**त्यादि । गृहस्थानां चेतनाचेतनानां भगवति समर्पणानन्तरं भगवदीयत्वानुसन्धानेपि तेष्वंशतः स्वीयत्वाभिमानस्यापि विद्यमानत्वात्तमादाय तेषां पूजाश्रवणादिसाधनबाधकत्वं स्वस्य भासते, सर्वेषां चित्रकर्मत्वात्स्वभावभेदेनान्यविनियोगसम्भवात्तच्चिन्ताया अकरणेपि तेषु स्वाभिमानस्य सहसाऽनिवृत्तेरनायत्त्यापि तच्चिन्तादिसम्भवेन **'गृहेष्वतिथिवत् वस'**न्निति न्यायस्य तदानीमसम्भवादपि तेषां श्रवणादिबाधकत्वं स्वस्य भासते । किञ्च, अन्यविनियोगादीनां स्थूललिङ्गशरीरधर्मत्वात्तेषां तत्प्राधान्ये **'जीवस्यानुस्मृतिः[1] सती'**त्युक्तस्यात्मधर्मस्य गौणत्वान्मूर्खे पाषाण-कल्पत्ववदनात्मत्वं च तेषु भासते । तथाचैतदुभयभानं गृहस्थितिं शिथिलीकुर्वदासक्तिदार्ढ्यं सम्पादयतीति पूर्वोक्तमुभयविधं भानमासक्तिप्राचुर्यलक्षणमित्यर्थः । अत्र लक्षणत्रयकथनेन त्रितयभवने आसक्ति[2]पर्याप्तिर्बोध्या ।

રાગ અને અનુરાગ સ્વરૂપની બે અવસ્થારૂપ આસક્તિની પ્રચુરતાને જણાવનાર ત્રણ લક્ષણો (ગૃહારુચિ-ગૃહસ્થોની બાધકતા લાગવી અને તેમનામાં અનાત્મપણું લાગવું)ને કહે છે - **आसक्त्या स्याद् गृहारुचिः – આસક્તિ વડે ઘરમાં અરુચિ થાય છે'** વગેરે વાક્યોથી. રુચિ એટલે આકાંક્ષા, ગૃહમાં અરુચિ એટલે ગૃહની આકાંક્ષાનો અભાવ હોવો. એટલે કે ગૃહ વગેરેમાં ઉપેક્ષાભાવ હોવો. તે અરુચિ આસક્તિ વડે થાય છે. તેવી અરુચિ થવી એ આસક્તિની પ્રચુરતાને જણાવનાર લક્ષણ છે. બીજા લક્ષણને કહે છે **गृहास्थानां - ગૃહસ્થોનું'** વગેરે શબ્દથી. ગૃહસ્થોનું એટલે કે ઘરમાં રહેલા ચેતન-અચેતન સર્વનું ભગવાનમાં સમર્પણ કર્યા પછીથી તેમનામાં આ ભગવદીય-ભગવાનના છે તેમ અનુસંધાન રાખીને પણ આંશિક રૂપમાં તેમનામાં પોતાનાપણાનુ અભિમાન પણ રહેલું હોવાથી તેને લઈને પૂજા-શ્રવણ વગેરે સાધનમાં તેમની બાધકતા પોતાને ભાસે છે, (ઘરમાં રહેલા) બધાનાં કર્મો જુદા જુદા પ્રકારનાં હોવાથી સ્વભાવભેદ વડે કરીને તેમનો (ભગવાન અને ભગવત્સેવાથી અતિરિક્ત) અન્યમાં વિનિયોગ સંભવ હોવાથી તેની ચિન્તા નહીં કરીને પણ તેમાં પોતાનાપણાનું જે અભિમાન છે તેની

---

[1] सञ्चारिभावरूपेण वर्तमाना 'अन्तरा भूतग्रामवत्स्वात्मन' इति सूत्रात् । 'मल्लानामशनि'रित्यत्र भक्तिरसोक्तेः ।

[2] निरोधस्कन्धे तथोक्तेः ।

સહસા નિવૃત્તિ નહીં થતી હોવાથી સ્વતંત્રપણે તેની ચિન્તા થવાથી **‘ઘરના લોકોના મધ્યે અતિથિની માફક રહેતાં’** (ભાગ.૧૧-૧૭-૫૪) એ ન્યાયનું તે વખતે શક્ય ન થવાથી તે લોકોનું શ્રવણ વગેરેમાં બાધકપણું પોતાને ભાસે છે. વળી, અન્ય વિનિયોગ થવો વગેરે સ્થૂલ અને લિંગ શરીરનો ધર્મ હોવાથી તેમજ તે લોકોમાં તેની જ (સ્થૂલ-લિંગ શરીરના ધર્મોની જ) પ્રધાનતા હોવાથી **‘જીવનું અનુસ્મરણ થતાં’** (ભાગ.૧૦-૮૫-૧૦) એમ કહેવાયેલ આત્મધર્મનું (તેમનામાં) ગૌણપણું હોવાથી ‘મૂર્ખમાં પથ્થર જેવો વ્યવહાર’ની માફક અનાત્મપણું તેમનામાં ભાસે છે. આ મુજબ આ બે પ્રકારનું ભાન (ગૃહસ્થોનું બાધકપણું અને તેમનામાં અનાત્મપણું એ બે પ્રકારનું ભાન) ઘર-ગૃહસ્થીમાં પોતાની સ્થિતિને શિથિલ કરતાં આસક્તિની દઢતાનું સમ્પાદન કરે છે એમ પૂર્વમાં કહેવાયેલ બે પ્રકારનું ભાન થવું એ આસક્તિની પ્રચુરતાનું લક્ષણ છે એમ અર્થ છે. અહીં ત્રણ લક્ષણના કથન વડે ત્રણે લક્ષણો સિદ્ધ થતાં આસક્તિની પર્યાપ્તિ જાણવી.

प्राञ्चस्तु केचिदिमं भानं आसक्तिलक्षणत्वेनाहुः । अन्ये पुनर्व्यसनलक्षणत्वेन । अर्थं च स्वस्वरीत्या तं तमाहुः । मम तु भगवानेवं प्रेरितवानिति मयैवं व्याख्यातम् । गृहत्याग एवाचार्याणामाशयस्य स्फुटत्वा[1]दिति ।

પ્રાચીનો પૈકી કેટલાકો તો આ ભાનને આસક્તિના લક્ષણ તરીકે જણાવે છે. તો વળી બીજાઓ આ ભાનને વ્યસનના લક્ષણ તરીકે જણાવે છે. બધા જ પોતપોતાની રીતે તે તે અર્થને જણાવે છે. પરંતુ મને ભગવાને આ રીતે પ્રેરિત કર્યા તેથી મેં આ મુજબ વ્યાખ્યાન કર્યું છે. કારણ કે ગૃહત્યાગમાં જ શ્રીઆચાર્યચરણનો આશય સ્ફુટ હોવાથી.

व्यसनस्य तदाहुः **यदे**त्यादि । यदि एवं प्रेमासक्तिप्रकर्षोत्तरं व्यसनं तद्विना स्थातुमशक्तिः । सा भगवद्गुणलीलादिप्राधान्यं विहाय, कृष्णे स्यात्, कृष्णे इति तादर्थ्ये सप्तमी, भगवत्स्वरूपार्थं स्यात्तदैव कृतार्थः स्यात्, कृतः अर्थः पुष्कलसाधनरूपो येन तादृशः स्यात्, तादृशत्वं विना साधनपौष्कल्यं नेति । **‘एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् । मयि सञ्जायते भक्तिः कोऽन्योऽर्थोऽस्यावशिष्यत’** इत्यत्रेवात्रापि साधनपौष्कल्येऽर्थशब्दप्रयोगः । तथाच गुणलीलादिप्राधान्यं विहायैवं सर्वात्मभावपूर्वकक्षारूपं स्वरूपपरत्वं व्यसनोत्कर्षाभिज्ञापकं लक्षणमित्यर्थः । अयं च गुणलीलादिप्राधान्यत्यागो गुणोपसंहारे प्रदानवत्सूत्रे प्रभुचरणैर्व्युत्पादितः **‘प्रकृतेपि सर्वात्मभाव’** इत्यादिना । तेनैवं दैन्य[1]पूर्वकशरणभाव[2]नेन स्वरूप[3]परत्वं व्यसनोत्कर्षलक्षणं पर्यवस्यति । एतावता दृढबीजस्वरूप[4]मुक्तम् ॥ ५ ॥

તે વ્યસનને જણાવે છે - **यदा-જ્યારે’** વાક્યથી. જો આ પ્રમાણે પ્રેમ-આસક્તિના પ્રકર્ષના અનન્તર વ્યસન પ્રભુ વિના રહી શકવાની અશક્તિ સ્વરૂપનું થાય, ભગવાનના ગુણ-લીલા વગેરેની પ્રધાનતાને છોડીને કૃષ્ણમાં થાય, અહીં તાદર્થ્ય સપ્તમી વિભક્તિ છે તેથી (ભગવાનમાં) ભગવત્સ્વરૂપને અર્થે થાય ત્યારે જ કૃતાર્થ થાય છે, એટલે કે પુષ્કળ સાધનરૂપ અર્થ જેણે કર્યો છે તેવો તે થાય છે, તેવો ન થાય ત્યાં સુધી સાધનોની પુષ્કલતા નથી કહી શકાતી. **‘હે ઉદ્ધવ ! આત્મનિવેદન કરેલાઓ દ્વારા આ પ્રમાણે ધર્મોના આચરણ વડે તેમને મારામાં ભક્તિ (પ્રેમ) થાય છે, ત્યાર પછી બીજો કયો અર્થ (સાધન) બાકી રહે છે ?’** (ભાગ.૧૧-૧૯-૨૪) એમ ત્યાં ભાગવતમાં સાધનોની પુષ્કલતામાં જેમ **‘અર્થ’** શબ્દ પ્રયોગ થયો છે તેમ - તે જ અર્થમાં અહીં પણ **‘અર્થ’** (કૃતાર્થ) શબ્દનો પ્રયોગ થયો છે. આ મુજબ ગુણ-લીલા વગેરેની

---

[1] द्वितीयदलानुभवस्य मुख्यत्वादित्यर्थः ।

[1] आर्तिविशेषो दैन्यम् । [2] ‘मुमुक्षुर्वै शरणमनुव्रजे’दिति गोपालतापिनीये माहात्म्यं शरणत्वम् । [3] सोहमित्यैक्यपरत्वं सञ्चारिभावरूपम् । उभयं भक्तिकारणं बीजभावे निरूपितम् । [4] भक्तिरसस्यालम्बनोद्दीपनानुभावसञ्चारिभावरूपम् ।

પ્રધાનતાને છોડીને સર્વાત્મભાવની પૂર્વકક્ષારૂપ જે સ્વરૂપપરતા છે તે વ્યસનના ઉત્કર્ષને જણાવનાર લક્ષણ છે એમ અર્થ છે. આ જે ગુણ-લીલા વગેરેની પ્રધાનતાનો ત્યાગ છે તે (ભાષ્યમાં) ગુણોપસંહારમાં **'प्रदानवदेव हि तदुक्तम्'** (બ્ર.સુ.૩-૩-૪૩)એ સૂત્રના ભાષ્યમાં શ્રીપ્રભુચરણે **'प्रकृतेपि सर्वात्मभावः – પ્રકૃતમાં પણ સર્વાત્મભાવ'** વગેરે વાક્યોથી પ્રતિપાદિત કર્યો છે. તેથી કરીને આ પ્રમાણે દૈન્ય રાખતાં શરણના ભાવન વડે સ્વરૂપપરતા રૂપ વ્યસનના ઉત્કર્ષનું લક્ષણ પર્યવસિત થાય છે. અહીં સુધીમાં દઢ બીજ સ્વરૂપને જણાવ્યું છે. ॥ ૫ ॥

एवं बीजभावे दृढे सति भक्तिवृद्धिः स्वत एवाग्रे भविष्यतीति न मन्तव्यम्, किन्तु गृहं त्यक्तव्यमेवेत्याहुः तादृशस्यापीत्यादि ।

આ પ્રમાણે બીજભાવ દઢ થતાં ભક્તિવૃદ્ધિ પોતાની મેળે જ આગળ થશે એમ નહીં માની લેવું. કિન્તુ ગૃહને ત્યાગવું જ એમ જણાવે છે. **तादृशस्यापि – તેવાઓને પણ'** વાક્યથી.

तादृशस्यापि सततं गेहस्थानं विनाशकम् ।

तादृशस्य सर्वं विहाय स्वरूपपरस्यापि सततं निरन्तरं गृहस्थानं विनाशकं तादृशस्वरूपपरतानाशकम् । एकादशस्कन्धे भगवता 'बाध्यमानोपि मद्भक्तो विषयैरजितेन्द्रियः । प्रायः प्रगल्भया भक्त्या विषयैर्नाभिभूयत' इत्यादिभिर्भक्तेर्माहात्म्यमुक्त्वा, अग्रे **'स्त्रीणां स्त्रीसङ्गिनां सङ्गं त्यक्त्वा दूरतआत्मवान् । क्षेमे विविक्त आसीनश्चिन्तयेन्मामतन्द्रितः ॥ न तथास्य भवेत्क्लेशो बन्धश्चान्यप्रसङ्गतः । योषित्सङ्गाद्यथा पुंसो यथा तत्सङ्गिसङ्गत'** **इति द्वाभ्यां स्त्र्यादिसङ्गपरित्यागपूर्वकं निरुपद्रवे विविक्तस्थाने स्थित्वा स्वचिन्तनस्य कथनात् स्त्र्यादिसङ्गस्य क्लेशबन्धहेतुत्वकथनाच्च ।**

तस्मान्निरन्तरं गृहस्थितिस्त्याज्यैव । किन्तु मध्ये मध्ये गृहान्निर्गत्य, यत्र भगवत्सान्निध्यं, तत्र गत्वा, भगवद्दर्शनसेवादिविधानेन गृहस्थितिं शिथिलीकुर्यादित्यर्थः । एतेन बीजदार्ढ्यनिर्वाहप्रकार उक्तः ।

તેવા સ્વરૂપમાં પરાયણ થયેલાઓને પણ બધું છોડી સતત-નિરંતર ગૃહમાં સ્થિતિ વિનાશક એટલે કે તે પ્રકારની સ્વરૂપપરતાનો નાશ કરનાર છે. એકાદશ સ્કન્ધમાં ભગવાને **'જેણે પોતાની ઈન્દ્રિયો નથી જીતી તેવો મારો ભક્ત વિષયો વડે તેને બાધિત કરવામાં આવે, તો પણ પ્રાયઃ કરીને પ્રગલ્ભા (દઢસંકલ્પવાળી) ભક્તિ વડે તેનો વિષયોથી પરાભવ થતો નથી'** (ભાગ.૧૧-૧૪-૧૮) વગેરે વડે ભક્તિનું માહાત્મ્ય કહીને આગળ **'અન્તઃકરણને પોતાના વશમાં રાખનારે સ્ત્રીઓ અને સ્ત્રીઓના સંગવાળાઓનો સંગ દૂરથી જ ત્યાગીને કલ્યાણકર એકાન્ત સ્થળમાં રહીને સાવધાનીપૂર્વક મારું ચિન્તન કરવું, સ્ત્રીઓના સંગથી તથા સ્ત્રીનો સંગ કરી રહેલાઓના સંગથી પુરુષને જે પ્રકારે ક્લેશ અને બન્ધન થાય છે તેવો ક્લેશ અને બંધન અન્યના સંગથી થતો નથી'** (ભાગ.૧૧-૧૪-૨૯,૩૦) આ મુજબ બે શ્લોક વડે સ્ત્રી વગેરેના સંગનો પરિત્યાગપૂર્વક ઉપદ્રવ રહિત એકાન્ત સ્થળમાં રહીને પોતાનું (ભગવાનનું) ચિંતન કરવાનું કહ્યું હોવાથી અને સ્ત્રી વગેરેનો સંગ એ ક્લેશ અને બન્ધનનાં કારણ છે એમ કહ્યું હોવાથી. તેથી નિરન્તર ઘરમાં રહેવાની સ્થિતિ ત્યાગવી જ જોઈએ. કિન્તુ વચમાં વચમાં ઘરથી નીકળીને, જ્યાં ભગવત્ સાંનિધ્ય હોય ત્યાં જઈને, ભગવાનનાં દર્શન, સેવા વગેરે અનુષ્ઠાન વડે ગૃહસ્થિતિને શિથિલ કરતા રહેવું એમ અર્થ છે. આના વડે બીજની દઢતાનો પ્રકાર જણાવ્યો છે ॥ ૫ $^{૧}/_{૨}$ ॥

अतः परं यत्पूर्वं त्यागाच्छ्रवणकीर्तनादित्यनेन भक्तिवृद्धि-प्रकार उक्त[१]स्तं व्युत्पादयन्ति त्यागं कृत्वेत्यादि ।

---

[१] गृहे स्थित्वा स्वधर्मतो गृहस्थाश्रमे भजनं संयोगरूपं, विप्रयोगरूपं त्याग इति द्विदलात्मकभक्तेर्द्वितीयदलप्रकारम् ।

હવે આગળ જે પહેલાં **'ત્યાગથી, શ્રવણ કીર્તનથી'** એના વડે ભક્તિવૃદ્ધિનો પ્રકાર કહ્યો તેને વિશેષપ્રકારે જણાવે છે - **'त्यागं कृत्वा- ત્યાગ કરીને'** વગેરે વાક્યથી.

त्यागं कृत्वा यतेद्यस्तु तदर्थार्थैकमानसः ॥ ६ ॥
लभते सुदृढां भक्तिं सर्वतोप्यधिकां पराम् ।

संन्यासनिर्णये **'विरहानुभवार्थं तु परित्यागः प्रशस्यत'** इत्यादिना आरम्भदशाया यत्प्रकारकस्त्याग उक्तस्तं कृत्वा, यथाधिकारं श्रवणकीर्तनाभ्यां यतेत्, भक्तिप्रवृद्ध्यर्थं यत्नं कुर्यात् । तत्रापि न भक्तिवृद्धावेव पर्यवसन्नः, किन्तु **तदर्थार्थैकमानसः** । पूर्वं कृष्णशब्दस्योक्तत्वादत्र तच्छब्देन स एव परामृश्यते, अर्थश्च प्रयोजनम्, स अर्थो यस्याः सा तदर्था, स्वरूपमात्रफला गुणातीतभक्तिरिति यावत् । तस्या य अर्थो भगवान्, तस्मिन्नेकं केवलं मानसं यस्य सः तथा । तथा च तादृशीं भक्तिं यो भगवत्साधकत्वेन न करोति, किन्तु स्वरूपदिदृक्षयैव करोति, स तथेत्यर्थः । तस्य सिद्धिमाहुः **लभत** इत्यादि । सः सुदृढां इतराप्रतिबध्यां सर्वाभ्योपि भक्तिभ्योधिकां निरोधलक्षणग्रन्थ उत्कृष्टत्वेन सूचितां परामूर्जितां भगवत्साधिकां भक्तिं लभते । तथाच दिदृक्षातिरिक्तयावदपेक्षारहितस्य परमभक्तिप्राप्तिर्भवति । तेनेदमेव भक्तिप्रवृद्धेः स्वरूपमित्यर्थः ॥ ६ १/२ ॥

સંન્યાસનિર્ણય ગ્રન્થમાં **'વિરહના અનુભવ અર્થે તો પરિત્યાગ પ્રશસ્ત છે'** વગેરે વડે આરંભદશામાં જે પ્રકારનો ત્યાગ કરવો જોઈએ તે મુજબનો ત્યાગ કરીને પોતાના અધિકાર મુજબ શ્રવણ અને કીર્તન વડે યત્ન કરવો-ભક્તિવૃદ્ધિને અર્થે યત્ન કરવો. તેમાં પણ ભક્તિવૃદ્ધિમાં જ પર્યવસિત થઈને જ નહીં, કિન્તુ **તદર્થાર્થૈક માનસ** થઈને. પૂર્વમાં (**कृष्णं भजेत्**) કૃષ્ણ શબ્દ કહ્યો હોવાથી અહીં **तत्** શબ્દ તેનો જ (શ્રીકૃષ્ણનો) પરામર્શ કરવામાં આવ્યો છે. અર્થ એટલે પ્રયોજન અને તે અર્થ-પ્રયોજન જેનું છે તેવી તે ભક્તિ-તદર્થા, કે જે સ્વરૂપમાત્રમાં ફલરૂપે પર્યવસિત થનારી ગુણાતીત ભક્તિ છે. એવી ભક્તિનો જે અર્થ ભગવાન છે (જે ભક્તિનું પ્રયોજન ભગવાન છે) તેમાં જ એક માત્ર મન છે તેવો તે **તદર્થાર્થૈકમાનસ**. એટલે કે તેવી ભક્તિને જે ભગવાનને સાધવા માટે નથી કરતો, કિન્તુ સ્વરૂપની દિદક્ષા-દર્શનની ઈચ્છાથી જ કરે છે તે **તદર્થાર્થૈકમાનસ** છે. તેની સિદ્ધિને કહે છે - **लभते-પ્રાપ્ત કરે છે'** વગેરે વાક્યથી. તે **सुदृढां** એટલે બીજા કોઈનાથી પણ પ્રતિબદ્ધ નહીં થનારી, સર્વપ્રકારની ભક્તિના પ્રકારોથી પણ અધિક, નિરોધલક્ષણ ગ્રન્થમાં ઉત્કૃષ્ટરૂપે સૂચિત કરાયેલી, પરા, ઊર્જિતા, ભગવત્સાધિકા એવી ભક્તિને પ્રાપ્ત કરે છે. આમ કહેતાં જે દિદક્ષા સિવાયની કોઈ પણ પ્રકારની અપેક્ષાથી રહિત થયેલાને આ પરમ ભક્તિ પ્રાપ્ત થાય છે. તેથી આ જ ભક્તિ પ્રવૃદ્ધિનું સ્વરૂપ છે એમ અર્થ છે ॥ ૬ ૧/૨ ॥

एवं भक्तिप्रवृद्धि[1]स्वरूपपर्यन्तं तद्वृद्ध्युपायमुक्त्वा, तत्र प्रतिबन्धेऽनधिकारे च तदनुकल्परूपमुपायान्तरमाहुः त्यागेत्यादि ।

આ પ્રમાણે ભક્તિ પ્રવૃદ્ધિ સ્વરૂપ પર્યન્ત (રસાત્મતા પર્યન્ત) તેની વૃદ્ધિનો ઉપાય જણાવીને, તેની વૃદ્ધિમાં પ્રતિબન્ધ થતાં અને અનધિકાર હોતાં તેના અનુકલ્પરૂપ બીજા ઉપાયને કહે છે - **'त्यागे - ત્યાગમાં'** વગેરે વાક્યથી.

त्यागे बाधकभूयस्त्वं दुःसंसर्गात्तथान्नतः ॥ ७ ॥
अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः ।
अदूरे विप्रकर्षे वा यथा चित्तं न दुष्यति ॥ ८ ॥

---

१. रसात्मतापर्यन्तम् ।

सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत् ।
यावज्जीवं तस्य नाशो न क्वापीति मतिर्मम ॥ ९ ॥
बाधसम्भावनायां तु नैकान्ते वास इष्यते ।
हरिस्तु सर्वतो रक्षां करिष्यति न संशयः ॥ १० ॥

त्यागे करिष्यमाणे कालादृष्टादिकृतदुःसंसर्गात्, तथाऽन्नतः प्राणपोषकादन्नाद्यतो बाधकभूयस्त्वं भक्तिवृद्धिबाधकबाहुल्यम्, अतस्तद्बाहुल्याद्धेतोः हरिस्थाने स्थेयम्, **'मन्निकेतं तु निर्गुण'**मिति भगवद्वाक्येन तत्र देशदोषाभावात् । अत्र कथं स्थेयमित्याकाङ्क्षायां प्रकारमाहुः **तदीयै**रित्यादि । तत्रापि **तत्परैस्तदीयैः सह**ेति कथनेनानन्यतया सेवाकृतिः स्वस्यापि सूचिता । तेन सावधानैः परस्परं सस्नेहैरबहिर्दृष्टिभिर्भगवत्सेवैकपरैः स्थेयम् । तथा च तादृशस्थित्यां दुःसंसर्गस्याभावात्प्रसादादिना वा अङ्घ्रिपतुल्यवैष्णवादिभ्यो भिक्षया वा देहनिर्वाहेऽन्नदोषस्याप्यभावाद्भक्तिवृद्धिरित्यर्थः एतेन नलकूबरप्रसङ्गे वैराग्याद् यस्त्यागो निर्णीतस्तस्यायं प्रकार इत्यपि बोधितम् ।

ત્યાગ કરવામાં કાલ-અદષ્ટ વગેરે દ્વારા કરાયેલ દુષ્ટના સંસર્ગથી, તેમજ અન્નથી- પ્રાણપોષક અન્નથી બાધકોની બહુલતા એટલે કે ભક્તિવૃદ્ધિમાં બાધકોની બહુલતા આવે છે. અતઃ બાધકોની બહુલતાના કારણે હરિસ્થાનમાં રહેવું **'મારું નિકેતન-નિવાસસ્થળ નિર્ગુણ છે'** એમ ભગવદ્વાક્ય હોવાથી ત્યાં દેશસમ્બન્ધી દોષનો અભાવ હોય છે. અહીં કેવી રીતે રહેવું એમ આકાંક્ષા થાય તો તેનો પ્રકાર કહે છે - **तदीयैः - શ્રીપ્રભુના થઈને રહેલાઓ સાથે'** વગેરે વાક્યથી. ત્યાં પણ તત્પરો-તદીયો સાથે રહેવાના કથન વડે પોતે પણ અનન્યતાએ સેવા કરવી એમ સૂચિત કર્યું છે. તેથી કરીને સાવધાનતાથી રહેનારા, પરસ્પર સ્નેહપૂર્વક રહેનારા, બહિર્મુખ દષ્ટિ રહિત થઈને રહેનારા અને એકમાત્ર ભગવાનની સેવામાં જ પરાયણ થઈને રહેનારા એવાઓ (તત્પરો-તદીયો) સાથે રહેવું. આ મુજબ તે પ્રકારે સ્થિતિ રાખીને રહેતાં તેમાં દુષ્ટનો સંસર્ગ થવાનો પણ અભાવ રહેવાથી તેમજ પ્રસાદ વગેરે વડે અથવા વૃક્ષોના સમાન વૈષ્ણવોથી ભિક્ષા વડે દેહનિર્વાહ કરાતાં અન્નદોષનો પણ અભાવ રહેવાથી ભક્તિવૃદ્ધિ થાય છે એમ અર્થ છે. આના વડે (દશમ સ્કન્ધમાં) નલકૂબરના પ્રસંગમાં વૈરાગ્યથી જે ત્યાગનો નિર્ણય થયો છે તે ત્યાગનો જ આ પ્રકાર છે એમ પણ જણાવ્યું છે.

तस्याप्यसम्भवे तदनुकल्पान्तरमाहुः, तत्र स्थितौ वा प्रकारमाहुः **'अदूरे विप्रकर्षे वे'**ति । भगवन्मन्दिराद् भगवदीयेभ्यश्चादूरे, दूरे वा । यादृश्या सेवया स्वस्य सेवाभिमानो न भवति, भगवदीयेषु च निकर्षबुद्धिविरुद्धबुद्धिदोषदृष्टिक्षोभादिभिर्यथा चित्तं न दुष्यति, तथा स्थेयमित्यर्थः । यदि च कालादृष्टादिदोषेण तादृशां सङ्गो न भवति, तदा तत्र स्थितौ प्रकारान्तरं तदनुकल्पं वा आहुः **'सेवाया'**मित्यादि । तादृशभगवदीयसङ्गाभावेपि यद्यदूरायां विप्रकृष्टायां वा सेवायां आसक्तिर्दृढा भवेत् । अन्यकृतोपहासन्यक्कारादिभिरनपनोद्या भवेत् । एवं **कथायां** श्रूयमाणायां **कीर्त्यमाना**यां वा तस्यामासक्तिर्दृढा भवेत् । सापि **यावज्जीवम्**, यावत्सामर्थ्यम् जीवपदेन सामर्थ्यादिकमप्यर्थादाक्षिप्यते । अतस्तावत्पर्यन्तम्, न तु किञ्चित्कालम् । क्रियाविशेषणमेतत् । तस्य यावज्जीवं तत्कर्तुः पुंसः क्वापि नाशो न । इह लोके यथाधिकारं स्वरूपपरतायाः साधनपरतायाश्च नाशो न । परलोके च यथाधिकारं फलप्रतिबन्धश्च नेत्यर्थः । दृढकथासक्तिप्रकारश्च प्रक्षिप्ताध्यायेषु तृतीये **'ज्ञाने प्रयासमुदपास्ये'**ति श्लोके आचार्यैर्विवृतः । अयमेको मार्गः सर्वेषां पुरुषार्थसिद्ध्यर्थं प्रसिद्धः सुगमः । आदौ स्थानस्थितानां जीविकोपद्रवाभावादिः स्वतः सिद्धः । सन्तश्च सर्वत्र भगवदाज्ञया परिभ्रमन्ति, तेषां चैतदेव कृत्यम् । भगवद्गुणगाने ते मुखरा एव भवन्ति । तत्रापि कथायां ज्ञात्वा वक्तव्यमिति न नियमः । केवलं भगवदीया

भगवत्सम्बन्धिनी वार्ता भवतु, न तूपपन्नाऽनुपन्ना वेति । तत्राप्यनायासेन स्वकर्णे समागता भवति । परं कायवाङ्मनोभिर्नमस्या सा, तदनुगुणतया कायवाङ्मनांसि स्थापनीयानि, न तु तत्र विरोध आचरणीयः । एतावदेव कृत्यम् । अत्र साधनं जीवनमेव, न तु कर्मकरणादिकमपि । प्रायश इति ते चेद्भावान्तरं न कुर्युः । कालादयश्च प्रतिबन्धकत्वाद्वा । अतोऽनेनैव प्रकारेणाग्रेतनानां निस्तारः ।

ઉપર જણાવ્યા મુજબનો (હરિસ્થાનમાં તદીયો-તત્પરો સાથે રહી સેવાદિ કરવાનો) પ્રકાર પણ જો પોતાને માટે સંભવ ન બની શકે ત્યારે તેનો બીજો અનુકલ્પ કહે છે, અથવા ત્યાં સ્થિતિ કરવાનો પ્રકાર કહે છે - **‘अदूरे विप्रकर्षे वा – દૂર નહીં અથવા થોડા દૂર’** વાક્યથી. ભગવન્મન્દિરથી અને ભગવદીયોથી દૂર નહીં તેવા સ્થાનમાં અથવા થોડા દૂર સ્થાનમાં. જે પ્રકારની સેવાથી પોતાને સેવાનું અભિમાન ન થાય અને ભગવદીયોમાં નિકર્ષ બુદ્ધિ (ભગવદીયોમાં ભગવદીયપણાની કમી દેખાવી), તેમનામાં વિરુદ્ધ બુદ્ધિ, તેમનામાં દોષ જોવાવાળી દષ્ટિ, (તેના કારણે મનમાં) ક્ષોભ થવો વગેરે વડે જે પ્રકારે પોતાનું ચિત્ત દુષિત ન થાય તે મુજબ રહેવું એમ અર્થ છે. જો કાલ કે અદષ્ટ વગેરેના દોષ વડે તેવા ભગવદીયોનો સંગ ન થાય, ત્યારે ત્યાં (હરિસ્થાનમાં) સ્થિતિ કરવાનો બીજો પ્રકાર અથવા તેનો (પણ) અનુકલ્પ કહે છે - **‘सेवायां – સેવામાં’** વગેરે વાક્યથી. તેવા પ્રકારના ભગવદીયોનો સંગ ન મળે ત્યારે પણ જો દૂર નહીં અથવા દૂર સ્થિતિમાં સેવામાં આસક્તિ દઢ થાય. એટલે કે બીજાઓ દ્વારા પોતાનો ઉપહાસ યા ધિક્કારની લાગણી વગેરે વડે પણ આસક્તિમાં ઓછપ ન આવે. એ જ પ્રમાણે કથા શ્રવણ કરવામાં અથવા શ્રવણ કરેલ વિષયનું કીર્તન કરવામાં આસક્તિ દઢ થાય, અને તે પણ (ક્ષણિક નહીં પણ) જીવનપર્યન્ત થાય. એટલે કે પોતાનામાં સેવાકરણનું સામર્થ્ય હોય ત્યાં સુધી થાય, અહીં (અર્થ કરણમાં)જીવ પદથી સામર્થ્ય વગેરે પણ ઉમેરવામાં આવે છે. અતઃ ત્યાં સુધી, નહીં કે થોડાક સમય પૂરતું. આ ક્રિયાવિશેષણ છે. આ પ્રમાણે જીવનપર્યન્ત પોતાનામાં સામર્થ્ય છે ત્યાં સુધી આ મુજબ સેવામાં દઢ આસક્તિ રાખનાર પુરુષનો ક્યાંય પણ નાશ થતો નથી. આ લોકમાં પોતાના અધિકાર મુજબ સ્વરૂપપરતાનો અને સાધનપરતાનો નાશ થતો નથી અને પરલોકમાં પોતાના અધિકાર અનુસાર ફલમાં પ્રતિબન્ધ થતો નથી એમ અર્થ છે. કથામાં દઢ આસક્તિનો પ્રકાર તો પ્રક્ષિપ્તાધ્યાયના ત્રીજા અધ્યાયમાં **‘જે લોકો જ્ઞાનને અર્થે પ્રયાસને ત્યાગીને’** આ શ્લોક પરની સુબોધિની ટીકામાં શ્રીઆચાર્યચરણે વિવરણ કર્યું છે. - **‘સર્વને પુરુષાર્થની સિદ્ધિ અર્થે આ એક પ્રસિદ્ધ સુગમ માર્ગ છે. હરિસ્થાનમાં રહેલાઓને આરંભથી જીવિકા માટેના ઉપદ્રવનો અભાવ સ્વતઃ જ સિદ્ધ હોય છે. ભગવાનની આજ્ઞાથી સન્તો સર્વત્ર પરિભ્રમણ કરતા હોય છે અને તેમનું (પરિભ્રમણમાં) આ જ કૃત્ય હોય છે કે તેઓ ભગવદ્ ગુણ ગાવામાં બોલકણા જ હોય છે. તેમાં પણ તેમનો એવો કોઈ નિયમ-પ્રકાર નથી હોતો કે કથામાં જાણી-વિચારી બોલવું. કેવલ ભગવદીયા - ભગવાનના સમ્બન્ધવાળી વાર્તા થાઓ (એટલું જ હોય છે), નહીં કે સંભવિત કે અસંભવિત, પ્રાસંગિક કે અપ્રાસંગિક કથા વાર્તા કરવી તેમ નથી હોતું. તેમાં પણ તે વાર્તા પણ કોઈ પણ પ્રકારના પ્રયાસ વિના પોતાના કાને સારી રીતે આવતી હોય છે. પરંતુ કાયા-વાણી-મન વડે તેને નમસ્કાર કરવા, (એટલે કે) તેને અનુકૂલ થાય તે રીતે કાયા-વાણી-મનને સ્થાપવા, નહીં કે ત્યાં (તે વાર્તા)નો વિરોધ કરવાનું આચરણ કરવું. અહીં સુધી - એટલું જ માત્ર કરવાનું છે. અહીં (આ બાબતમાં) સાધન જીવન જ (જીવતા હોવું જ) છે, કર્મ કરવું વગેરે સાધન છે. प्रायशः ‘ઘણું કરીને’ એમ કહ્યું છે તેથી જો તેઓ (શ્રવણ કરનાર) વાર્તા પ્રત્યે બીજો ભાવ ન કરે. અથવા કાલ વગેરે વિઘ્ન કરનારા છે (તેઓ તેનામાં બીજો ભાવ ઉત્પન્ન ન કરે તો માત્ર જીવતા હોવું એ જ સાધન છે). તેથી કરીને આ પ્રકાર વડે જ (હરિસ્થાનમાં સન્તો વડે**

ભગવાનની કથા શ્રવણના પ્રકાર વડે જ) આગળ ભવિષ્યમાં થનારા લોકોને પણ મોક્ષ પ્રાપ્ત થશે (દશમસ્કન્ધ, પ્રક્ષિપ્તાધ્યાય-૩, શ્લોક-૩ સુબોધિની).

किञ्च, सेवादृढासक्तिप्रकारोऽपि तत्रैव ‘पुरेह भूम’न्निति श्लोके विवृतः, । ‘हे भूमन् व्यापक पूर्वमपि विद्यमान इहास्मिन्मार्गे बहवोपि सङ्घशो योगिनो योगेनावधृतभक्तिसामर्थ्याः, अत एव त्वय्यर्पिता, ईहा चेष्टा यैः । तेनैव समर्पणलक्षणेन कर्मणा त्वत्सेवालक्षणकर्मणा वा लब्धया प्राप्तया भक्त्यैव विबुध्य स्वरूपं ज्ञात्वा, हे अच्युत केनापि प्रकारेण च्युतिरहित, ते गतिं मार्गं, येन प्रकारेण त्वं गच्छसि , तां प्रपेदिरे । पश्चात्त्वदनुगानां न कापि चिन्ता । अञ्जः अनायासेनैव परां लोकातीतां प्रपेदिरे प्राप्तवन्तः । अत आत्मज्ञानापेक्षायामप्ययमेव मार्ग उचितः । अत्र नान्येषां सम्मतिः, किन्त्वहमेव वदामीत्याहुः मतिर्ममेति । ‘श्रद्धा’मुपक्रम्य ‘मत्सेवायां तु निर्गुणे’ति । संवादसमाप्तौ च ‘नह्यङ्गोपक्रमे ध्वंस’ इति ‘यो यो मयि परे धर्म’ इति च भगवद्वाक्यात् सदादृतभक्तिप्रश्ने, तामुपक्रम्य ‘मत्कथाश्रवणे श्रद्धा’ ‘श्रद्धामृतकथायां म’ इति च भगवद्वाक्यात् मम बुद्धिस्तादृशस्य नाशाभावं भासयति, तेन तथेत्यर्थः ।

વળી સેવામાં દઢ આસક્તિનો પ્રકાર પણ ત્યાં જ (૧૦-૧૪-૫માં) **‘पुरेह भूमन् – હે વ્યાપક ! પહેલાં અહીં’** એ શ્લોકમાં વિવરણ કર્યો છે. **‘हे भूमन् વ્યાપક અથવા પહેલાં પણ હતા તેવા, इह આ માર્ગમાં बहवोपि ઘણાં એ-સંખ્યાબંધ योगिनः યોગ વડે જેમણે ભક્તિનું સામર્થ્ય જાણેલું છે તેવા અને તેથી જ તમારામાં અર્પિત કર્યા છે ईहा ચેષ્ટા-કર્મો જેમણે તેવાઓ, તે સમર્પણ લક્ષણના કર્મ વડે જ અથવા તમારી સેવાલક્ષણરૂપ કર્મ વડે પ્રાપ્ત થયેલી ભક્તિ વડે (આપના) સ્વરૂપને જાણીને, હે અચ્યુત ! (એટલે કે કોઈ પણ પ્રકારની ચ્યુતિ વિનાના, (તેઓ) આપની ગતિને એટલે કે માર્ગને, જે પ્રકારે આપ જાઓ છો તેને પામેલા છે. અતઃ પછી આગળ આપનું અનુગમન કરનારા (પાછળ-પાછળ ચાલનારા) આપના સેવકોને કોઈ પણ પ્રકારની ચિન્તા રહેતી નથી. अञ्जः શીઘ્રતાથી, એટલે કે કોઈ પણ પ્રકારના પ્રયાસ વિના જ परा લોકાતીત-અલૌકિક ગતિને તેઓ પ્રાપ્ત કરેલા છે. તેથી કરીને આત્મજ્ઞાનની અપેક્ષામાં પણ આજ માર્ગ ઉચિત છે’** (દશમ સ્કન્ધ, પ્રક્ષિપ્ત અધ્યાય-૩, શ્લોક૫ સુબોધિની). અહીં (તેનો નાશ થતો નથી એમ કહેવું) બીજાની સમ્મતિથી નથી કહ્યું પણ હું જ કહી રહ્યો છું એમ જણાવે છે. **मतिर्मम – મારી મતિ છે’** ‘શ્રદ્ધા’ થી ઉપક્રમ કરીને **‘मत्सेवायां तु निर्गुणा – મારી સેવામાં રહેલી શ્રદ્ધા તો નિર્ગુણ છે’** (ભાગ.૧૧-૨૬-૨૭)તેમજ (કૃષ્ણ-ઉદ્ધવ) સંવાદની સમાપ્તિમાં **‘હે અંગ ! મારી ભક્તિનો ઉપક્રમ કરાતાં પછી તેનો ધ્વંસ થતો નથી’** (ભાગ.૧૧-૨૯-૨૦) તેમજ **‘જે જે ધર્મ પર એવા મારામાં અર્પિત કરવાથી’** (ભાગ.૧૧-૨૯-૨૧) એમ ભગવદ્વાક્યથી અને સત્પુરુષો દ્વારા આદરણીય ભક્તિના પ્રશ્નમાં તે ભક્તિનો ઉપક્રમ કરીને **‘મારી કથાશ્રવણમાં શ્રદ્ધા હોવી’** (ભાગ.૧૧-૧૧-૩૫)**‘મારી અમૃતકથામાં શ્રદ્ધા હોવી’**(ભાગ.૧૧-૧૯-૨૦) એમ ભગવદ્વાક્યથી (ઉપર મુજબનાં સર્વ ભગવદ્ વાક્યોથી) મારી બુદ્ધિ તેવાના નાશનો અભાવ પ્રકાશે છે. તેથી કરીને તેમ છે (તેથી કરીને તેવાઓનો નાશ થતો નથી એમ મારી મતિ છે) એમ અર્થ છે.

यदि च जाते बीजभावदार्ढ्ये अजाते वा पूर्वोक्तानां तदर्थानां साधनानां कालादृष्टादिना प्रतिबन्धात्करणाशक्तिः, तदोपायान्तरमाहुः बाधेत्यादि । मुख्यः कल्पस्तु भगवत्कृपयैव सिध्यतीति न तत्र बाधसम्भावना। ‘तदा भवेद्दयालुत्व’ मिति निरोधलक्षणे निष्कर्षात् । दयायां च सत्यां प्रतिबन्धासम्भवात् । यत्र पुनस्त्यागे बाधकभूयस्त्वमित्यादिनोक्तेनुकल्पे करिष्यमाणे क्रियमाणे वा बाधस्य विघटनस्य सम्भावना

उत्कटकोटिकः संशयः, तदा तु एकान्ते भगवत्स्थानादौ वासो नेष्यते । तदा गृहे वा अन्यत्र वा यत्र क्वचित्स्थित्वा हरिरेव शरणं भावनीयः । **‘हराम्यघं यत्स्मर्तृणा’**मिति भारते भगवद्वाक्यात् । **‘सर्वधर्मान्परित्यज्ये’**ति गीतायां भगवद्वाक्याच्च । हरिरेव सर्वतो रक्षां करिष्यति । **तुः** संशयाविश्वासादिनिरासे । **न संशयः**, रक्षाकरणे संशयो नास्ति । तथा च पूर्वोक्तरीत्या भक्तिमार्गे प्रवृत्तिः सम्पाद्या । तत्र बाधे सत्यनुकल्पः करणीयः। तत्रापि बाधे तदनुकल्पः । तत्रापि बाधे शरणगमनं सर्वानुकल्परूपं करणीयम्, न तु पूर्वमेव सेवादिकं त्यक्त्वानुकल्पे प्रवर्तनीयम्, भगवदिच्छाया ज्ञातुमशक्यत्वादिति ॥ ७-१० ॥

યદિ બીજભાવ દઢ થતાં કે નહીં થતાં પૂર્વમાં કહેવાઈ ગયેલા તે માટેનાં સાધનોને કાલ-અદૃષ્ટ વગેરે વડે પ્રતિબન્ધ થકી કરવા માટે અસમર્થતા હોય ત્યારે બીજા ઉપાયને જણાવે છે - **‘बाध’** વગેરે વાક્યથી. જે મુખ્ય કલ્પ છે તે તો ભગવત્કૃપાથી જ સિદ્ધ થાય છે તેથી ત્યાં તો કોઈ બાધાની સંભાવના જ નથી. કારણ કે **‘ત્યારે દયાલુતા પ્રકટ થાય છે’** તેમ નિરોધલક્ષણ ગ્રન્થમાં નિષ્કર્ષ કર્યો હોવાથી. તેમજ દયા હોતાં પછી પ્રતિબંધ થવો જ સંભવ નથી. જ્યાં વળી **‘ત્યાગમાં બાધકોની બહુલતા છે’** વગેરે વાક્ય કહેવાયેલ અનુકલ્પ કરાતાં અથવા કરી રહ્યા હોઈએ ત્યારે **બાધની** એટલે વિઘટનની (અનુકલ્પ રૂપ સાધન-પ્રકારથી અલગ હટવાની) **સંભાવના** એટલે કે ઉત્કટ કોટિનો સંશય થાય, ત્યારે તો **એકાન્તમાં** ભગવત્ સ્થાન વગેરેમાં રહેવું ઈષ્ટ નથી. ત્યારે ઘરમાં અથવા બીજા કોઈ સ્થળે અથવા જ્યાં ક્યાંય પણ રહીને શ્રીહરિનું જ શરણ ભાવન કરવું. **‘જે મારુ સ્મરણ કરનારા છે તેમનું હું નિશ્ચય કરીને પાપ હરી લઉં છું’** એમ મહાભારતમાં ભગવદ્ વાક્ય હોવાથી. તેમજ **‘સર્વધર્મોને પરિત્યાગીને’** (ગીતા.૧૮-૬૬) એમ ગીતામાં ભગવદ્ વાક્ય હોવાથી શ્રીહરિ જ સર્વપ્રકારે-સર્વ તરફથી રક્ષા કરશે. આ વાતમાં શંકા-અવિશ્વાસના નિરસનને માટે **‘तु’** શબ્દ પ્રયોગ કર્યો છે. **‘न संशयः’** એટલે ભગવાન રક્ષા કરશે જ તેમાં કોઈ સંશય નથી. સારાંશમાં-પૂર્વમાં કહેવાયેલ રીતિ વડે ભક્તિમાર્ગમાં પ્રવૃત્તિનું સંપાદન કરવું. તેમાં બાધા થતાં અનુકલ્પ કરવો. તેમાં પણ બાધા થાય તો તેનો પણ જે અનુકલ્પ (કહ્યો) છે તે કરવો. તેમાં પણ જો બાધા થાય ત્યારે તો સર્વના અનુકલ્પરૂપ જે શરણગમન છે તે કરવું - (ભગવાનને શરણે જવું-શરણનું ભાવન કરવું), નહીં કે પહેલેથી જ સેવા વગેરે ત્યાગીને અનુકલ્પમાં પ્રવર્તવું. કારણ કે ભગવદિચ્છા જાણવી અશક્ય હોવાથી (જેમ-જેમ કરતાં બાધ સંભવે તેમ તેમ તે-તે માટે ભગવાનની ઈચ્છા જાણી તેથી-તેથી નીચેના અનુકલ્પમાં જવું પણ પહેલેથી જ ભગવાનની ઈચ્છા જાણ્યા વિના જ અનુકલ્પમાં ન જવું એમ આશય છે) ॥ ૭-૧૦ ॥

एवं सर्वं भक्तिवृद्ध्युपायं निरूप्य तदुपसंहरन्त एतद्विचारफलमाहुः **इतीत्यादि** ।

આ પ્રમાણે સર્વ પ્રકારે ભક્તિવૃદ્ધિના ઉપાયનું નિરૂપણ કરીને તેનો ઉપસંહાર કરતાં આ (ભક્તિવૃદ્ધિ ઉપાયના) વિચારનું ફલ કહે છે - **‘इति’** વાક્યથી.

इत्येवं भगवच्छास्त्रं मया गुप्तं निरूपितम् ।
य एतत्समधीयीत तस्यापि स्याद् दृढा रतिः ॥ ११ ॥

इतिः समाप्तौ । एवं पूर्वोक्तप्रकारेण भगवच्छास्त्रं गीतायामेकादशस्कन्धेऽन्यत्र च भगवदुपदिष्टं शास्त्रं मया गुप्तं निरूपितं प्रकटीकृतम्। यः सदा एतद्गुप्तं शास्त्रं समधीयीत सम्यक्प्रकारेण चिन्तयेत्, इक् स्मरणे, इङिकावध्युपसर्गतो न व्यभिचरतः । तस्यैतद्विचारयितुरपि [1]रतिः प्रेमात्मिका दृढा स्यात् । तथा च तया दृढया संसाररागविनाशे जाते

क्रमादन्यदपि भगवान् सम्पादयिष्यति । 'न ह्यङ्गोपक्रमे ध्वंस' इति भगवद्वाक्यात् । तथा चात इदमभीक्ष्णं विचारणीयमित्यर्थः ।

इति સમાપ્તિના અર્થમાં પ્રયોજાયો છે. **एवं** એટલે પૂર્વમાં કહ્યા પ્રકારે **भगवच्छास्त्रं** એટલે ગીતામાં,એકાદશ સ્કન્ધમાં અને અન્યત્ર ભગવાન વડે ઉપદેશ કરાયેલ શાસ્ત્ર કે જે ગુપ્ત હતું તે મારા વડે **નિરૂપિત થયું** એટલે પ્રકટ કર્યું. જે સદા આ ગુપ્તશાસ્ત્રનું **समधीयीत** એટલે ચિન્તન કરે, **ઈક્** સ્મરણના અર્થમાં છે, **ઈઙ્** અને **ઈક્** પ્રત્યય ઉપસર્ગ હોવાથી વ્યભિચરિત થતા નથી. **तस्य** એટલે આ પ્રકારે વિચાર કરનારની પણ **रति** પ્રેમાત્મિકા દઢ થાય છે. તેમજ તેના વડે (તે દઢ પ્રેમાત્મિકા રતિ વડે) સંસાર રાગનો વિનાશ થતાં અનુક્રમે બીજું આગળ પણ (ગૃહારુચિ, વગેરે તેમજ વ્યસનનું) ભગવાન જ સમ્પાદન કરશે **'હે અંગ ! મારી ભક્તિનો ઉપક્રમ કરાતાં પછી તેનો ધ્વંસ થતો નથી'** (ભાગ.૧૧-૧૯-૨૦) તેમ ભગવદ્વાક્ય હોવાથી. તેથી કરીને આ વારંવાર યા નિરંતર વિચારવું એમ અર્થ છે.

इति श्रीवल्लभाचार्यचरणाब्जप्रसादतः ।
परप्रेरणयाभातं व्यवृणोत्पुरुषोत्तमः ।। १ ।।

આ પ્રમાણે શ્રીવલ્લભાચાર્યચરણકમલના પ્રસાદ થકી
પર પ્રેરણા (મારા પોતાના જ્ઞાન પ્રકાશે નહીં
પણ શ્રીઆચાર્યચરણની પ્રેરણા) ના પ્રકાશે પુરુષોત્તમે
વિવરણ કર્યું ।। ૧ ।।

इति श्रीवल्लभाचार्यचरणैकतानश्रीपीताम्बरात्मजपुरुषोत्तमविरचिता भक्तिवर्द्धिनीविवृतिः सम्पूर्णा ।।

ઈતિ-શ્રીવલ્લભાચાર્યચરણમાં એકતાન શ્રીપીતામ્બરાત્મજ પુરુષોત્તમે રચેલી **ભક્તિવર્ધિની વિવૃતિ** સમ્પૂર્ણ થઈ ।।

પરાયણતાથી આગળ વધી જ્યારે તે ભગવાનના સ્વરૂપમાં પરાયણ બને છે, ત્યારે તે ભગવાનના સ્વરૂપના દર્શનની અતિઉત્કટ ઈચ્છાવાળો બને છે. તેવા ભાવવાળો જ્યારે સંન્યાસનિર્ણયમાં કહ્યા મુજબ ગૃહ-ગૃહસ્થી સર્વનો વાસના સહિત ત્યાગ કરી શ્રવણ-કીર્તનમાં પ્રવૃત્ત થાય છે ત્યારે તેના થકી તેનામાં વિરહભાવ પ્રગટ થઈ તેની ચરમસીમાએ ભગવત્સ્વરૂપાનુભવવાળો બને છે.

જો પોતાનો મધ્યમાધિકાર ન હોય અને પોતે જઘન્ય અધિકારવાળો હોય ત્યારે ત્યાગ કર્યા પછી દુષ્ટોનો સંસર્ગ થવો- અન્નદોષ થવો વગેરેથી ભક્તિસાધનામાં બાધકોની બહુલતાની સંભાવના હોતાં તેવાઓને માટે આ ગ્રન્થમાં હરિસ્થાનમાં અને તેમાં પણ તત્પર-તદીય ભગવદીયો સાથે રહી અથવા તેમનાથી દૂર નહીં યા તેથી થોડા દૂર રહી પોતે સેવા-કથા વગેરેમાં ચિત્તને પરોવી રાખવાથી પણ ભક્તિવૃદ્ધિ થાય છે તેમ જણાવ્યું છે. તેમાં પણ જો પોતાનો અધિકાર ઊણો પડતો લાગે અને બાધકો બાધા પહોંચાડતા જ રહે ત્યારે પણ ભગવત્સ્થાન વગેરેમાં જઈ રહેવાની અપેક્ષા ઘરમાં રહીને જ અથવા જ્યાં પણ અનુકૂલતા લાગે ત્યાં રહીને પોતાનાથી જે થઈ શકતું હોય તે કરતાં વિધર્મથી સર્વથા દૂર રહીને મનમાં એક માત્ર શ્રીહરિનું શરણભાવન-શ્રીહરિ જ બધું કરશે એમ શરણભાવન કરવું. આ રીતે રહેવાથી પણ સાધકમાં આગ્રહ જોઈ ભગવાન શરણાગતવત્સલ હોઈ ભક્તિસિદ્ધિને સાધશે. આ રીતે આ ગ્રન્થમાં આ માર્ગના વૈષ્ણવોને માટે ભક્તિના મુખ્યકલ્પની સાથે બીજા અનેક અનુકલ્પો શ્રીઆચાર્યચરણે વૈષ્ણવો ઉપર ખૂબ જ અનુગ્રહપૂર્વક જણાવ્યા છે. જેથી આ ગ્રન્થ તે સમયથી લઈને આગળના ઘોર કલિકાલના સમયમાં પણ કલ્યાણ સાધવામાં માર્ગદર્શક જેવો બની રહે છે. ઈતિ શમ્ ।